
કર્મગ્રંથ - ૬

લેખક-સંપાદક
પરમ પૂજય આચાર્ય શ્રી નરવાહનસૂરિશ્વરજી મ.

વિવેચન ભાગ - ૧



પદાર્થ દર્શન ગ્રંથમાળા પ્રકાશન નં-૧૫

કર્મગ્રંથ-૬

વિવેચન

ભાગ-૧

લેખક-સંપાદક

પ.પૂ. આચાર્ય શ્રી નરવાહનસૂરિ મ.

પ્રકાશક

પદાર્થ-દર્શન ટ્રસ્ટ

આશ્રમ રોડ - અમદાવાદ.

પુસ્તક-૧૫ મું
કર્મગ્રંથ-૬ : વિવેચન
ભાગ-૧

વીર સં. ૨૫૨૨
સને ૧૯૯૬

સંવત ૨૦૫૨
શ્રાવણ વદ-૮

કિંમત
રૂા. ૪૮-૦૦

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

ટાઈપ સેટીંગ
ભવાની ગ્રાફિકસ
(મનોજ ઠક્કર)
બી/૬, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, દિપાલી
ટોકીઝની પાછળ, આશ્રમરોડ,
અમદાવાદ-૯ - ફોન : ૪૬૭૯૨૧

મુદ્રક
નીલકંઠ ઑફસેટ
નવા વાડજ
અમદાવાદ-૩૮૦ ૦૧૩.

સમર્પણ

કર્મ સાહિત્ય નિષ્ણાત સિદ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરિશ્વરજી મહારાજાના પટ્ટધર, પરમશાસન પ્રભાવક પરમ તારક, સૂરિચક્ર ચક્રવર્તિ, સુવિશાળ ગચ્છાધિપતિ, પ્રચંડ પૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ દિક્ષાના દાનવીર સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજી મહારાજાના પરમ વિનેય શિષ્યરત્ન કર્મ સાહિત્યજ્ઞાતા પરમપૂજ્ય આચાર્ય શ્રી નરવાહનસૂરિશ્વરજી મહારાજ સાહેબ.

• નિવેદન

વિવેચન રૂપે કર્મગ્રંથ-૧ પ્રગટ કર્યા પછી ઘણા લાંબા સમયે અમે જ્યારે કર્મગ્રંથ-૬ ભાગ-૧ પ્રકાશિત કરી રહ્યા છીએ ત્યારે સહેજે એમ થાય કે કર્મગ્રંથ ૨ થી ૫ નું વિવેચન બાકી રાખીને કર્મગ્રંથ ૬નું વિવેચન પ્રકાશિત કરવાનું કારણ શું ?

કર્મગ્રંથ-૬ પ્રશ્નોત્તરીની ઘણા સમયથી ખૂબ જ માંગ હતી પરંતુ અનુકૂળતાની અગવડને કારણે એ માંગણી અમે પૂર્ણ કરી શક્યા નહતા જે હવે આપ સૌના સહયોગથી સુગમ બની જતાં કર્મગ્રંથ-૬ પ્રશ્નોત્તરી રૂપે ભાગ ૧ થી ૮ અમે પ્રગટ કરી ચૂક્યા છીએ.

કર્મગ્રંથ-૬નો વિષય જરા અટપટો અને ગણિતલક્ષી હોઈને તેની સમજમાં સરળતા રહે અને અભ્યાસી સારી રીતે સમજી શકે એ માટે પ્રશ્નોત્તરી પછી તરત જ વિવેચન પ્રગટ કરવું મુનાસીબ લાગવાથી આ ગ્રંથ આપ સૌની સમક્ષ મૂકતાં અમે આનંદ અનુભવીએ છીએ.

અથાગ પરિશ્રમ વેઠીને પણ આ દળદાર પુસ્તકનું લખાણ તૈયાર કરી આપવા બદલ પરમપૂજ્ય આચાર્યશ્રી નરવાહનસૂરિશ્વરજી મહારાજ સાહેબનો અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.


શ્રી નવજીવન સોસાયટી જૈન આરાધક સંઘના ટ્રસ્ટના શ્રી જ્ઞાનખાતામાંથી આ પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ ખર્ચ આપવા બદલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓને ધન્યવાદ આપીએ છીએ. અને ભવિષ્યમાં પણ તેઓ તરફથી આવો જ સહકાર મળતો રહેશે એવી આશા રાખીએ છીએ.

પુસ્તકમાં રહી ગયેલી ભૂલો એ અમારી ક્ષતિ સમજી ધ્યાન દોરવા નમ્ર વિનંતી.

એજ લી.


પદાર્થ દર્શન ટ્રસ્ટના

ટ્રસ્ટીઓ



આર્થિક સહયોગ

શ્રી નવજીવન સોસાયટી જૈન આરાધક
સંઘના શ્રીજ્ઞાન ખાતામાંથી



-: સૂચના :-

આ પ્રસંગે એક સ્પષ્ટતા કરવી અત્યંત જરૂરી છે કે જ્ઞાનદ્રવ્યનો ઉપયોગ મુખ્યતાએ પ્રાચીન ગ્રંથોના હસ્તલેખન-જ્ઞાન-ભંડારોની જાળવણી-પૂજ્ય સાધુ સાધ્વી ભગવંતોના અધ્યયનની વ્યવસ્થા આદિમાં સમુચિત રીતે જ કરવો યોગ્ય છે. આવા ગ્રંથોનું પ્રકાશન કરવાનું કર્તવ્ય જો કે યથાશક્તિ શ્રાવકોએ જ અદા કરવાનું છે. તે શક્ય ન હોય અને જ્ઞાન દ્રવ્યનો ઉપયોગ અનિવાર્ય બને તો પણ એમાં જરૂરી મર્યાદાનું પાલન આવશ્યક છે તેથી જ પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતો તથા શ્રી સંઘો હસ્તકના શ્રી જ્ઞાનભંડારોને જ ગ્રંથ સાદર સમર્પિત કરાશે ગૃહસ્થોએ એ ગ્રંથ વસાવવો હોય તો તેનું પુરૂં મૂલ્ય શ્રી જ્ઞાન ખાતે અર્પણ કરીને જ વસાવવો અને શ્રી જ્ઞાનભંડારમાંથી વાંચન કરવા માટે ઉપયોગ કરવો હોય તો તેનો યોગ્ય નકરો શ્રી જ્ઞાન ખાતે આપવા ચૂકવું નહિ જેથી કોઈપણ પ્રકારના દોષના ભાગીદાર ન થવાય.

પ્રાપ્તિ સ્થાનો

પદાર્થ દર્શન ટ્રસ્ટ
C/o. ભરતભાઈ બી. શાહ
એ/સરિતા દર્શન
જયહિંદ પ્રેસ સામે, આશ્રમ રોડ
અમદાવાદ-૩૮૦૦૦૯
ટે. નં.- ૬૫૬૨૩૩૭

અશ્વિનભાઈ એસ શાહ
C/o. નવિનચંદ્ર નગીનદાસ
ઠે. પાંચકુવા દરવાજા બહાર
અમદાવાદ-૩૮૦૦૦૧
ટે. નં.- ૨૧૪૪૩૧૪

જયંતિલાલ પી. શાહ
ઠે. ૬૯૬, નવા દરવાજા રોડ
મયાભાઈની બારી પાસે
ડી.-વાડીલાલ એન્ડ કું ના મેડા ઉપર
ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ- ૩૮૦૦૦૧
ટે. નં.-૩૮૦૩૧૫

સુરેશભાઈ એચ. વખારીયા
ઠે. ડી/૫૩, - સર્વોદયનગર
૫ મે માળે-પાંજરાપોળ રોડ
મુંબઈ-નં.-૪૦૦૦૦૪
ટે.નં.-૩૭૫૩૮૪૮

સુનીલભાઈ કે. શાહ
૧૦૩, વિમલવિલા, પહેલે માળે
દીપા કોમ્પલેક્ષ,
અડાજણ રોડ,
સુરત-૩૯૫૦૦૯

કર્મગ્રંથ-૬

●

વિવેચન

ભાગ-૧

સપ્તતિકા નામા ષષ્ઠ કર્મગ્રંથ

સિદ્ધપએહિં મહત્થં બંધોદય સંત પયડિ ઠાણાણં
વુચ્છં સુણ સંખેવં નીસંદં દિટ્ઠિવાયસ્સ ॥૧॥

ભાવાર્થ :- સિધ્ધ છે પદો જેમાં, એવા ગ્રન્થો થકી, બંધ-ઉદય-સત્તા પ્રકૃતિના, સ્થાનોના મોટા અર્થવાળા, દ્રષ્ટિવાદના ઝરણા રૂપ, સંક્ષેપને હું કહીશ તે તું સાંભળ ॥૧॥

વિશેષાર્થ :- અચલ એવા પદ છે જેમાં, એવા ગ્રન્થો કર્મ પ્રાભૃત-કર્મપ્રકૃતિ આદિ, સર્વજ્ઞ કથિત અર્થને જણાવનારા બંધ-ઉદય અને સત્તા રૂપે પરિણમેલી કર્મપ્રકૃતિના સ્થાનોનો સંક્ષેપ દ્રષ્ટિવાદ નામના બારમા અંગના ઝરણારૂપ સારને કહીશ દ્રષ્ટિવાદને વિશે પહેલુ પરિકર્મ (૨) સુત્ર (૩) પ્રથમાનુયોગ (૪) પૂર્વગત (૫) ચૂલિકા એ પાંચ દ્વાર કહેલા છે તેમાં ચોથો ભેદ જે પૂર્વગત છે તેમાં ૧૪ પૂર્વ છે. તેમાંનું બીજુ અગ્રાયણીય નામનું પૂર્વ છે તેમાં ૧૪ વસ્તુ છે તેમાંની પાંચમી વસ્તુમાં ૨૦ પ્રાભૃત છે તેમાં કર્મપ્રકૃતિ નામે ચોથું પ્રાભૃત આવેલુ છે. તે ચોથું પ્રાભૃત ૨૪ અનુયોગ વાળું છે. તેમાંનું જે ત્રીજુ અનુયોગ બંધ-ઉદય અને સત્તા રૂપ આવેલો છે તેના સંક્ષેપને હું કહીશ

કઈ બંધંતો વેયઈ
કઈ કઈવા સંત પયડિ ઠાણાણિ
મૂલુત્તર પગઈસું
ભંગવિગપ્પા મુણેઅવ્વા ॥૨॥

ભાવાર્થ :- કેટલી પ્રકૃતિ બાંધતા કેટલી પ્રકૃતિ વેદાય અથવા કેટલી પ્રકૃતિ બાંધતા, કેટલી પ્રકૃતિ વેદાતા કેટલી પ્રકૃતિના સત્તા સ્થાન હોય, તે મૂળ કર્મને વિષે તથા ઉત્તર પ્રકૃતિઓને વિષે ભાંગાના વિકલ્પો જાણવાયોગ્ય છે. ॥૨॥

વિશેષાર્થ :- આ ગ્રન્થમાં મૂળકર્મ તથા તેની ઉત્તર પ્રકૃતિના બંધસ્થાનકો-

ઉદયસ્થાનકો-સત્તાસ્થાનકો-બંધભાંગા-ઉદયભાંગા-ઉદયપદ-પદવૃંદ તથા સંવેધ ભાંગાનું વર્ણન જણાવેલ છે.

કોઈપણ એક કાલે એકજીવને એક સમયે બંધાતી પ્રકૃતિઓનો સમુદાય તે બંધસ્થાનક કહેવાય છે.

કોઈપણ એક કાલે એકજીવને એકસમયે વેદાતી પ્રકૃતિઓનો સમુદાય તે ઉદયસ્થાનક કહેવાય છે.

કોઈપણ એકકાલે એકજીવને એકસમયે સત્તામાં રહેલી પ્રકૃતિઓનો જે સમુદાય તે સત્તાસ્થાનક કહેવાય છે.

પ્રતિપક્ષી પ્રકૃતિઓનું વિભાગીકરણ કરવા પૂર્વક એક સમયે એકજીવને બંધાતી પ્રકૃતિઓનો સમુદાય તે બંધભાંગા કહેવાય છે.

પ્રતિપક્ષી પ્રકૃતિઓનું વિભાગીકરણ કરવા પૂર્વક એકસમયે એકજીવને વેદાતી પ્રકૃતિઓનો સમુદાય તે ઉદયભાંગા કહેવાય છે.

કોઈપણ એક ચોવીશના કોઈપણ એક ભાંગામાં ઉદયમાં આવેલી પ્રકૃતિઓનો સમુદાય તે ઉદયપદ કહેવાય છે.

ઉદયપદને ૨૪ ગુણા કરીએતો પદવૃન્દ થાય છે

બંધ - ઉદય અને સત્તાસ્થાનોનો સંકલના પૂર્વક વિચાર કરવો તે સંવેધ ભાંગા કહેવાય છે.

કેટલીક પ્રકૃતિઓ બાંધતા, કેટલી પ્રકૃતિઓનું વેદન કરે અથવા કેટલી પ્રકૃતિ બાંધતા, કેટલી પ્રકૃતિ વેદતા, કેટલી પ્રકૃતિના સત્તાસ્થાનો હોય તેના વિકલ્પોને જણાવીએ છીએ.

મૂળ પ્રકૃતિનો બંધોદય સત્તા સંવેધ

અટ્ઠવિહ સત્ત છબ્બંધએસુ,
અટ્ઠેવ ઉદય સંતંસા
એગવિહે તિવિગપ્પો
એગ વિગપ્પો અબંધંમિ ॥૩॥

ભાવાર્થ :- ૮, ૭, અને છ પ્રકૃતિના બંધને વિષે ૮ કર્મનો ઉદય અને ૮ કર્મની સત્તા હોય છે.

૧ પ્રકૃતિના બંધને વિષે ત્રણ વિકલ્પો હોય છે. તથા અબંધને વિષે ૧ વિકલ્પ હોય છે. આ રીતે કુલ મૂળ કર્મના ૭ વિકલ્પો થાય છે. ॥૩॥

વિશેષાર્થ :- મૂળ કર્મને વિષે બંધોદયસત્તાનો સંવેધ કહેવાય છે. મૂળ કર્મના બંધસ્થાન ૪ છે

(૧) ૮ પ્રકૃતિનું બંધસ્થાન ૧ - ૨ - ૪ - ૫ - ૬ અથવા ૭ માં ગુણસ્થાનક સુધી આયુષ્ય કર્મ બંધાતુ હોય ત્યારે બંધાય છે.

(૨) ૭ પ્રકૃતિનું બંધસ્થાન ૧ થી ૯ ગુણસ્થાનકને વિષે આયુષ્ય કર્મ ન બંધાતુ હોય ત્યારે બંધાય છે.

(૩) ૬ પ્રકૃતિનું બંધસ્થાન આયુષ્ય અને મોહનીય કર્મ સિવાય ૧૦મા ગુણસ્થાનકે એક અંતર્મુહૂર્ત સુધી બંધાય છે.

(૪) ૧ પ્રકૃતિનું બંધસ્થાન ૧ વેદનીય કર્મ ૧૧ - ૧૨ - ૧૩ મા ગુણસ્થાનકે બંધાય છે.

મૂળ પ્રકૃતિના ઉદયસ્થાન ત્રણ હોય છે.

(૧) ૮ પ્રકૃતિનું ઉદયસ્થાન ૧ થી ૧૦ ગુણસ્થાનક સુધી હોય છે.

(૨) ૭ પ્રકૃતિનું ઉદયસ્થાન (મોહનીયકર્મ સિવાય) ૧૧ અને ૧૨મા ગુણસ્થાનકે હોય છે.

(૩) ૪ પ્રકૃતિનું ઉદયસ્થાન (વેદનીય-આયુષ્ય-નામ અને ગોત્ર) ૧૩ અને ૧૪મા ગુણસ્થાનકે હોય છે.

મૂળકર્મના સત્તા સ્થાનો ત્રણ હોય છે

(૧) ૮ પ્રકૃતિનું સત્તાસ્થાન ૧ થી ૧૧ ગુણસ્થાનકમાં હોય છે.

(૨) ૭ પ્રકૃતિનું સત્તાસ્થાન (મોહનીય કર્મ સિવાય) ૧૨મા ગુણસ્થાનકે જ હોય છે.

(૩) ૪ પ્રકૃતિનું સત્તાસ્થાન (વેદનીય, આયુષ્ય-નામ અને ગોત્ર) ૧૩ અને ૧૪ મા ગુણસ્થાનકે હોય છે.

સંવેધ ભાંગાઓનું વર્ણન

(૧) ૮નો બંધ, ૮ નો ઉદય, અને ૮ કર્મની સત્તા આ ભાંગો જ્યારે જીવ આયુષ્ય બાંધતો હોય ત્યારે હોય છે. તે કારણથી એક અંતર્મુહૂર્ત સુધી હોય છે. અને ૧ - ૨ - ૪ - ૫ - ૬ અથવા ૭મા ગુણસ્થાનકે હોય છે.

(૨) ૭ નો બંધ, ૮નો ઉદય અને ૮ કર્મની સત્તા. આ ભાંગો આયુષ્ય કર્મ સિવાય સાતકર્મ બંધાતા હોય ત્યારે હોય છે. આ કારણથી આયુષ્ય બંધ પહેલા અને આયુષ્યબંધ પછી પણ બંધમાં હોય છે. આ ભાંગાઓનો કાળ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૬ માસ ન્યૂન ૩૩ સાગરોપમ તથા અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વકોડ વર્ષનો ત્રીજો ભાગ અધિક હોય છે. ૧ થી ૯ ગુણસ્થાનકમાં આ ભાંગો ઘટે છે.

(૩) ૬ કર્મનો બંધ, ૮ નો ઉદય અને ૮ની સત્તા આ ભાંગો ૧૦ મા

ગુણસ્થાનકમાં રહેલા જીવોને જ હોય છે. તેનો કાળ જઘન્ય થી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૧ અંતર્મુહૂર્ત હોય છે.

(૪) ૧નો બંધ, ૭નો ઉદય અને ૮ની સત્તા આ ભાંગો ૧૧મા ગુણસ્થાનકે રહેલા જીવોને જ હોય છે. તેનો કાળ જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ ૧ અંતર્મૂહૂર્ત હોય છે.

(૫) ૧ નો બંધ, ૭ નો ઉદય અને ૭ની સત્તા આ ભાંગો ૧૨મા ગુણસ્થાનકમાં વર્તતા જીવોને જ હોય છે. તેનો કાળ જઘન્ય અને ઉત્કૃષ્ટથી ૧ અંતર્મુહૂર્ત હોય છે.

(૬) ૧ નો બંધ, ૪ નો ઉદય ૪ ની સત્તા આ ભાંગો ૧૩મા ગુણસ્થાનકમાં રહેલા જીવોને જ હોય છે. તેનો કાળ જઘન્યથી ૧ અંતર્મુહૂર્ત-ઉત્કૃષ્ટથી દેશોન્ પૂર્વકોડ વર્ષ.

(૭) અબંધ, ૪ નો ઉદય અને ૪ કર્મની સત્તા આ ભાંગો ૧૪ મા ગુણસ્થાનકે વર્તતા જીવોને જ હોય છે. કાળમાન જઘન્ય અને ઉત્કૃષ્ટથી પાંચ હ્રસ્વાક્ષર જેટલો કાળ હોય છે.

જીવસ્થાનને વિષે મૂળ પ્રકૃતિના ભાંગા

सत्ताट्ठबंध अट्ठुदय
संत - तेरससु जीव ठाणेसु
अेगंमि पंच भंगा
दो भंगा हुंति केवलिणो ॥४॥

ભાવાર્થ :- પ્રથમના ૧૩ જીવભેદને વિષે પહેલા બે સંવેધ ભાંગા હોય છે. સંજ્ઞી પર્યાપ્તા જીવોને વિષે પહેલા પાંચ સંવેધ ભાંગા હોય છે. અને છેલ્લા બે ભાંગા કેવલી ભગવંતોને હોય છે. ॥૪॥

વિશેષાર્થ :- ૧૪ જીવસ્થાનકને વિષે સંવેધ ભાંગાઓનું વર્ણન :- સૂક્ષ્મ અપર્યાપ્તા એકેન્દ્રિયજીવથી શરૂ કરી સંજ્ઞી અપર્યાપ્તા જીવ સુધીના ૧૩ જીવભેદને વિષે પહેલો ૮ નો બંધ - ૮નો ઉદય-૮ની સત્તા તથા (૨) ૭નો બંધ-૮નો ઉદય ૮ની સત્તા એમ બે ભાંગા હોય છે.

સંજ્ઞી પર્યાપ્તા જીવને વિષે પહેલા પાંચ ભાંગા

(૧)	૮ નો બંધ	૮ નો ઉદય	૮ની સત્તા
(૨)	૭ નો બંધ	૮નો ઉદય	૮ની સત્તા
(૩)	૬ નો બંધ	૮નો ઉદય	૮ની સત્તા
(૪)	૧ નો બંધ	૭ નો ઉદય	૮ની સત્તા

(૫) ૧ નો બંધ ૭ નો ઉદય ૭ની સત્તા

અહિંયા કેવલી ભગવંતોને નોસંજ્ઞી-નોઅસંજ્ઞી રૂપે કહેલા હોવાથી સંજ્ઞી પર્યાપ્તા જીવને વિષે કેવલી ભગવંતના ભાંગા ભેગા ગણેલા નથી, આ કારણથી કેવલી ભગવંતોના બે ભાંગા જુદા ગણવામાં આવ્યા છે.

(૧) ૧નો બંધ ૪નો ઉદય ૪ની સત્તા
(૨) અબંધ ૪નો ઉદય ૪ની સત્તા

ગુણસ્થાનકને વિષે ભાંગા

અટ્ઠસુ એગ વિગપ્પો
છસ્સુવિ ગુણ સન્નિએસુ દુવિગપ્પો
પતેયં પતેયં
બંધોદય સંત કમ્માણં ॥૫॥

ભાવાર્થ :- આઠ ગુણસ્થાનકને વિષે દરેકને એક એક ભાંગો હોય છે. અને છ ગુણસ્થાનકને વિષે સંવેધ ભાંગા બબ્બે હોય છે. ॥૫॥

વિશેષાર્થ :- પહેલા-બીજા-ચોથા-પાંચમા-છટ્ઠા અને સાતમા આ છ ગુણસ્થાનકને વિષે પહેલા બે સંવેધ ભાંગા હોય છે.

(૧) ૮નો બંધ ૮નો ઉદય ૮ની સત્તા
(૨) ૭નો બંધ ૮નો ઉદય ૮ની સત્તા

ત્રીજા અને ૮ થી ૧૪ એમ ૮ ગુણસ્થાનકને વિષે જુદો જુદો એક એક સંવેધભાંગો હોય છે. તે આ પ્રમાણે

૩જા, ૮મા અને ૯મા ગુણસ્થાનકે

(૧) ૭નો બંધ ૮નો ઉદય ૮ની સત્તા

૧૦મા ગુણસ્થાનકે

૬નો બંધ ૮નો ઉદય ૮ની સત્તા

૧૧મા ગુણસ્થાનકે

૧નો બંધ ૭નો ઉદય ૮ની સત્તા

૧૨મા ગુણસ્થાનકે

૧નો બંધ ૭નો ઉદય ૭ની સત્તા

૧૩મા ગુણસ્થાનકે

૧નો બંધ ૪નો ઉદય ૪ની સત્તા

૧૪મા ગુણસ્થાનકે

અબંધ ૪નો ઉદય ૪ની સત્તા હોય છે.

કર્મની ઉત્તર પ્રકૃતિની સંખ્યા

પંચનવદુન્નિઅટ્ઠા
વીસા ચઉરો તહેવ બાયાલા
દુન્નિ અ પંચ ય ભણિયા
પયડીઓ આણુપુવ્વીએ ॥૬॥

ભાવાર્થ :- પાંચ-નવ-બે-અઠ્ઠાવીસ-ચાર-બેતાલીશ તેમજ બે અને પાંચ એમ અનુક્રમે જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મની પ્રકૃતિઓ કહેલી છે. ॥૬॥

વિશેષાર્થ :- ઉત્તર પ્રકૃતિઓને આશ્રયીને સંવેધ ભાંગાઓનું વર્ણન કરતા દરેક કર્મની કેટલી કેટલી પ્રકૃતિઓ હોય છે તે જણાવાય છે.

જ્ઞાનાવરણીય કર્મની પાંચ-દર્શનાવરણીય કર્મની નવ-વેદનીયકર્મની બે, મોહનીયકર્મની અઠ્ઠાવીસ-આયુષ્યકર્મની ચાર-નામકર્મની બેંતાલીશ, ગોત્રકર્મની બે અને અંતરાયકર્મની પાંચ આ રીતે કુલ આઠે કર્મની થઈને સત્તાણુ પ્રકૃતિઓ થાય છે.

ઉત્તર પ્રકૃતિઓનો બંધોદયસત્તા સંવેધ

બંધોદય સંતંસા
નાણાવરણંતરાઈએ પંચ
બંધોવરમેવિ ઉદય
સંતંસા હુંતિ પંચેવ ॥૭॥

ભાવાર્થ :- જ્ઞાનાવરણીય અને અંતરાય કર્મને વિષે બંધ-ઉદય અને સત્તારૂપ અંશો, પાંચ પ્રકૃતિના હોય છે. તથા બંધના અભાવમાં પણ પાંચ પ્રકૃતિનો ઉદય અને સત્તા હોય છે. ॥૭॥

જ્ઞાનાવરણીય અને અંતરાયકર્મને વિષે સંવેધ ભાંગા

વિશેષાર્થ :- જ્ઞાનાવરણીય અને અંતરાય આ બંન્નેકર્મને પાંચ, પાંચ ઉત્તર પ્રકૃતિઓ હોય છે.

બંધમાં ધ્રુવબંધીની હોવાથી એક સાથે બંધાય છે. ઉદયમાં ધ્રુવોદયી હોવાથી એકસાથે ઉદયમાં હોય છે. અને સત્તામાં ધ્રુવસત્તારૂપ હોવાથી એક સાથે સત્તામાં હોય છે.

આ કારણથી પાંચ પ્રકૃતિનું બંધસ્થાન-પાંચ પ્રકૃતિનું ઉદયસ્થાન અને પાંચ પ્રકૃતિનું સત્તાસ્થાન હોય છે.

પાંચ પ્રકૃતિનું બંધસ્થાન ૧થી ૧૦ ગુણસ્થાનક સુધી હોય છે.

પાંચ પ્રકૃતિનું ઉદયસ્થાન એક થી બારમા ગુણસ્થાનકના અંત સુધી હોય છે. તથા પાંચ પ્રકૃતિનું સત્તાસ્થાન ઉદય પ્રમાણે હોય છે.

બંધસ્થાન તથા ઉદયસ્થાન ફેરફાર રૂપ હોવાથી બબ્બે સંવેધ ભાંગા થાય છે.

(૧) પાંચનો બંધ પાંચનો ઉદય પાંચની સત્તા

આ ભાંગો એક થી દશ ગુણસ્થાનક સુધી હોય છે.

(૨) અબંધ પાંચનો ઉદય પાંચની સત્તા

આ ભાંગો અગ્યારમા તથા બારમા ગુણસ્થાનકના અંત સમય સુધી હોય છે.

દર્શનાવરણીય કર્મના સંવેધભાંગા

બંધસ્સ ય સંતસ્સય
પગઈ ઠાણાઈ તિણ્ણિ તુલ્લાઈ
ઉદય ઠાણાઈ દુવે
ચઉ પણગં દંસણાવરણે ॥૮॥

ભાવાર્થ :- દર્શનાવરણીય કર્મને વિષે, બંધસ્થાનો તથા સત્તાસ્થાનો, ત્રણ ત્રણ હોય છે. જ્યારે ઉદય સ્થાનો બે હોય છે એક ચાર પ્રકૃતિનું, બીજુ પાંચ પ્રકૃતિનું હોય છે. ॥૮॥

વિશેષાર્થ :- દર્શનાવરણીય કર્મના ત્રણ બંધસ્થાનો આ પ્રમાણે હોય છે.

(૧) નવ પ્રકૃતિનું બંધસ્થાન આ બંધસ્થાન પહેલા અને બીજા ગુણસ્થાનકે હોય છે.

(૨) છ પ્રકૃતિનું બંધસ્થાન-બીજા ગુણસ્થાનકના અંતે થીણધ્ધિત્રિકનો અંત થતા ત્રીજા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી છ પ્રકૃતિઓ બંધાય છે.

(૩) ચાર પ્રકૃતિનું બંધસ્થાન,-આઠમા ગુણસ્થાનકના પહેલા ભાગના અંતે નિદ્રાદ્વિકનો અંત થતા આઠમા ગુણસ્થાનકના બીજા ભાગથી દશમા ગુણસ્થાનક સુધી ચાર પ્રકૃતિઓ બંધાય છે. તે ત્રીજુ બંધસ્થાન કહેવાય છે.

દર્શનાવરણીય કર્મનાં બે ઉદયસ્થાનનું વર્ણન

(૧) ચાર પ્રકૃતિનું ઉદયસ્થાન :- જ્યારે જીવોને પાંચે પ્રકારની નિદ્રામાંથી કોઈપણ નિદ્રાનો ઉદય ન હોય ત્યારે આ ઉદયસ્થાન હોય છે પહેલા ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનકના અંત સમય સુધી ઉદયમાં હોય છે.

(૨) પાંચ પ્રકૃતિનું ઉદયસ્થાન :- જ્યારે જીવોને પાંચનિદ્રામાંથી કોઈપણ એક નિદ્રાનો ઉદય થાય ત્યારે ચાર દર્શનાવરણીય, એક નિદ્રા એમ પાંચનો ઉદય ગણાય છે.

દર્શનાવરણીયની ચાર પ્રકૃતિઓ ધ્રુવોદયી હોવાથી એક સાથે ઉદયમાં રહે છે. પાંચ નિદ્રા અધ્રુવોદયી હોવાથી એકસાથે કોઈપણ એક નિદ્રા જ ઉદયમાં હોય છે.

સામાન્ય રીતે નિદ્રાનો ઉદય ઉપશમ શ્રેણીવાળા જીવોને આશ્રયીને અગ્યારમા ગુણસ્થાનક સુધી હોઈ શકે. જયારે અત્રે નિદ્રાનો ઉદય ક્ષપકશ્રેણીમાં બારમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી કહેલો છે. તે મતાંતર જાણાવો

બીઆવરણે નવ બંધએસુ,
ચઉ પંચ ઉદય નવસંતા
છચ્ચઉબંધે ચેવં
ચઉ બંધુદએ છલંસાય ॥૯॥
ઉવરય બંધે ચઉ પણ
નવંસ ચઉરુદય છચ્ચચઉસંતા
વેઅણિ આઉય ગોએ,
વિભજ્જ મોહં પરં વુચ્છં ॥૧૦॥

દર્શનાવરણીય કર્મના સત્તાસ્થાન ત્રણ છે.

(૧) ૯ પ્રકૃતિનું સત્તાસ્થાન ઉપશમશ્રેણી વાળા જીવને આશ્રયીને ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી હોય છે. જ્યારે ક્ષપકશ્રેણી વાળા જીવને આશ્રયીને ૯મા ગુણસ્થાકના પહેલા ભાગ સુધી હોય છે.

(૨) છ પ્રકૃતિનું સત્તાસ્થાન :-નવમા ગુણસ્થાનકના પહેલા ભાગને અંતે થીણધ્ધિત્રીકનો અંત થતા નવમાગુણ સ્થાનકના બીજા ભાગથી બારમા ગુણસ્થાનકના ઉપાંત્ય સમય સુધી ક્ષપક શ્રેણીવાળા જીવોને હોય છે.

(૩) ચાર પ્રકૃતિનું સત્તાસ્થાન :- બારમા ગુણસ્થાનકના અંત સમયે હોય છે.

ભાવાર્થ :- બીજા દર્શનાવરણીય કર્મને વિષે નવના બંધે ચારનો તથા પાંચનો ઉદય અને નવની સત્તા હોય છે.

છ અને ચાર પ્રકૃતિના બંધે ચાર તથા પાંચનો ઉદય અને નવની સત્તા હોય છે.

ચારના બંધે અને ચારના ઉદયે છની સત્તા હોય છે. બંધનો વિચ્છેદ થયે

છતે ચાર અને પાંચના ઉદયે નવની સત્તા હોય છે. તથા અબંધે ચારના ઉદયે છ ની અને ચારની સત્તા હોય છે.

વેદનીય, આયુષ્ય, અને ગોત્ર કર્મના સંવેધભાંગા જણાવી પછી મોહનીય કર્મને કહીશુ ॥૯,૧૦॥

વિશેષાર્થ :- બીજા દર્શનાવરણીય કર્મના સંવેધ ભાંગાઓનું વર્ણન :-

(૧) નવનો બંધ ચારનો ઉદય-નવની સત્તા આ ભાંગો પહેલા અને બીજા બે ગુણસ્થાનકમાં હોય છે.

(૨) નવનો બંધ પાંચનો ઉદય નવની સત્તા આ ભાંગો પહેલા અને બીજા બે ગુણસ્થાનકે હોય છે.

(૩) છ નો બંધ ચારનો ઉદય-નવની સત્તા

(૪) છ નો બંધ પાંચનો ઉદય-નવની સત્તા
આ બે ભાંગા ત્રીજા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધી રહેલા જીવોને હોય છે.

(૫) ચારનો બંધ ચારનો ઉદય-નવની સત્તા

(૬) ચારનો બંધ પાંચનો ઉદય-નવની સત્તા
આ બે ભાંગા આઠમા ગુણસ્થાકના બીજા ભાગથી દશમા ગુણસ્થાનકમાં રહેલા ઉપશમશ્રેણીવાળા જીવોને આશ્રયીને હોય છે.

(૭) ચારનો બંધ-ચારનો ઉદય-છની સત્તા
આ ભાંગો ક્ષપકશ્રેણીવાળા જીવોને આશ્રયીને નવમાગુણસ્થાનકના બીજા ભાગથી દશમા ગુણસ્થાનક સુધી હોય છે.

(૮) અબંધ - ચારનો ઉદય - નવની સત્તા

(૯) અબંધ - પાંચનો ઉદય - નવની સત્તા
આ બે ભાંગા ઉપશમ શ્રેણીમાં રહેલા અગ્યારમા ગુણસ્થાનકે વર્તતા જીવોને જ હોય છે.

(૧૦) અબંધ - ચારનો ઉદય - છની સત્તા
આ ભાંગો બારમા ગુણસ્થાનકે જ દ્વિચરમ સુધી વર્તતા જીવોને જ હોય છે.

(૧૧) અબંધ-ચારનો ઉદય - ચારની સત્તા આ ભાંગો બારમા ગુણસ્થાનકના અંત સમયે જ હોય છે.

(૧) ચારનો બંધ - પાંચનો ઉદય - છની સત્તા
આ ભાંગો મતાંતરે ક્ષપકશ્રેણીમાં વિદ્યમાન નવમા ગુણસ્થાનકના બીજા

ભાગથી દશમા ગુણસ્થાનક સુધી હોય છે.

(૨) અબંધ - પાંચનો ઉદય - છની સત્તા

આ ભાંગો મતાંતરે બારમા ગુણસ્થાનકના દ્વિચરમ સમય સુધી વર્તતા જીવોને જ હોય છે.

આ રીતે કુલ દર્શનાવરણીય કર્મના ૧૧ અથવા ૧૩ સંવેધભાંગા થાય છે. પાંચ નિદ્રાને આશ્રયીને ભાંગા કરવામાં આવે તો પચ્ચીશ ભાંગા થાય છે.

પહેલા ભાંગાનો ૧ ભાંગો, બીજા ભાંગામાં પાંચ નિદ્રાને આશ્રયીને પાંચ ભાંગા, ત્રીજા ભાંગાનો એક ભાંગો, ચોથા ભાંગામાં પાંચ નિદ્રાને આશ્રયીને પાંચભાંગા, પાંચમા ભાંગાનો એક ભાંગો, છટ્ઠા ભાંગાના બે નિદ્રાને આશ્રયીને બે ભાંગા

૯મા ભાંગાના બે નિદ્રાને આશ્રયીને બે ભાંગા. આઠ - દશ અને અગ્યાર આ ત્રણે ભાંગાનો એક એક ભાંગો હોય છે.

મતાંતરે જે બે ભાંગા કહેલા છે. તે દરેકમાં બે નિદ્રાના બબ્બે ભાંગા ગણતાચાર ભાંગા થાય છે. આ રીતે કુલ ૧+૫+૧+૫+૧+૨+૧+૧+૨ +૧+૧ મતાંતરે +૨+૨= ૨૫ ભાંગા થાય છે.

વેદનીય કર્મ - આયુષ્ય કર્મ અને ગોત્ર કર્મના સંવેધભાંગા ઓછા હોવાથી તેને પહેલા કહીશું ત્યારબાદ મોહનીય કર્મ કહીશું ॥૯-૧૦॥

गोअंमि सत्त भंगा
अट्ठ य भंगा हवंति वेअणिअे
पण नव नव पण भंगा
आउ चउक्कंवि कमसोउ ॥११॥

ભાવાર્થ :- ગોત્રકર્મના સંવેધભાંગા ૭ હોય છે. વેદનીયકર્મના સંવેધભાંગા ૮ હોય છે. આયુષ્યકર્મના સંવેધભાંગા અનુક્રમે નારકીના ૫, તિર્યંચના ૯, મનુષ્યના ૯ અને દેવતાના ૫ હોય છે. ॥૧૧॥

વિશેષાર્થ :- ગોત્રકર્મના સંવેધભાંગાઓનું વર્ણન

ગોત્રકર્મની ૨ પ્રકૃતિ પરાવર્તમાન હોવાથી એકસાથે કોઈપણ એક પ્રકૃતિ બંધાય છે.

નીચગોત્રનો બંધ પહેલા અને બીજા ગુણસ્થાનકે બંધાય છે ઉચ્ચગોત્રનો બંધ પહેલા અને બીજા ગુણસ્થાનકે નીચ ગોત્રની સાથે પરાવર્તમાન રૂપે બંધાય છે. ત્રીજા ગુણસ્થાનકથી દશમા ગુણસ્થાનક સુધી સતત બંધાય છે.

નીચગોત્રનો ઉદય ૧ થી ૫ ગુણસ્થાનક સુધી હોય છે.

ઉચ્ચગોત્રનો ઉદય ૧ થી ૧૪ ગુણસ્થાનકના અંતસમય સુધી હોય છે.

નીચગોત્રની જ સત્તા જે જીવો તેઉકાય વાઉકાયમાં અસંખ્યાત કાળ રહી ઉચ્ચગોત્રની ઉદ્વલના કરે ત્યારે તથા ત્યાંથી મરણપામી જ્યા ઉત્પન્ન થાય ત્યાં ફરીથી ઉચ્ચગોત્ર ના બાંધે ત્યાં સુધી નીચગોત્રની જ સત્તા હોય છે. બંન્ને ગોત્રની સત્તા ૧ થી ૧૪ ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી હોય છે. ઉચ્ચ ગોત્રની જ સત્તા ૧૪મા ગુણસ્થાનકના અંત સમયે જ હોય છે.

આ કારણથી ગોત્રકર્મના ૨ બંધસ્થાન - ૨ ઉદયસ્થાન - ૩ સત્તાસ્થાન થાય છે.

(૧) નીચગોત્રનો બંધ - નીચગોત્રનો ઉદય - નીચગોત્રની સત્તા આ ભાંગો પહેલા ગુણસ્થાનકે તેઉકાય - વાઉકાયજીવોને ત્થા ત્યાંથી મરણ પામી જ્યાં ઉત્પન્ન થાય ત્યાં એક અંતર્મુહૂર્ત સુધી હોય છે.

(૨) નીચગોત્રનો બંધ - નીચનો ઉદય - બે ગોત્રની સત્તા
આ ભાંગો પહેલા અને બીજા બે ગુણસ્થાનકમાં હોય છે.

(૩) ઉચ્ચનો બંધ - નીચનો ઉદય - બે ગોત્રની સત્તા
આ ભાંગો ૧ થી ૫ ગુણસ્થાનકમાં રહેલા જીવોને હોય છે.

(૪) નીચનો બંધ - ઉચ્ચગોત્રનો ઉદય - બે ગોત્રની સત્તા
આ ભાંગો પહેલા અને બીજા બેગુણ સ્થાનકમાં રહેલા જીવોને હોય છે.

(૫) ઉચ્ચગોત્રનો બંધ - ઉચ્ચગોત્રનો ઉદય - બે ગોત્રની સત્તા
આ ભાંગો ૧ થી ૧૦ ગુણસ્થાનકમાં રહેલા જીવોને હોય છે.

(૬) અબંધ - ઉચ્ચગોત્રનો ઉદય -બે ગોત્રની સત્તા
આ ભાંગો ૧૧ ગુણસ્થાનકથી ૧૪ ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી હોય છે.

(૭) ઉચ્ચગોત્રનો અબંધ - ઉચ્ચગોત્રનો ઉદય - ઉચ્ચગોત્રની સત્તા આ ભાંગો ૧૪મા ગુણસ્થાનકના છેલ્લા સમયે જ હોય છે.

વેદનીય કર્મના સંવેધ ભાંગાઓનું વર્ણન

વેદનીયકર્મની ૨ પ્રકૃતિઓ પરાવર્તમાન હોવાથી એકસાથે કોઈપણ એક પ્રકૃતિ બંધાય છે. શાતા વેદનીયનો બંધ ૧ થી ૧૩ ગુણસ્થાનક સુધી હોય છે. આશાતા વેદનીયનો બંધ ૧ થી ૬ ગુણસ્થાનક સુધી હોય છે.

વેદનીયકર્મની ૨ પ્રકૃતિઓ ઉદયને આશ્રયીને પરાવર્તમાન હોવાથી કોઈપણ

૧ પ્રકૃતિ એકસાથે ઉદયમાં હોય છે.

શાતાવેદનીયનો ઉદય ૧ થી ૧૪ ગુણસ્થાનક સુધી હોય છે.

અશાતાવેદનીયનો ઉદય ૧ થી ૧૪ ગુણસ્થાનક સુધી હોય છે.

વેદનીયની બંને પ્રકૃતિનો ઉદય ૧ થી ૧૩ ગુણસ્થાનક સુધી હોય છે.

વેદનીય કર્મની ૨ પ્રકૃતિની સત્તા ૧ થી ૧૪ ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી હોય છે.

વેદનીય કોઈપણ ૧ પ્રકૃતિની સત્તા ૧૪મા ના અંત સમયે જ હોય છે

(૧) અશાતાનો બંધ - અશાતાનો ઉદય બંન્નેની સત્તા
આ ભાંગો ૧ થી ૬ ગુણસ્થાનક સુધી હોય છે.

(૨) શાતાવેદનીયનો બંધ - અશાતાનો ઉદય - બંન્નેની સત્તા
આ ભાંગો ૧ થી ૧૩ ગુણસ્થાનક સુધી હોય છે.

(૩) અશાતાનો બંધ - શાતાનો ઉદય - બંન્નેની સત્તા
આ ભાંગો ૧ થી ૬ ગુણ સ્થાનક સુધી હોય છે.

(૪) શાતાવેદનીયનો બંધ - શાતાનો ઉદય - બન્નેની સત્તા
આ ભાંગો ૧ થી ૧૩ ગુણસ્થાનક સુધી હોય છે.

(૫) અબંધ - અશાતાનો ઉદય - બન્નેની સત્તા
આ ભાંગો ૧૪મા ગુણસ્થાનકના ઉપાન્ત્ય સમય સુધી હોય છે.

(૬) અબંધ - શાતાનો ઉદય - બંન્નેની સત્તા
આ ભાંગો પણ ૧૪મા ગુણસ્થાનકે જ ઉપાન્ત્ય સમય સુધી હોય છે.

(૭) અબંધ - અશાતાનો ઉદય - અશાતાની સત્તા

(૮) અબંધ શાતાનો ઉદય, - શાતાની સત્તા
આ બે ભાંગા ૧૪મા ગુણસ્થાકના અંત સમયે જ હોય છે.

આયુષ્યકર્મના સંવેધ ભાંગાઓનું વર્ણન

નરકગતિના ૫ સંવેધ ભાંગાઓનું વર્ણન

નરકગતિમાં રહેલા જીવોને નિયમા સંખ્યાતવર્ષના આયુષ્યવાળા સંજ્ઞી મનુષ્ય અને તિર્યંચનું આયુષ્ય બંધાય છે

તિર્યંચ આયુષ્યનો બંધ ૧ થી ૬ નારકીના જીવો પહેલા અને બીજા ગુણસ્થાનકે બાંધે છે.

મનુષ્ય આયુષ્યનો બંધ ૧ થી ૬ નારકીના જીવો ૧- ૨-૪ ગુણસ્થાનકે બાંધે છે. ૭મી નારકીના જીવો પહેલા ગુણ સ્થાનકે જ તિર્યંચ આયુષ્ય બાંધે છે.

બાકીના ગુણસ્થાનકમાં આયુષ્યનો બંધ હોતો નથી નરક આયુષ્યનો ઉદય ૧ થી ૪ ગુણસ્થાનક સુધી હોય છે.

નારકીમાં રહેલા જીવોને પોતાનું આયુષ્ય છ મહિના જેટલું બાકી રહે ત્યારે એક અંતર્મુહૂર્ત સુધી પરભવનું આયુષ્ય બંધાય છે જ્યાં સુધી પરભવનું આયુષ્ય ન બંધાય ત્યાં સુધી એક નરક આયુષ્યની સત્તા હોય છે.

આયુષ્ય બાંધતા અને આયુષ્ય બંધકાળ પછી બે આયુષ્યની સત્તા હોય છે. નરક આયુષ્ય તથા તિર્યંચ અથવા મનુષ્ય આયુષ્ય

(૧) અબંધ, નરક આયુષ્યનો ઉદય, નરક આયુષ્યની સત્તા
આ ભાંગો ૧ થી ૪ ગુણસ્થાનક સુધી હોય છે.

(૨) તિર્યંચ આયુષ્યનો બંધ, નરક આયુષ્યનો ઉદય, નરક - તિર્યંચ આયુષ્યની સત્તા
આ ભાંગો પહેલા અને બીજા ગુણસ્થાનકે હોય છે.

(૩) મનુષ્ય આયુષ્યનો બંધ-નરક આયુષ્યનો ઉદય-નરક-મનુષ્ય આયુષ્યની સત્તા
આ ભાંગો ૧ - ૨ અને૪ ત્રણ ગુણસ્થાનકમાં જ હોય છે.

(૪) અબંધ - નરક આયુષ્યનો ઉદય - નરક - તિર્યંચ આયુષ્યની સત્તા
આ ભાંગો ૧ થી ૪ ગુણસ્થાનકમાં જ હોય છે.

(૫) અબંધ - નરક આયુષ્યનો ઉદય - નરક - મનુષ્ય - આયુષ્યની સત્તા
આ ભાંગો ૧ થી ૪ ગુણસ્થાનકમાં હોય છે.

૭ મી નારકીમાં રહેલા જીવોને તિર્યંચ આયુષ્ય બંધાતુ હોવાથી ત્રણ સંવેધ ભાંગા હોય છે.

(૧) અબંધ, - નરક આયુષ્યનો ઉદય - નરક આયુષ્યની સત્તા
આ ભાંગો ૧ થી ૪ ગુણસ્થાનકમાં હોય છે

(૨) તિર્યંચ આયુષ્યનો બંધ - નરક આયુષ્યનો ઉદય - નરકતિર્યંચ આયુષ્યની સત્તા. આ ભાંગો પહેલા ગુણસ્થાનકે જ હોય છે

(૩) અબંધ - નરક આયુષ્યનો ઉદય - નરક - તિર્યંચ આયુષ્યની સત્તા
આ ભાંગો ૧ થી ૪ ગુણસ્થાનકમાં હોય છે

તિર્યંચ આયુષ્યના સંવેધ ભાંગાઓનું વર્ણન

તિર્યંચ આયુષ્યનો બંધ પહેલા અનેબીજા બે ગુણસ્થાનકે હોય છે
તિર્યંચ આયુષ્યનો ઉદય ૧ થી ૫ ગુણસ્થાનક સુધી હોય છે
તિર્યંચ આયુષ્યની સત્તા ૧ થી ૭ ગુણસ્થાનક સુધી હોય છે
આ ગતિવાળા જીવો ચારેઆયુષ્યનો બંધ કરે છે

આ કારણથી પહેલો ભાંગો અબંધનો, ચાર આયુષ્યના બંધના ત્થા ચાર આયુષ્યના અબંધના, બે આયુષ્યની સત્તાવાળા એમ કુલ સંવેધભાંગા નવ થાય છે.

(૧) અબંધ, - તિર્યંચ આયુષ્યનો ઉદય - તિર્યંચ આયુષ્યની સત્તા
આ ભાંગો ૧ થી ૫ ગુણસ્થાનક સુધી હોય છે.

(૨) નરક આયુષ્યનો બંધ - તિર્યંચ આયુષ્યનો ઉદય - તિર્યંચ - નરક આયુની સત્તા
આ ભાંગો નરક આયુષ્ય બાંધતા જીવોને પહેલા ગુણસ્થાનકે હોય છે.

(૩) તિર્યંચ આયુષ્યનો બંધ - તિર્યંચ આયુષ્યનો ઉદય - તિર્યંચ - તિર્યંચ આયુષ્યની સત્તા
આ ભાંગો ૮ કર્મનો બંધ કરતા તિર્યંચ આયુષ્યની સાથે પહેલા અને બીજા ગુણસ્થાનકે હોય છે.

(૪) મનુષ્ય આયુષ્યનો બંધ - તિર્યંચ આયુષ્યનો ઉદય - મનુષ્ય, - તિર્યંચ આયુષ્યની સત્તા
આ ભાંગો ૮ કર્મનો બંધ કરતા મનુષ્ય આયુષ્ય બાંધતા પહેલા અને બીજા બે ગુણસ્થાનકે હોય છે

(૫) દેવ આયુષ્યનો બંધ - તિર્યંચ આયુષ્યનો ઉદય દેવ તિર્યંચ આયુષ્યની સત્તા આ ભાંગો ૮ કર્મનો બંધ કરતાની સાથે દેવ આયુષ્યનો બંધ થાય ત્યારે ૧ - ૨ - ૪ - ૫ ગુણસ્થાનકે ઘટે છે

(૬) અબંધ - તિર્યંચ આયુષ્યનો ઉદય - નરક - તિર્યંચ આયુષ્યની સત્તા
આ ભાંગો આયુષ્યકર્મ બાંધ્યા પછી જીવ સાતકર્મ બાંધતો હોય ત્યારે સમક્તિ વગેરેની પ્રાપ્તિ કરી દેશવિરતિનો પરિણામ પણ પામી શકે છે આ કારણથી ૧ થી ૫ ગુણસ્થાનકમાં ઘટે છે.

(૭) અબંધ - તિર્યંચ આયુષ્યનો ઉદય - તિર્યંચ - તિર્યંચ આયુષ્યની સત્તા
જે જીવોએ પરભવનું તિર્યંચ આયુષ્ય બાંધ્યુ હોય ત્યારબાદ ૭ કર્મનો બંધ કરતો હોય ત્યારે ઘટે છે ૧ થી ૫ ગુણસ્થાનકમાં આ ભાંગો છે

(૮) અબંધ - તિર્યંચ આયુષ્યનો ઉદય - મનુષ્ય - તિર્યંચ આયુષ્યની સત્તા
જે તિર્યંચોએ મનુષ્ય આયુષ્યનો બંધ કરેલો હોય ત્યારબાદ ૭ કર્મનો બંધ કરતા હોય ત્યારે આ ભાંગો ૧ થી ૫ ગુણસ્થાનકમાં ઘટે છે.

(૯) અબંધ - તિર્યંચ આયુષ્યનો ઉદય - દેવ - તિર્યંચ આયુષ્યની સત્તા
આ ભાંગો દેવ આયુષ્યનો બંધ કર્યા પછી ૭ કર્મનો બંધ કરતો હોય

ત્યારે ઘટે છે આ ભાંગો ૧ થી ૫ ગુણસ્થાનકમાં ઘટે છે.

આ રીતે તિર્યંચ આયુષ્યના નવભાંગા થાય છે.

મનુષ્ય આયુષ્યના સંવેધ ભાંગાઓનું વર્ણન

મનુષ્ય આયુષ્યનો બંધ મનુષ્ય જીવોનો પહેલા અને બીજા બે ગુણ સ્થાનકે હોય છે.

મનુષ્ય આયુષ્યનો ઉદય ૧ થી ૧૪ ગુણસ્થાનક સુધી હોય છે.

મનુષ્ય આયુષ્યની સત્તા ૧ થી ૧૪ ગુણસ્થાનક સુધી હોય છે.

પરભવના મનુષ્ય આયુષ્યની સત્તા ૧ થી ૭ ગુણસ્થાનક સુધી હોય છે.

જે મનુષ્યોએ મનુષ્ય આયુષ્ય બાંધ્યું હોય તિર્યંચ આયુષ્ય કે નરક આયુષ્ય બાંધેલું હોય તે મનુષ્યો ઉપશમ શ્રેણી પ્રાપ્ત ન કરતાં હોવાથી ૧ થી ૭ ગુણસ્થાનક સુધી સત્તા ઘટે છે.

જે મનુષ્યોએ દેવ આયુષ્ય બાંધેલુ હોય એ મનુષ્ય ઉપશમ શ્રેણી પ્રાપ્ત કરતાં હોવાથી ૧ થી ૧૧ મા ગુણસ્થાનક સુધી સત્તા ઘટે છે.

(૧) અબંધ - મનુષ્ય આયુષ્યનો ઉદય - મનુષ્ય આયુષ્યની સત્તા આ ભાંગો ૧ થી ૧૪ ગુણસ્થાનક સુધી ઘટે છે

(૨) નરક આયુષ્યનો બંધ - મનુષ્ય આયુષ્યનો ઉદય - નરક - મનુષ્ય આયુ ની સત્તા આ ભાંગો ૮ કર્મ બાંધતા મનુષ્યને પહેલા ગુણસ્થાનકે હોય છે.

(૩) તિર્યંચ આયુષ્યનો બંધ - મનુષ્ય આયુષ્યનો ઉદય - તિર્યંચ , મનુષ્ય આયુ.ની સત્તા આ ભાંગો ૮ કર્મ બાંધતા મનુષ્યને પહેલા બીજા ગુણ સ્થાનકે હોય છે.

(૪) મનુષ્ય આયુષ્યનો બંધ - મનુષ્ય આયુષ્યનો ઉદય, મનુષ્ય, મનુષ્ય આયુષ્યની સત્તા આ ભાંગો મનુષ્યને ૮ કર્મનો બંધ કરતાં પહેલા અને બીજા ૨ ગુણસ્થાનકે હોય છે

(૫) દેવ આયુષ્યનો બંધ - મનુષ્ય આયુષ્યનો ઉદય-દેવ-મનુષ્ય આયુષ્યની સત્તા આ ભાંગો ૮ કર્મ બાંધતા મનુષ્યોને ૧ - ૨ - ૪ - ૫ - ૬ અથવા ૭ ગુણસ્થાનકે હોય છે.

(૬) અબંધ, મનુષ્ય આયુષ્યનો ઉદય, નરક, મનુષ્ય આયુષ્યની સત્તા આ ભાંગો આયુષ્યબંધ પછી ૭ કર્મનો બંધ કરતા ૧ થી ૭ ગુણસ્થાનકમાં હોય છે

(૭) અબંધ - મનુષ્ય આયુષ્યનો ઉદય - તિર્યંચ મનુષ્ય આયુષ્યની સત્તા આ ભાંગો આયુષ્યબંધ પછી ૭ કર્મ બાંધતાં ૧ થી ૭ ગુણસ્થાનકે હોય છે.

(૮) અબંધ, મનુષ્ય આયુષ્યનો ઉદય, મનુષ્ય, મનુષ્ય આયુષ્યની સત્તા આ ભાંગો આયુષ્ય બંધ પછી ૭ કર્મ બાંધતા ૧ થી ૭ ગુણસ્થાનકમાં હોય છે.

(૯) અબંધ, મનુષ્ય આયુષ્યનો ઉદય - મનુષ્ય - દેવ આયુષ્યની સત્તા આ ભાંગો ૭ કર્મબાંધતા, ૬ કર્મબાંધતા, ૧ કર્મબાંધતા ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી હોય છે.

આ રીતે મનુષ્ય આયુષ્યના નવસંવેધ ભાંગા થાય છે.

દેવ આયુષ્યના સંવેધ ભાંગાઓનું વર્ણન

દેવ આયુષ્યનો બંધ - ૧-૨-૪-૫-૬ અથવા ૭ ગુણસ્થાનક સુધી હોય છે. દેવ આયુષ્યનો ઉદય ૧ થી ૪ ગુણસ્થાનક સુધી હોય છે. દેવ આયુષ્યની સત્તા ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી ઉપશમ શ્રેણીવળા જીવોને આશ્રયીને હોય છે.

(૧) તિર્યંચ આયુષ્યનો બંધ - દેવ આયુષ્યનો ઉદય - તિર્યંચ - દેવ - આયુષ્યની સત્તા આ ભાંગો દેવતાઓ જ્યારે આઠ કર્મોનો બંધ કરતા હોય છે ત્યારે હોય છે.

(૨) મનુષ્ય આયુષ્યનો બંધ - દેવ- આયુષ્યનો ઉદય - મનુષ્ય - દેવ આયુષ્યની સત્તા આ ભાંગો ૮ કર્મ બાંધતા દેવતાઓને હોય છે.
પહેલો ભાંગો ૧, ૨, બે ગુણસ્થાનકે હોય છે.
બીજો ભાંગો ૧, ૨, અને ૪ ગુણસ્થાનકે હોય છે.

(૩) અબંધ - દેવ આયુષ્યનો ઉદય - દેવ આયુષ્યની સત્તા આ ભાંગો દેવતાઓ જ્યાં સુધી આયુષ્યનો બંધન કરે ત્યાં સુધી ૭ કર્મ બાંધતા ૧ થી ૪ ગુણસ્થાનકમાં હોય છે.

(૪) અબંધ - દેવ આયુષ્યનો ઉદય - તિર્યંચ - દેવ આયુષ્યની સત્તા આ ભાંગો આયુષ્ય બંધ કર્યા બાદ સાત કર્મનો બંધ દેવતાઓ જ્યાં સુધી કરતા હોય છે ત્યાં સુધી ઘટે છે. ૧ થી ૪ ગુણસ્થાનકમાં આ ભાંગો હોય છે.

(૫) અબંધ - દેવ આયુષ્યનો ઉદય - મનુષ્ય - દેવ આયુષ્યની સત્તા. આ ભાંગો ૧ થી ૪ ગુણસ્થાકમાં વર્તતા આયુષ્યબંધ કર્યા બાદ ૭ કર્મ બાંધતા દેવોને હોય છે

આ રીતે આયુષ્ય કર્મના ૨૮ ભાંગા થાય છે

મોહનીય કર્મના ૧૦ બંધસ્થાન

બાવીસ ઈક્કવીસા
સતરસં તેરસેવ નવ પંચ

ચઉ તિગ દુગં ચ ઈક્કં,
બંધ ઠાણાણિ મોહસ્સ ॥૧૨॥

ભાવાર્થ :- મોહનીય કર્મના અનુક્રમે ૨૨, ૨૧, ૧૭, ૧૩, ૯, ૫, ૪, ૩, ૨, અને ૧, એમ કુલ દશ બંધસ્થાનો હોય છે ॥૧૨॥

વિશેષાર્થ :- મોહનીય કર્મના બંધસ્થાનોનું વર્ણન

(૧) ૨૨, પ્રકૃતિનું બંધસ્થાન :- ૧૬ કષાય - ભય - જુગુપ્સા - મિથ્યાત્વ, - હાસ્યરતિ અથવા અરતિશોક, - પુરૂષવેદ અથવા સ્ત્રીવેદ અથવા નપુંસકવેદ અર્થાત ત્રણવેદમાંથી કોઈપણ એકવેદ, આ બંધસ્થાન પહેલા ગુણસ્થાનકે જ હોય છે.

(૨) ૨૧, પ્રકૃતિનું બંધસ્થાન :- ૧૬ કષાય, ભય - જુગુપ્સા - હાસ્યરતિ અથવા અરતિશોક, પુરૂષવેદ અથવા સ્ત્રીવેદ આ બંધસ્થાન બીજા ગુણસ્થાનકે જ હોય છે.

(૩) ૧૭ પ્રકૃતિનું બંધસ્થાન :- અપ્રત્યાખ્યાનાદિ ૧૨ કષાય, ભય, જાગુપ્સા હાસ્યરતિ અથવા અરતિશોક, પુરૂષવેદ આ બંધસ્થાન ત્રીજા અને ચોથા ગુણસ્થાનકે હોય છે.

(૪) ૧૩ પ્રકૃતિનું બંધસ્થાન :- પ્રત્યાખ્યાનાદિ ૮ કષાય, ભય, જાગુપ્સા હાસ્યરતિ, અથવા અરતિશોક, પુરૂષવેદ આ બંધસ્થાન પાંચમા ગુણસ્થાનકે જ હોય છે.

(૫) ૯ પ્રકૃતિનું બંધસ્થાન :- સંજવલન ચાર કષાય - ભય - જુગુપ્સા - હાસ્યરતિ અથવા અરતિશોક - પુરૂષવેદ આ બંધસ્થાન છઠ્ઠા ગુણસ્થાનકે જ હોય છે. છઠ્ઠા ગુણસ્થાનકના અંતે અરતિ-શોકનો બંધમાંથી અંત થતા ૭મા તથા ૮ મા ગુણસ્થાનકના સાતમા ભાગસુધી અરતિ શોક વિના ૯ પ્રકૃતિઓ બંધાય છે.

(૬) ૫, પ્રકૃતિનું બંધસ્થાન :- સંજવલન ૪ કષાય અને પુરૂષવેદ આ બંધસ્થાન ૯મા ગુણસ્થાનકના પહેલા ભાગે જ હોય છે.

(૭) ૪, પ્રકૃતિનું બંધસ્થાન :- સંજવલ ૪ કષાય આ બંધસ્થાન નવમા ગુણસ્થાનકના બીજે ભાગેજ હોય છે.

(૮) ત્રણ પ્રકૃતિનું બંધસ્થાન :- સંજવલન માન, માયા અને લોભ આ બંધસ્થાન નવમા ગુણસ્થાનકના ત્રીજે ભાગે જ હોય છે.

(૯) ૨, પ્રકૃતિનું બંધસ્થાન :- સંજવલન માયા અને લોધ આ બંધસ્થાન નવમા

ગુણસ્થાનકના ચોથા ભાગેજ હોય છે.

(૧૦) ૧, પ્રકૃતિનું બંધસ્થાન :- સંજવલન લોભ આ બંધસ્થાન નવમા ગુણસ્થાનકના પાંચમા ભાગેજ હોય છે

મોહનીય કર્મના ૯ ઉદયસ્થાન

એગં વ દો વ ચઉરો
એત્તો એગાહિઆ દસુક્કોસા
ઓહેણ મોહણિ જજે
ઉદય ઠાણાણિ નવ હુંતિ ॥૧૩॥

ભાવાર્થ :- મોહનીય કર્મના અનુક્રમે ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, અને ૧૦, આ રીતે ૯ ઉદયસ્થાનકો હોય છે ॥૧૩॥

વિશેષાર્થ :- મોહનીય કર્મના ૯ ઉદયસ્થાનકોનું વર્ણન

૧) ૧૦ પ્રકૃતિનું ઉદયસ્થાનક :- અનંતાનુબંધી ૪ કષાય - મિથ્યાત્વ - બે યુગલ માંથી ૧ યુગલ - ભય - જીગુપ્સા, કોઈપણ એક વેદ આ ઉદય સ્થાનક પહેલા ગુણસ્થાનકે જ હોય છે.

૨) ૯, પ્રકૃતિનું ઉદયસ્થાનક :- (૧) ૪ કષાય - મિથ્યાત્વ-૧ યુગલ-૧ વેદ-ભય.

(૨) ૪ કષાય - મિથ્યાત્વ-૧ યુગલ-૧ વેદ-જીગુપ્સા

(૩) અપ્રત્યાખ્યાનાદિ ૩ કષાય-૧ યુગલ-મિથ્યાત્વ-૧ વેદ-ભય-જુગુપ્સા આ ત્રણ વિકલ્પો પહેલા ગુણસ્થાનકે જ ઉદયમાં હોય છે

(૪) ચારકષાય-૧ યુગલ, ૧ વેદ-ભય-જીગુપ્સા આ ૯નો ઉદય બીજા ગુણસ્થાનકે જ હોય છે.

(૫) અપ્રત્યાખ્યાનાદિ ૩ કષાય-૧ યુગલ-૧ વેદ,-ભય- જીગુપ્સા મિશ્ર મોહનીય આ ૯ પ્રકૃતિનો ઉદય ત્રીજા ગુણસ્થાનકે જ હોય છે

(૬) અપ્રત્યાખ્યાનાદિ ૩ કષાય, ૧ યુગલ, ૧ વેદ, ભય, જીગુપ્સા, સમ્યક્ત્વ મોહનીય આ ૯ પ્રકૃતિનો ઉદય ચોથે ગુણસ્થાનકે જ હોય છે.

૩) ૮ પ્રકૃતિના ઉદય સ્થાનો ૧૧ હોય છે.

(૧) અપ્રત્યાખ્યાનાદિ ત્રણ કષાય-મિથ્યાત્વ-૧ યુગલ-૧ વેદ અને ભય

(૨) અપ્રત્યાખ્યાનાદિ ત્રણ કષાય-મિથ્યાત્વ-૧ યુગલ-૧ વેદ અને જીગુપ્સા

(૩) ચાર કષાય-મિથ્યાત્વ-૧ યુગલ-૧ વેદ

(૪) ચાર કષાય-૧ યુગલ-૧ વેદ-ભય

(૫) ચાર કષાય-૧ યુગલ-૧ વેદ-જુગુપ્સા
(૬) ત્રણ કષાય-૧ યુગલ-૧ વેદ-મિશ્રમોહનીય-ભય
(૭) ત્રણ કષાય-૧ યુગલ-૧ વેદ-મિશ્રમોહનીય-જુગુપ્સા
(૮) ત્રણ કષાય-૧ યુગલ-૧ વેદ-ભય-જુગુપ્સા
(૯) ત્રણ કષાય-૧ યુગલ-૧ વેદ-સમ્યક્ત્વ મોહનીય-ભય
(૧૦) ત્રણ કષાય-૧ યુગલ-૧ વેદ-સમ્યક્ત્વ મોહનીય-જુગુપ્સા
(૧૧) પ્રત્યાખ્યાનાદિ બે કષાય-૧ યુગલ,-૧ વેદ-ભય-જુગુપ્સા-સમ્યક્ત્વ મોહનીય

પહેલા ત્રણ ઉદયસ્થાનકો પહેલા ગુણસ્થાનકે હોય. ૪થું અને પાંચમુ ઉદય સ્થાનક બીજા ગુણસ્થાનકે હોય. ૬ અને ૭ એ બે ઉદય સ્થાનક ત્રીજા ગુણસ્થાનકે હોય છે. ૮ થી ૧૦ આ ત્રણ ઉદયસ્થાનક ચોથા ગુણસ્થાનકે હોય છે. ૧૧મું ઉદય સ્થાનક પાંચમા ગુણસ્થાનકે જ હોય છે.

મોહનીયકર્મની ૭ પ્રકૃતિના ૧૦ ઉદયસ્થાનકો હોય છે.

(૧) અપ્રત્યાખ્યાનાદિ ત્રણ કષાય-૧ યુગલ-૧ વેદ-મિથ્યાત્વ
આ ઉદય સ્થાનક પહેલા ગુણસ્થાનકે જ હોય છે.
(૨) ચાર કષાય-૧ યુગલ-૧ વેદ
આ ઉદય સ્થાનક બીજા ગુણસ્થાનકે જ હોય છે.
(૩) અપ્રત્યાખ્યાનાદિ ત્રણ કષાય-૧ યુગલ-૧ વેદ-મિશ્ર મોહનીય
આ ઉદય સ્થાનક ત્રીજા ગુણસ્થાનકે જ હોય છે.
(૪) અપ્રત્યાખ્યાનાદિ ત્રણ કષાય-૧ યુગલ-૧ વેદ-ભય
(૫) અપ્રત્યાખ્યાનાદિ ત્રણ કષાય-૧ યુગલ-૧ વેદ-જુગુપ્સા
(૬) અપ્રત્યાખ્યાનાદિ ત્રણ કષાય-૧ યુગલ-૧ વેદ-સમ્યક્ત્વ મોહનીય
આ ત્રણ ઉદયસ્થાનકો ચોથા ગુણસ્થાનકે જ હોય છે.
(૭) પ્રત્યાખ્યાનાદિ ૨ કષાય-૧ યુગલ-૧ વેદ-ભય-જુગુપ્સા
(૮) પ્રત્યાખ્યાનાદિ ૨ કષાય-૧ યુગલ-૧ વેદ-ભય-સમ્યક્ત્વ મોહનીય
(૯) પ્રત્યાખ્યાનાદિ ૨ કષાય-૧ યુગલ-૧ વેદ-જુગુપ્સા-સમ્યક્ત્વ મોહનીય
આ ત્રણ ઉદયસ્થાનકો પાંચમા ગુણસ્થાનકે જ હોય છે.
(૧૦) સંજવલન કષાય-૧ યુગલ-૧ વેદ-ભય-જુગુપ્સા-સમ્યક્ત્વ મોહનીય
આ ઉદય સ્થાનક ૬ અને ૭ બે ગુણસ્થાનકે હોય છે.

મોહનીય કર્મની છ પ્રકૃતિના સાત ઉદયસ્થાનકો હોય છે.

(૧) અપ્રત્યાખ્યાનાદિ ત્રણ કષાય-૧ યુગલ-૧ વેદ
આ ઉદયસ્થાનક ચોથા ગુણસ્થાનકે જ હોય છે.
(૨) પ્રત્યાખ્યાનાદિ-૨ કષાય-૧ યુગલ-૧ વેદ-ભય
(૩) પ્રત્યાખ્યાનાદિ-૨ કષાય-૧ યુગલ-૧ વેદ-જુગુપ્સા
(૪) પ્રત્યાખ્યાનાદિ-૨ કષાય-૧ યુગલ-૧ વેદ-સમ્યક્ત્વ મોહનીય
આ ત્રણ ઉદયસ્થાનકો પાંચમા ગુણસ્થાનકે જ હોય છે
(૫) સંજવલન ૧ કષાય-૧ યુગલ-૧ વેદ-ભય-જુગુપ્સા
(૬) સંજવલન ૧ કષાય-૧ યુગલ-૧ વેદ-ભય અને સમ્યક્ત્વ મોહનીય
(૭) સંજવલન ૧ કષાય-૧ યુગલ-૧ વેદ-જુગુપ્સા-સમ્યક્ત્વ મોહનીય
આ ત્રણ ઉદયસ્થાનકો ૬ઠ્ઠા અને ૭મા ગુણસ્થાનકે હોય છે.
પાંચમુ ઉદયસ્થાનક ૬ - ૭ અને ૮ ગુણસ્થાનક સુધી હોય છે.

મોહનીયકર્મની પાંચપ્રકૃતિના ૪ ઉદયસ્થાનકો

(૧) પ્રત્યાખ્યાનાદિ ૨ કષાય-૧ યુગલ-૧ વેદ
આ ઉદયસ્થાનક પાંચમા ગુણસ્થાનકે જ હોય છે
(૨) સંજ્વલન ૧ કષાય-૧ યુગલ-૧ વેદ-ભય
(૩) સંજ્વલન ૧ કષાય-૧ યુગલ-૧ વેદ-જુગુપ્સા
આ બે ઉદયસ્થાનકો ૬ થી ૮ ગુણસ્થાનકે હોય છે.
(૪) સંજ્વલન ૧ કષાય-૧ યુગલ-૧ વેદ-સમ્યક્ત્વ મોહનીય
આ ઉદયસ્થાનક ૬ અને ૭ બે ગુણસ્થાનકે હોય છે.

મોહનીય કર્મની ૪ પ્રકૃતિનું ઉદયસ્થાનક ૧ હોય છે. સંજ્વલન ૧ કષાય ૧ યુગલ ૧ વેદ આ ઉદયસ્થાનક ૬ થી ૮ ગુણસ્થાનક સુધી હોય છે.

મોહનીય કર્મની ૨ પ્રકૃતિનું ઉદયસ્થાનક ૧ કષાય ૧ વેદ આ ઉદયસ્થાનક ૯મે ગુણસ્થાનકે હોય છે.

મોહનીય કર્મની ૧ પ્રકૃતિનું ઉદયસ્થાનક સંજ્વલન કોઈપણ ૧ કષાય આ ઉદયસ્થાનક ૯ અને ૧૦મા ગુણસ્થાનકે હોય છે.

આ રીતે મોહનીયકર્મના ૯ ઉદયસ્થાનકના અનુક્રમે ૧+૬+૧૧+૧૦+૭+૪+૧+૧+૧= ૪૨ ઉદયસ્થાનકો થાય છે

મોહનીય કર્મના સત્તાસ્થાન

અટ્ઠ ય સત્ત ય છચ્ચઉ
તિગ દુગ એગાહિઆ ભવે વીસા

तेरस बारिक्कारस
ईत्तो पंचाई एगुणा ॥१४॥
संतस्स पयडि ठाणाणि,
ताणि मोहस्स हुंति पन्नरस
बंधोदय संते पुण
भंगविगप्पे बहु जाण ॥१५॥

ભાવાર્થ :- મોહનીય કર્મના ૧૫ સત્તા સ્થાનો હોય છે. ૨૮, ૨૭, ૨૬, ૨૪, ૨૩, ૨૨, ૨૧, ૧૩, ૧૨, ૧૧, ૫, ૪, ૩, ૨, ૧, આ રીતે ૧૫ સત્તાસ્થાનો હોય છે.

બંધ ઉદય અને સત્તાના ભંગ વિકલ્પો ઘણા જાણવા ॥૧૪-૧૫॥

વિશેષાર્થ :- મોહનીય કર્મના સત્તા સ્થાનોનું વર્ણન-૧૫ સત્તાસ્થાનો હોય છે.

(૧) ૨૮ પ્રકૃતિનું સત્તાસ્થાન :- આ સત્તાસ્થાન ૧ થી ૧૧ ગુણસ્થાનક સુધી હોય છે.

(૨) ૨૭ પ્રકૃતિનું સત્તાસ્થાન :- સમ્યક્ત્વ મોહનીય વિના ૨૭ પ્રકૃતિઓ હોય છે. આ સત્તાસ્થાન ૧લા ગુણસ્થાનકે તથા પહેલા ગુણસ્થાનકથી ત્રીજા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે ત્યારે હોય છે.

(૩) ૨૬ પ્રકૃતિનું સત્તાસ્થાન :- સમ્યક્ત્વ મોહનીય-મિશ્રમોહનીય વિના ૨૬ પ્રકૃતિઓની સત્તા પહેલા ગુણસ્થાનકે જ હોય છે.

(૪) ૨૪ પ્રકૃતિનું સત્તાસ્થાન :- અનંતાનુબંધી ૪ કષાયવિના અપ્રત્યાખ્યાનાદિ ૧૨ કષાય - ૯ નોકષાય-૩ દર્શનમોહનીય આ સત્તાસ્થાન ચારેગતિમાં રહેલા જીવોને હોય છે

(૫) ૨૩ પ્રકૃતિનું સત્તાસ્થાન :- અપ્રત્યાખ્યાનાદિ ૧૨ કષાય-૯ નોકષાય-સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય. આ સત્તાસ્થાન ૮ વર્ષની ઉપરની ઉંમરનો મનુષ્ય પહેલા સંઘયણવાળો તીર્થંકરના કાળમાં રહેલો ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરતો હોય ત્યારે અનંતાનુબંધી ૪ અને મિથ્યાત્વ વિના ૨૩ પ્રકૃતિ હોય છે

(૬) ૨૨ પ્રકૃતિનું સત્તાસ્થાન :- અપ્રત્યાખ્યાનાદિ ૧૨ કષાય-૯ નોકષાય-સમ્યક્ત્વ મોહનીય. આ સત્તાસ્થાનની શરૂઆત મનુષ્યગતિમાં ક્ષાયિક સમકિત પ્રાપ્ત કરતા હોય છે તથા આ સત્તાસ્થાનમાં અર્થાત્ કાળકરી

૨૨નું સત્તા સ્થાન લઈને જીવ ચારેગતિમાથી કોઈપણ ગતિમાં જઈ શકે છે

(૭) ૨૧ પ્રકૃતિનું સત્તાસ્થાન :- અપ્રત્યાખ્યાનાદે ૧૨ કષાય અને ૯ નો કષાય આ સત્તાસ્થાન ક્ષાયિક સમકિતી જીવોને હોય છે. પ્રસ્થાપકરૂપે મનુષ્ય જ હોય છે. નિષ્ઠાપકરૂપે (પૂર્ણતા) ચારેગતિના સંજ્ઞી જીવો હોય છે. જે જીવો ૨૨ પ્રકૃતિનું સત્તાસ્થાન લઈને ચારે ગતિમાંથી કોઈપણ ગતિમાં ગયેલા હોય ત્યાં સમ્યકૂત્વ મોહનીયના દલિકો ભોગવીને ક્ષય કરે ત્યારે ૨૧ પ્રકૃતિનું સ્થાન પ્રાપ્ત કરે છે.

(૮) ૧૩ પ્રકૃતિનું સત્તાસ્થાન :- સંજ્વલન ૪ કષાય અને ૯ નોકષાય આ સત્તાસ્થાન ક્ષપકશ્રેણીમાં રહેલા મનુષ્યોને જ હોય છે.

(૯) ૧૨ પ્રકૃતિનું સત્તાસ્થાન :- સંજ્વલન ૪ કષાય હાસ્યાદિ ૬ પુરૂષવેદ અને સ્ત્રીવેદ આ સત્તાસ્થાન ક્ષપકશ્રેણીવાળા જીવોને જ હોય છે.

(૧૦) ૧૧ પ્રકૃતિનું સત્તાસ્થાન :- સંજ્વલન ૪ કષાય-હાસ્યાદિ-૬-પુરૂષવેદ આ સત્તાસ્થાન ક્ષપકશ્રેણીવાળા જીવોને જ હોય છે.

(૧૧) ૫, પ્રકૃતિનું સત્તાસ્થાન :- સંજ્વલન ૪ કષાય પુરૂષવેદ આ સત્તાસ્થાન ક્ષપકશ્રેણીમાં ૯મા ગુણસ્થાનકે હોય છે.

(૧૨) ૪, પ્રકૃતિનું સત્તાસ્થાન :- સંજ્વલન ૪ કષાય આ સત્તાસ્થાન ક્ષપકશ્રેણીમાં ૯મા ગુણસ્થાનકના ૭, મા ભાગે હોય છે.

(૧૩) ૩, પ્રકૃતિનું સત્તાસ્થાન :- સંજ્વલન માન-માયા અને લોભ આ સત્તાસ્થાન ક્ષપકશ્રેણીમાં ૯મા ગુણસ્થાનકના ૮મા ભાગે હોય છે.

(૧૪) ૨ પ્રકૃતિનું સત્તાસ્થાન :- સંજ્વલન માયા અને લોભ આ સત્તાસ્થાન ક્ષપકશ્રેણીમાં ૯મા ગુણસ્થાકના ૯મા ભાગે હોય છે.

(૧૫) ૧પ્રકૃતિનું સત્તાસ્થાન :- સંજ્વલન - લોભ આ સત્તાસ્થાન ક્ષપકશ્રેણીમાં ૧૦મા ગુણસ્થાનકમાં રહેલા જીવોને હોય છે.

આ રીતે મોહનીકર્મના ૧૫ સત્તાસ્થાનો થાય છે તથા બંધ- ઉદય- અને સત્તાસ્થાનકોના સંવેધ ભાંગાના વિકલ્પો ઘણા થાય છે

મોહનીયના બંધસ્થાને ભાંગા

છબ્બાવીસે ચઉ ઈગવીસે
સત્તારસ તેરસે દો દો
નવ બંધગે વિ દુણિણઉ

ઈક્કિક્કમઓ પરં ભંગા ॥૧૬॥

ભાવાર્થ :- ૨૨ના બંધે ૬ ભાંગા, ૨૧ના બંધે ૪ ભાંગા. ૧૭, ૧૩, અને ૯ના બંધના ૨- ૨, ભાંગા તથા પાંચઆદિથી ૧,ના બંધ સુધી ૧-૧- ભાંગો હોય છે. ॥૧૬॥

વિશેષાર્થ :- મોહનીય કર્મના બંધસ્થાને ભાંગાઓનું વર્ણન

(૧) ૨૨ પ્રકૃતિના બંધસ્થાને :- ૬ ભાંગા થાય છે

(૧) હાસ્યરતિ-પુરૂષવેદ (૨) હાસ્યરતિ-સ્ત્રીવેદ (૩) હાસ્યરતિ-નપુંસકવેદ (૪) અરતિ-શોક-પુરૂષવેદ (૫) અરતિશોક-સ્ત્રીવેદ(૬) અરતિ-શોક-નપુંસકવેદ હાસ્યરતિ અથવા અરતિશોક તથા ત્રણ વેદ આ પ્રકૃતિઓ પરાવર્તમાનરૂપ હોવાથી તથા પ્રતિપક્ષી હોવાથી વિકલ્પે બંધાય છે તેથી ભાંગા પડે છે.

(૨) ૨૧ના બંધસ્થાને ચારભાંગા

(૧) હાસ્યરતિ-પુરૂષવેદ (૨) હાસ્યરતિ-સ્ત્રીવેદ

(૩) અરતિશોક-પુરૂષવેદ (૪) અરતિશોક-સ્ત્રીવેદ

આ બંધસ્થાને નપુંસકવેદ બંધાતો ન હોવાથી તેના ભાંગા થતા નથી

(૩) ૧૭ પ્રકૃતિના બંધસ્થાને બે ભાંગા

(૧) હાસ્યરતિ - પુરૂષવેદ (૨) અરતિ-શોક-પુરૂષવેદ

આ બંધસ્થાન ત્રીજા અને ચોથા ગુણસ્થાનકે હોય છે.

(૪) ૧૩ પ્રકૃતિના બંધસ્થાને ૨ ભાંગા

(૧) હાસ્યરતિ - પુરૂષવેદ (૨) અરતિશોક - પુરૂષવેદ

આ બંધસ્થાન પાંચમા ગુણસ્થાનકે હોય છે.

(૫) ૯ પ્રકૃતિના બંધસ્થાને ૨ ભાંગા

(૧) હાસ્યરતિ - પુરૂષવેદ (૨) અરતિ-શોક - પુરૂષવેદ

આ બે ભાંગા છઠ્ઠા ગુણસ્થાનકે હોય છે. છઠ્ઠા ગુણસ્થાનકના અંતે અરતિ-શોકનો અંત થતા સાતમા અને આઠમા ગુણસ્થાનકે હાસ્ય-રતિ પુરૂષવેદરૂપ ૧ભાંગો હોય છે. ૫, ૪, ૩, ૨, અને ૧, આ પાંચ બંધસ્થાને અનુક્રમે ૧, ૧ ભાંગો હોય છે આ રીતે કુલ મોહનીયકર્મના ૧૦ બંધસ્થાનના ૬+૪+૨+૨+૨+૧+૧+૧+૧+૧=૨૧ ભાંગા થાય છે

મોહનીયના બંધસ્થાને ઉદયસ્થાન

દસ બાવીસે નવ ઈગવીસે
સત્તાઈ ઉદય કમ્મંસા,
છાઈ નવ સત્તારસે
તેરે પંચાઈ અટ્ઠેવ ॥૧૭॥

ભાવાર્થ :- ૨૨ પ્રકૃતિના બંધસ્થાને ૭ થી ૧૦ પર્યન્ત ઉદય સ્થાનો હોય છે. ૨૧ના બંધે ૭ થી ૯, ૧૭ના બંધે ૬ થી ૯, ૧૩ના બંધે પથી૮ ઉદયસ્થાનકો હોય છે. ॥૧૭॥

વિશેષાર્થ :- મોહનીયકર્મના બંધસ્થાનને વિશે ઉદયસ્થાનોનું વર્ણન :-

૨૨ પ્રકૃતિના બંધસ્થાને ૪ ઉદય સ્થાન હોય છે. ૭,૮,૯, અને ૧૦, પ્રકૃતિના ઉદયસ્થાનો

૭ પ્રકૃતિનું ઉદયસ્થાન :- આ ઉદયસ્થાન પહેલા ગુણસ્થાનકે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા જીવોને હોય છે.

એક આવલિકા સુધી અનંતાનુબંધીના ઉદય રહિત આ ઉદય સ્થાન જાણવું

૪થા ગુણસ્થાનકે ક્ષયોપક્ષમ સમક્તિના કાળમાં અનંતાનુબંધી ૪ કષાયનો ક્ષયકરી ૨૪ની સત્તા પ્રાપ્ત કરી પતિત-પરિણામી થઈ પહેલા ગુણસ્થાનકે આવે ત્યારે મિથ્યાત્વની સાથે જ અનંતાનુબંધી કષાય બંધાતા હોવાથી ૨૮ પ્રકૃતિની સત્તાવાળો થાય છે બંધાવલિકાબાદ ઉદય પ્રાપ્ત થતો હોવાથી ૧ આવલિકા સુધી અનંતાનુબંધીનો ઉદય હોતો નથી

આ ઉદય સ્થાનના ૨૪ ભાંગા થાય છે ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય,

(૧) અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય-સંજ્વલનક્રોધ-હાસ્યરતિ-પુરૂષવેદ અને મિથ્યાત્વ
(૨) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલનક્રોધ-હાસ્યરતિ-સ્ત્રીવેદ-મિથ્યાત્વ
(૩) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલનક્રોધ-હાસ્યરતિ-નપુંસકવેદ-મિથ્યાત્વ
(૪) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલનક્રોધ-અરતિશોક-પુરૂષવેદ-મિથ્યાત્વ
(૫) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલનક્રોધ-અરતિશોક-સ્ત્રીવેદ-મિથ્યાત્વ
(૬) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલનક્રોધ-અરતિશોક-નપુંસકવેદ-મિથ્યાત્વ
(૭) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલન માન-હાસ્યરતિ-પુરૂષવેદ-મિથ્યાત્વ

(૮) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલન માન-હાસ્યરતિ-સ્ત્રીવેદ-મિથ્યાત્વ
(૯) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલન માન-હાસ્યરતિ-નપુંસકવેદ- મિથ્યાત્વ
(૧૦) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલન માન-અરતિશોક-પુરૂષવેદ- મિથ્યાત્વ
(૧૧) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલન માન-અરતિશોક-સ્ત્રીવેદ-મિથ્યાત્વ
(૧૨) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલ માન-અરતિશોક-નપુંસકવેદ-મિથ્યાત્વ
(૧૩) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલન માયા-હાસ્યરતિ-પુરૂષવેદ-મિથ્યાત્વ
(૧૪) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલન માયા-હાસ્યરતિ-સ્ત્રીવેદ-મિથ્યાત્વ
(૧૫) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલન માયા-હાસ્યરતિ-નપુંસકવેદ-મિથ્યાત્વ
(૧૬) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલન માયા-અરતિશોક-પુરૂષવેદ-મિથ્યાતત્વ
(૧૭) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલન માયા-અરતિશોક-સ્ત્રીવેદ-મિથ્યાત્વ
(૧૮) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલન માયા-અરતિશોક-નપુંસકવેદ- મિથ્યાત્વ
(૧૯) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલન લોભ-હાસ્યરતિ-પુરૂષવેદ-મિથ્યાત્વ
(૨૦) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલન લોભ-હાસ્યરતિ-સ્ત્રીવેદ-મિથ્યાત્વ
(૨૧) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલન લોભ-હાસ્યરતિ-નપુંસકવેદ- મિથ્યાત્વ
(૨૨) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલન-લોભ-અરતિશોક-પુરૂષવેદ- મિથ્યાત્વ
(૨૩) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલન લોભ-અરતિશોક-સ્ત્રીવેદ-મિથ્યાત્વ
(૨૪) અપ્રત્યાખ્યાની-પ્રત્યાખ્યાની-સંજ્વલન લોભ-અરતિશ્નોક-નપુંસકવેદ- મિથ્યાત્વ

૨) ૭ + ભય = આ ૮ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ=૨૪ ભાંગા થાય છે.

૩) ૭+જીુગુપ્સા =૮ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ =૨૪ ભાંગા થાય છે.

૪) ૭ + ભય + જીુગુપ્સા =૯ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.
આ રીતે ૪ ચોવીશીના ૯૬ ભાંગા પહેલા ગુણસ્થાનકે અનંતાનુબંધી ઉદય રહિત ૧ આવલિકા સુધી રહેલા જીવોને હોય છે.

૫) ૭ + અનંતાનુબંધી કષાય આ આઠ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.

૬) ૭ + અનંતાનુબંધી કષાય + ભય = ૯ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.

૭) ૭ + અનંતાનુબંધી કષાય + જુગુપ્સા = ૯ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.

૮) ૭ + અનંતાનુબંધી કષાય + ભય + જુગુપ્સા = ૧૦ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.

આ રીતે ૨૨ પ્રકૃતિના બંધે અનંતાનુબંધી સહિત ચાર ચોવીશીના ૯૬ ભાંગા થાય છે.

આ રીતે ૨૨ના બંધે ૪ ઉદયસ્થાનની ૮ ચોવીશીના ૧૯૨ ભાંગા થાય છે.

૨૧ પ્રકૃતિના બંધે ૯૬ ભાંગાનું વર્ણન

૧) ૪ કષાય + ૧ યુગલ + કોઈપણ ૧ વેદ = ૭ પ્રકૃતિનો ઉદય ધ્રુવોદયી હોય છે. આ ૭ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ =૨૪ ભાંગા થાય છે.

૨) ૭ + ભય = ૮ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ= ૨૪ ભાંગા થાય છે.

૩) ૭ + જુગુપ્સા =૮ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ= ૨૪ ભાંગા થાય છે.

૪) ૭ + ભય + જુગુપ્સા = ૯ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ= ૨૪ ભાંગા થાય છે.

આ રીતે ૨૧ પ્રકૃતિના બંધે ૪ ચોવીશીના ૯૬ ભાંગા થાય છે.

૧૭ પ્રકૃતિના બંધે ઉદયભાંગાનું વર્ણન

ત્રીજા ગુણસ્થાનકે અપ્રત્યાખ્યાનાદિ ૩ કષાય-૧ યુગલ-૧ વેદ અને મિશ્રમોહનીય આ ૭ પ્રકૃતિઓ ધ્રુવોદયી ગણાય છે.

૧) આ ૭ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.

૨) ૭ + ભય =૮ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.

૩) ૭ + જુગુપ્સા = ૮ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.

૪) ૭ + ભય + જુગુપ્સા = ૯ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X

૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.

આ રીતે ત્રીજા ગુણસ્થાનકે ૧૭ના બંધે ૪ ચોવીશીના ૯૬ ઉદય ભાંગા થાય છે.

ચોથા ગુણસ્થાનકે અપ્રત્યાખ્યાનાદિ ૩ કષાય + ૧ યુગલ + ૧ વેદ

૧) આ છ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.

૨) ૬ + ભય = ૭ના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ= ૨૪ ભાંગા થાય છે.

૩) ૬ + જુગુપ્સા =૭ના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ= ૨૪ ભાંગા થાય છે.

૪) ૬ + ભય + જુગુપ્સા =૮ના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ= ૨૪ ભાંગા થાય છે.

આ રીતે ૧૭ના બંધે ઉપશમ સમકિતી તથા ક્ષાયિક સમકિતી જીવોને ૪ ચોવીશીના ૯૬ ઉદય ભાંગા થાય છે.

૫) ૬ + સમ્યક્ત્વ મોહનીય= ૭ના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા

૬) ૬ + ભય + સમ્યક્ત્વ મોહનીય = ૮ના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા

૭) ૬ + જુગુપ્સા + સમ્યક્ત્વ મોહનીય = ૮ના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા

૮) ૬ + ભય + જાગુપ્સા+ સમ્યક્ત્વ મોહનીય = ૯ ના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા

આ રીતે ૧૭ના બંધે ક્ષયોપક્ષમ સમકિતી જીવોને૪ ચોવીશીના ૯૬ ઉદય ભાંગા થાય છે.

આ રીતે ૧૭ના બંધે કુલ ત્રણે સમકિતી જીવોને આશ્રયીને ૯૬+૯૬= ૧૯૨ ઉદયભાંગા થાય છે.

ત્રીજા ગુણસ્થાનકના ૯૬ ભાંગા અધિક કરીએતો ૧૯૨+૯૬=૨૮૮ ભાંગા થાય છે.

૧૩ પ્રકૃતિના બંધે ઉદય ભાંગાનું વર્ણન

૧) પ્રત્યાખ્યાનાદિ ૨ કષાય + ૧ યુગલ + ૧ વેદ = ૫ આ પાંચ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.

૨) ૫ + ભય = ૬ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ= ૨૪ ભાંગા થાય છે.

૩) ૫ + જાગુપ્સા = ૬ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.

૪) ૫ + ભય + જુગુપ્સા = ૭ પ્રકૃતિના ઉદયના X ૪ કષાય X ૨ યુગલ ૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.

આ રીતે ૧૩ ના બંધે ઉપશમ અને ક્ષાયિક સમકિતી જીવોને આશ્રયી ને ૪ ચોવીશીના ૯૬ ઉદયભાંગા થાય છે.

૫) ૫ + સમ્યક્ત્વ મોહનીય = ૬ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.

૬) ૫ + સમ્યક્ત્વ મોહનીય + ભય = ૭ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ= ૨૪ ભાંગા થાય છે.

૭) ૫ + સમ્યક્ત્વ મોહનીય + જુગુપ્સા = ૭ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.

૮) ૫ + સમ્યક્ત્વ મોહનીય + ભય + જુગુપ્સા = ૮ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.

આ રીતે ૧૩ના બંધે ક્ષયોપક્ષમ સમકિતી જીવોને આશ્રયીને ૪ ચોવીશીના ૯૬ ઉદય ભાંગા થાય છે.

૧૩ના બંધે કુલ ત્રણે સમકિતી જીવોને આશ્રયીને ૯૬+૯૬= ૧૯૨ ઉદય ભાંગા થાય છે.

चत्तारिआई नवबंधअेसु,
उक्कोस सत्तमुदयंसा
पंचविहबंधगेपुण,
उदओ दुण्हं मुणेअव्वो ॥१८॥

ભાવાર્થ :- ૯ પ્રકૃતિના બંધે ૪ થી ૭ ઉદયસ્થાનકો હોય છે. તથા ૫ પ્રકૃતિના બંધે ૨ પ્રકૃતિનો ઉદય જાણાવો ॥૧૮॥

ઇત્તો ચઉ બંધાઈ
ઇક્કિક્કુદયા હવંતિ સવ્વેવિ
બધોવરમેવિતહા
ઉદયાભાવે વિ વા હુજ્જા ॥૧૯॥
મોહનીયના ઉદય સ્થાને ભાંગા
ઇક્કગ છક્કિક્કારસ,
દસ સત્ત ચઉક્ક ઇક્કગં ચેવ
એ એ ચઉવીસગયા
બાર દુગિક્કંમિ ઇક્કારા ॥૨૦॥

ભાવાર્થ :- પાંચ પ્રકૃતિના બંધ પછી ૪ આદિ બંધ સ્થાનકોને વિષે ૧-૧ પ્રકૃતિનું ઉદયસ્થાનક હોય છે. બંધના અભાવમાં પણ ૧ પ્રકૃતિનું ઉદયસ્થાન પણ હોય બંધ તથા ઉદયના અભાવમાં મોહનીય કર્મની સત્તા પણ હોય છે. ॥૧૯॥

દશ વિગેરે ઉદય સ્થાનોના અનુક્રમે (૧૦-૯-૮-૭-૬-૫-૪-૨-૧) ૧-૬-૧૧-૧૦-૭-૪- અને ૧=આ ૪૦ ચોવીશી ઉદય ભાંગા થાય છે. ૨ના ઉદયના ૧૨ ભાંગા અને ૧ના ઉદયના ૧૧ ઉદય ભાંગા થાય છે. ॥૨૦॥

વિશેષાર્થ :- ૯ પ્રકૃતિના બંધે ઉદયભાંગાનું વર્ણન

૧) સંજ્વલનકષાય +૧ યુગલ +૧ વેદ = ૪ પ્રકુતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.

૨) ૪ + ભય = ૫ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.

૩) ૪ + જુગુપ્સા = ૫ પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ= ૨૪ ભાંગા થાય છે.

૪) ૪ + ભય + જુગુપ્સા = ૬પ્રકૃતિના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય છે.

આ રીતે ૯ ના બંધે ઉપશમ અને ક્ષાયિક સમકિતી જીવોને આશ્રયીને ૪ ચોવીશીના ૯૬ ઉદયભાંગા થાય છે.

૧૩ ના અને ૯ ના બંધે ઉપશમ સમકિતીના જે ઉદય ભાંગા કહેલા છે તે ઉપશમશ્રેણીથી પડીને આવેલા જીવોને જાણવા, ઉપશમશ્રેણી ચઢતાજીવોને

જાણવા તથા અનાદિ મિથ્યાદ્રષ્ટિજીવ ઉપશમ સમકિતની સાથેજ ૫, ૬, કે ૭ માંથી કોઈપણ ગુણસ્થાનકને પ્રાપ્ત કરે ત્યારે ઘટે છે.

ક્ષાયિક સમકિતી જીવોને જે ઉદય ભાંગા કહેલા છે. તે સંખ્યાતવર્ષના આયુષ્યવાળા મનુષ્યોને આશ્રયીને જાણવા

૫) ૪ + સમ્યક્ત્વ મોહનીય = આ પાંચના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય

૬) ૪ + ભય + સમ્યક્ત્વ મોહનીય = ૬ના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય

૭) ૪ + જાગુપ્સા + સમ્યક્ત્વ મોહનીય = ૬ ના ઉદયના ૪ કષાય ૨ યુગલ ૩ વેદ= ૨૪ ભાંગા

૮) ૪ + ભય + જાુગુપ્સા + સમ્યક્ત્વ મોહનીય = ૭ના ઉદયના ૪ કષાય X ૨ યુગલ X ૩ વેદ = ૨૪ ભાંગા થાય

આ રીતે ૯ના બંધે ક્ષયોપક્ષમ સમકિતીજીવ આશ્રયીને ૪ ચોવીશીના ૯૬ ભાંગા થાય છે.

આ રીતે ૯ના બંધે કુલ ત્રણે સમકિતી જીવોને આશ્રયીને ૯૬+૯૬=૧૯૨ ઉદય ભાંગા થાય છે.

પાંચના બંધે ઉદયભાંગાનું વર્ણન

પાંચનાબંધે ૨ પ્રકૃતિનો ઉદય હોય છે. કારણ કે ૮મા ગુણસ્થાનકના અંતે હાસ્યાદિ ૬ કષાયનો ઉદયમાંથી અંત થતા કોઈપણ ૧ કષાય અને કોઈપણ ૧ વેદ એમ ૨ પ્રકૃતિનો ઉદય હોય છે.

સંજ્વલનકષાય + કોઈપણ ૧ વેદ = ૨ આ બે પ્રકૃતિના ૪ કષાય X ૩ વેદ= ૧૨ ભાંગા થાય છે.

૪ના બંધે ૧ પ્રકૃતિનો ઉદય હોય છે. સંજ્વલન ૪ કષાયમાંથી કોઈપણ ૧ કષાયનો ઉદય તેથી ૪ ભાંગા ગણાય છે.

૩ના બંધે ૧ પ્રકૃતિનો ઉદય હોય છે સંજ્વલન માન, માયા અને લોભ આ ૩માંથી કોઈપણ ૧નો ઉદય હોવાથી ત્રણ ભાંગા ગણાય છે.

૨ પ્રકૃતિનાબંધે ૧નો ઉદય હોય છે. સંજ્વલન માયા અથવા લોભનો ઉદય હોવાથી ૨ ભાંગા ગણાય છે.

૧ ના બંધે ૧નો ઉદય હોય છે. સંજ્વલન લોભ ૧ ભાંગો ગણાય છે. અબંધે ૧૦મા ગુણસ્થાનકે ૧ સંજ્વલન લોભનો ઉદય હોવાથી ૧ ભાંગો ગણાય છે.

આ રીતે ૪ આદિના બંધે તથા ૧ પ્રકૃતિના ઉદયના કુલ ૧૧ ભાંગા થાય છે. (૪+૩+૨+૧+૧=૧૧)

તથા અબંધે અને અનુદયે મોહનીયકર્મના સત્તાસ્થાનોના વિકલ્પો હોય છે.

મોહનીય કર્મના ઉદયભાંગાઓનું વર્ણન

૧૦ના ઉદયના ૧ ચોવીશી = ૨૪ ઉદય ભાંગા થાય છે

૯ના ઉદયની ૬ ચોવીશી ભાંગાઓનું વર્ણન

પહેલા ગુણસ્થાનકે ૩ ઉદયચોવીશી

૧) ૭ + ભય + જુગુપ્સા = ૯ (૨) ૭ + ભય + અનંતાનુબંધી = ૯

૩) ૭ + જુગુપ્સા + અનંતાનુબંધી = ૯ આ ત્રણ ઉદયની ૩ ચોવીશી = ૭૨ ભાંગા થાય છે.

બીજા ગુણસ્થાનકે ૭+ભય + જુગુપ્સા = ૯ ની૧ ચોવીશી = ૨૪ ભાંગા

ત્રીજા ગુણસ્થાનકે ૭ + જુગુપ્સા + ભય = ૯ની૧ ચોવીશી= ૨૪ ભાંગા

ચોથા ગુણસ્થાનકે ૬+ભય + જાગુપ્સા + સમ્યક્ત્વમોહનીય = ૯ની ૧ ચોવીશી = ૨૪ ભાંગા

આ રીતે ૯ના ઉદયના ૬ ચોવીશી = ૧૪૪ ઉદય ભાંગા થાય છે.

૮ના ઉદયે ચોવીશી ભાંગાઓનું વર્ણન

પહેલા ગુણસ્થાનકે ૩ ઉદયચોવીશી = ૭૨ ભાંગા થાય છે.

૧) ૭ + ભય = ૮ના ઉદયે ૧ ચોવીશી = ૨૪ ભાંગા

૨) ૭ + જુગુપ્સા = ૮ના ઉદયે ૧ ચોવીશી = ૨૪ ભાંગા થાય છે.

૩) ૭ + અનંતાનુબંધી = ૮ના ઉદયે ૧ ચોવીશી = ૨૪ ભાંગા થાય છે.

૪) બીજા ગુણસ્થાનકે ૭+ભય=૮ના ઉદયે ૧ ચોવીશી=૨૪ ભાંગા થાય છે.

૫) ત્રીજા ગુણસ્થાનકે ૭+જુગુપ્સા=૮ના ઉદયે ૧ ચોવીશી=૨૪ ભાંગા થાય છે.

ત્રીજા ગુણસ્થાનકે બે ઉદય ચોવીશી ૪૮ ભાંગા થાય છે.

૬) ૭ + ભય = ૮ના ઉદયે ૧ ચોવીશી = ૨૪ ભાંગા થાય છે.

૭) ૭ + જુગુપ્સા = ૮ના ઉદયે ૧ ચોવીશી = ૨૪ ભાંગા થાય છે.

ચોથા ગુણસ્થાનકે ૮ના ઉદયની ત્રણ ચોવીશી = ૭૨ ભાંગા થાય છે.

૮) ૬ + ભય + જુગુપ્સા=૮ના ઉદયે ૧ ચોવીશી = ૨૪ ભાંગા થાય છે.

૯) ૬ + ભય +સમ્યક્ત્વ મોહનીય=૮ના ઉદયે ૧ ચોવીશી = ૨૪ ભાંગા

૧૦) ૬ + જુગુપ્સા સમ્યક્ત્વ મોહનીય=૮ના ઉદયે ૧ ચોવીશી=૨૪ ભાંગા

પાંચમા ગુણસ્થાનકે ૮ના ઉદયની ૧ ચોવીશી

૧૧) ૫+ભય+જુગુપ્સા+સમ્યક્ત્વ મોહનીય=૮ ના ઉદયની ૧ ચોવીશી=૨૪ ભાંગા

આ રીતે ૮ના ઉદયની ૩ + ૨ + ૨ + ૩ + ૧ = ૧૧ ચોવીશી = ૨૬૪ ભાંગા થાય છે.

૭ના ઉદયના ૨૪ ભાંગાઓનું વર્ણન

૧) પહેલા ગુણસ્થાનકે ૭ના ઉદયની ૧ ચોવીશી = ૨૪ ભાંગા

૨) બીજા ગુણસ્થાનકે ૭ના ઉદયની ૧ ચોવીશી = ૨૪ ભાંગા

૩) ત્રીજા ગુણસ્થાનકે ૭ના ઉદયની ૧ ચોવીશી = ૨૪ ભાંગા

૪) ચોથા ગુણસ્થાનકે ૬ + ભય = ૭ના ઉદયની ૧ ચોવીશી = ૨૪ ભાંગા

૫) ચોથા ગુણસ્થાનકે ૬ + જુગુપ્સા = ૭ના ઉદયની ૧ ચોવીશી = ૨૪ ભાંગા

૬) ચોથા ગુણસ્થાનકે ૬ + સમ્યક્ત્વ મોહનીય = ૭ના ઉદયની ૧ ચોવીશી = ૨૪ ભાંગા

૭) પાંચમા ગુણસ્થાનકે ૫ + ભય + જુગુપ્સા = ૭ના ઉદયની ૧ ચોવીશી = ૨૪ ભાંગા

૮) પાંચમા ગુણસ્થાનકે ૫ + ભય + સમ્યક્ત્વ મોહનીય = ૭ના ઉદયની ૧ ચોવીશી ૨૪ ભાંગા

૯) પાંચમા ગુણસ્થાનકે ૫ + જુગુપ્સા + સમ્યક્ત્વ મોહનીય = ૭ના ઉદયની ૧ ચોવીશી = ૨૪ ભાંગા

૧૦) છઠ્ઠા ગુણસ્થાનકે ૪ + ભય + જુગુપ્સા + સમ્યક્ત્વ મોહનીય = ૭ના ઉદયની ૧ ચોવીશી = ૨૪ ભાંગા

આ રીતે ૭ના ઉદયની ૧+૧+૧+૩+૩+૧= ૧૦ ઉદયચોવીશી = ૨૪૦ ઉદયભાંગા થાય છે.

૬ના ઉદયના ઉદયભાંગાઓનું વર્ણન

૧) ચોથા ગુણસ્થાનકે છના ઉદયની ૧ ચોવીશી = ૨૪ ભાંગા થાય છે.
૨) પાંચમા ગુણસ્થાનકે પાંચ + ભય = છના ઉદયની ૧ ચોવીશી = ૨૪ ભાંગા
૩) પાંચમા ગુણસ્થાનકે પાંચ + જુગુપ્સા = ૬ના ઉદયની ૧ ચોવીશી = ૨૪ ભાંગા
૪) પાંચમા ગુણસ્થાનકે ૫ + સમ્યક્ત્વ મોહનીય = ૬ના ઉદયની ૧ ચોવીશી = ૨૪ ભાંગા
૫) છઠ્ઠા ગુણસ્થાનકે ૪ + ભય + જાગુપ્સા = ૬ના ઉદયે ૧ ચોવીશી = ૨૪ ભાંગા
૬) છઠ્ઠા ગુણસ્થાનકે ૪ + ભય + સમ્યક્ત્વ મોહનીય= ૬ના ઉદયે ૧ ચોવીશી = ૨૪ ભાંગા
૭) છઠ્ઠા ગુણસ્થાનકે ૪ + જુગુપ્સા + સમ્યક્ત્વમોહનીય = ૬ના ઉદયે ૧ ચોવીશી = ૨૪ ભાંગા

આ રીતે ૬ના ઉદયની ૧+૩+૩=૭ ઉદય ચોવીશી = ૧૬૮ ભાંગા થાય છે.

પાંચના ઉદયના ઉદય ભાંગાઓનું વર્ણન

૧) પાંચમા ગુણસ્થાનકે પાંચના ઉદયની ૧ ચોવીશી = ૨૪ ભાંગા થાય છે.
૨) છઠ્ઠા ગુણસ્થાનકે ૪ + ભય = પાંચના ઉદયની ૧ ચોવીશી = ૨૪ ભાંગા થાય છે.
૩) છઠ્ઠા ગુણસ્થાનકે ૪ + જુગુપ્સા = પાંચના ઉદયની ૧ ચોવીશી = ૨૪ ભાંગા થાય છે.
૪) છઠ્ઠા ગુણસ્થાનકે ૪ + સમ્યક્ત્વ મોહનીય = પાંચના ઉદયની ૧ ચોવીશી = ૨૪ ભાંગા થાય છે.

આ રીતે પાંચના ઉદયની ૧+૩ =૪ ઉદય ચોવીશી = ૯૬ ભાંગા થાય ૪ના ઉદયની ૧ ચોવીશી = ૨૪ ભાંગા થાય છે.

આ રીતે કુલ ૧+૬+૧૧+૧૦+૭+૪+૧ = ૪૦ ઉદય ચોવીશી ૯૬૦ ઉદય ભાંગા થાય છે.

૨ના ઉદયના ૧૨ અને ૧ ના ઉદયના ૧૧=૨૩ ભાંગા ઉમેરતા ૯૬૦+૨૩=૯૮૩ ભાંગા થાય છે.

ઉદયભાંગા તથા પદવૃંદ

નવતેસીઈસએહિં,
ઉદય વિગપ્પેહિં મોહિઆ જીવા,
અઉણુત્તરિસીઆલા,
પયવિંદસએહિં વિન્નેઆ ॥૨૧॥

અન્ય મતે ઉદયભાંગા અને પદવૃંદ

નવ પંચાણઉઅસએ
ઉદયવિગપ્પેહિં મોહિઆ જીવા
અઉણુત્તરિ એગુત્તરિ,
પયવિંદસએહિં વિન્નેઆ ॥૨૨॥

ભાવાર્થ :-૯૮૩ ઉદયના ભાંગાએ તથા ૬૯૪૭ પદના સમૂહે સંસારી જીવો મુંઝાયેલા જાણવા. અન્યમતે ૯૯૫ ઉદય ભાંગાએ તથા ૬૯૬૧ પદના સમૂહે સંસારીજીવો મુંઝાયેલા હોય છે ॥૨૧॥

વિશેષાર્થ :- મોહનીય કર્મના ઉદયભાંગા ૯૮૩ થાય છે. એ ૯૮૩ ભાંગાએ જગતમાં રહેલા ૧ થી ૧૦ ગુણસ્થાનક સુધીના જીવો આ વિકલ્પોમાં મન-વચન અને કાયાથી પરિણામની ધારાએ મુંઝીયેલા હોય છે.

ઉદયપદોનું વર્ણન

૧) અહીંયા ૧-૧ પ્રકૃતિનું નામ તે ૧-૧ પદ કહેવાય છે. ૧૦ના ઉદયમાં ૧-૧માં દસ દસ પદ હોવાથી દસ પદ કહેવાય છે.

૨) ૯ના ઉદયમાં છ રીતે ઉદય સ્થાન હોય છે. તેથી ૯X૬=૫૪ પદ થાય છે.

૩) ૮ના ઉદયમાં એક એકમાં ૮-૮ પદ હોય. ઉદયસ્થાન જુદી જુદી રીતે ૧૧ થાય છે માટે ૧૧X૮=૮૮ પદ થાય છે.

૪) ૭ના ઉદયના ૧-૧માં ૭-૭ પદ હોય છે. જુદી જુદી રીતે ૭નો ઉદય ૧૦ પ્રકારે હોય છે. માટે ૧૦X૭ =૭૦ પદ થાય છે.

૫) ૬ના ઉદયમાં ૧-૧માં ૬-૬ પદ હોય છે. જુદી જુદી વિવક્ષાએ ૭ પ્રકારે ઉદય હોય છે. માટે ૬X૭ =૪૨ ઉદયપદ થાય છે.

૬) ૫ના ઉદયમાં ૫-૫ પદ હોય છે. જુદી જુદી વિવક્ષાએ ૪ પ્રકારે ઉદય સ્થાન હોય છે. માટે ૫X૪ = ૨૦ ઉદયપદ થાય છે.

૭) ૪ના ઉદયમાં ૪-૪ પદ હોય છે. એક જ પ્રકારે ઉદય હોવાથી ૪X૧=૪ ઉદય પદ થાય છે.

આ રીતે ૧૦+૫૪+૮૮+૭૦+૪૨+૨૦+૪=૨૮૮ ઉદયપદ થાય છે.

ઉદય પદ વૃન્દોનું વર્ણન

ઉદયભાંગા x ઉદય સ્થાનનો અંક = પદવૃન્દ

૧) ૧૦ના ઉદયે = ૨૪ ભાંગા ૨૪X૧૦ =૨૪૦ પદવૃંદ થાય છે.
૨) ૯ના ઉદયે = ૧૪૪ ભાંગા માટે ૧૪૪X૯ =૧૨૯૬ પદવૃંદ થાય છે.
૩) ૮ના ઉદયે = ૨૬૪ ભાંગા માટે ૨૬૪X૮ = ૨૧૧૨ પદવૃંદ થાય છે.
૪) ૭ના ઉદયે = ૨૪૦ ભાંગા માટે ૨૪૦X૭ = ૧૬૮૦ પદવૃંદ થાય છે.
૫) ૬ના ઉદયે = ૧૬૮ ભાંગા માટે ૧૬૮X૬ = ૧૦૦૮ પદવૃંદ થાય છે.
૬) ૫ના ઉદયે = ૯૬ ભાંગા માટે ૯૬X૫ = ૪૮૦ પદવૃંદ થાય છે.
૭) ૪ના ઉદયે = ૨૪ ભાંગા માટે ૨૪X૪ = ૯૬ પદવૃંદ થાય છે.
૮) ૨ના ઉદયે = ૧૨ ભાંગા માટે ૧૨X૨ = ૨૪ પદવૃંદ થાય છે.
૯) ૧ના ઉદયે = ૧૧ ભાંગા માટે ૧૧X૧ = ૧૧ પદવૃંદ થાય છે.

આ રીતે કુલ ૬૯૪૭ પદવૃંદ થાય છે.

મતાંતરે ૪ના બંધે - ૨ના ઉદયે ૧૨ ભાંગા અધિક ગણાતાં કુલ ૯૯૫ ઉદયભાંગા થાય તથા ૨X૧૨ = ૨૪ પદવૃંદ ૬૯૪૭માં અધિક કરતાં ૬૯૭૧ પદવૃંદ થાય છે.

બંધસ્થાને સત્તાસ્થાન

तिन्नेव य बावीसे
ईगवीसे अट्ठवीस सत्तरसे
छच्चेव तेरनवबंधएसु
पंचेव ठाणाणि ॥२३॥

पंचविह चउविहेसुं,
छछक्क सेसेसु जाण पंचेव
पतेअं पतेअं,
चतारि अ बंध वुच्छेए ॥२४॥

दसनव पन्नरसाई,

બંધોદય સંત પયડિ ઠાણાણિ,
ભણિઆણિ મોહણિજ્જે,
ઈતો નામં પરંવુચ્છં ॥૨૫॥

ભાવાર્થ :- ૨૨ના બંધસ્થાને ૩ સત્તાસ્થાન, ૨૧ના બંધે ૧ સત્તાસ્થાન, ૧૭, ૬, ૧૩, અને ૯ના બંધે પાંચ પાંચ સત્તા સ્થાનો નિશ્ચયે હોય છે. ॥૨૩॥

પાંચ અને ૪ના બંધે ૬,૬, સત્તાસ્થાન હોય છે. બાકીના બંધસ્થાનને વિષે ૫,૫, સત્તાસ્થાનો હોય છે. બંધના અભાવમાં ૪, સત્તાસ્થાન હોય છે. અને બંધ તથા ઉદયના અભાવમાં ૩ સત્તાસ્થાન હોય છે. ॥૨૪॥

મોહનીય કર્મને વિષે ૧૦ બંધસ્થાનો, ૯ ઉદયસ્થાનો તથા ૧૫ સત્તાસ્થાનો કહ્યા હવે આગળ નામકર્મ કહીશું ॥૨૫॥

વિશેષાર્થ :- મોહનીય કર્મના સંવેધ ભાંગાઓનું વર્ણન

૧) ૨૨ના બંધે સામાન્યથી ૩ સત્તાસ્થાનો હોય છે. ૨૮,૨૭, ૨૬,
૨૨ના બંધે બધભાંગા ૨, ઉદયસ્થાન ૭ પ્રકૃતિનું, ઉદયભાંગા =૨૪
બંધોદયભાંગા ૨x૨૪=૪૮ સત્તાસ્થાન ૧, ૨૮નું ઉદયસત્તા ભાંગા
૨૪x૧=૨૪ બંધોદય સત્તાભાંગા ૨x૨૪x૧=૪૮

૨) ૨૨ના બંધે બંધભાંગા=૨, ઉદયસ્થાન ૮નું ૭+ભય=૮
ઉદયભાંગા = ૨૪, બંધોદય ભાંગા ૨x૨૪=૪૮
સત્તાસ્થાન ૧, ૨૮નું ઉદયસત્તાભાંગા ૨૪x૧=૨૪
બંધોદય સત્તાભાંગા ૨x૨૪x૧=૪૮

૩) ૨૨ના બંધે બંધભાંગા=૨, ઉદયસ્થાન ૮નું ૭+જુગુપ્સા=૮
ઉદયભાંગા =૨૪ બંધોદયભાંગા ૨x૨૪=૪૮
સત્તાસ્થાન =૧ ૨૮નું, ઉદયસત્તાભાંગા ૨૪x૧=૨૪
બંધોદય સત્તાભાંગા ૨x૨૪x૧=૪૮

૪) ૨૨ના બંધે બંધ ભાંગા ૨ ઉદયસ્થાન ૯નું ૭+ભય+જુગુપ્સા=૯
ઉદયભાંગા=૨૪ બંધોયદભાંગા ૨x૨૪=૪૮
સત્તાસ્થાન ૧, ૨૮નું ઉદય સત્તાભાંગા ૨૪x૧=૨૪
બંધોદય સત્તાભાંગા ૨x૨૪x૧=૪૮

૫) ૨૨ના બંધે બંધભાંગા =૬ ઉદયસ્થાન ૮નું ૭+અનંતાનુબંધી=૮

ઉદયભાગા =૨૪ બંધોદયભાંગા ૬X૨૪=૧૪૪
સત્તાસ્થાનઉ. ૨૮,૨૭,૨૬ ઉદયસત્તાભાંગા ૨૪X૩=૭૨
બંધોદય સત્તાભાંગા ૬X૨૪X૩=૪૩૨

૬) ૨૨ના બંધે બંધભાંગા =૬ ઉદયસ્થાન ૯નું ૭ + ભય + અનંતાનુબંધી=૯
ઉદયભાંગા =૨૪ બંધોદયભાંગા ૬X૨૪=૧૪૪
સત્તાસ્થાન ઉ. ૨૮,૨૭,૨૬ ઉદયસત્તાભાંગા ૨૪X૩=૭૨
બંધોદય સત્તાભાંગા ૬X૨૪X૩=૪૩૨

૭) ૨૨ના બંધે બંધભાંગા=૬ ઉદયસ્થાન=૯નું ૭+જીુગુપ્સા+અનંતાનુબંધી=૯
ઉદયભાંગા=૨૪ બંધોદયભાંગા ૨૪X૬=૧૪૪
સત્તાસ્થાન ઉ. ૨૮,૨૭,૨૬, ઉદયસત્તાભાંગા ૨૪X૩=૭૨
બંધોદય સત્તાભાંગા ૬X૨૪X૩=૪૩૨

૮) ૨૨ના બંધે બંધભાંગા=૬ ઉદયસ્થાન૧૦,૭+ભય+જીુગુપ્સા+અનંતાનુબંધી=૧૦
ઉદયભાંગા=૨૪ બંધોદયભાંગા ૬X૨૪=૧૪૪
સત્તાસ્થાન ઉ. ૨૮,૨૭,૨૬, ઉદયસત્તાભાંગા ૨૪X૩=૭૨
બંધોદય સત્તાભાંગા ૬X૨૪X૩=૪૩૨,

૨૨ના બંધે અનંતાનુબંધી રહિત ૪ ઉદય ચોવીશી એટલે કે ૯૬ ઉદયભાંગા જણાવેલ છે. તેમાં જે જીવો ૪ થી ૭ ગુણસ્થાનકમાં અનંતાનુબંધી ૪ કષાયનો ક્ષય કરી, પહેલા ગુણસ્થાનકે આવે ત્યારે ૧ આવલિકા સુધી અનંતાનુબંધી કષાયનો ઉદય હોતો નથી. આ જીવો ૪ થા ગુણસ્થાનકે પુરૂષવેદ બાંધતા બાંધતા આવતા હોવાથી અત્રે પણ ૧ આવલિકા સુધી પુરૂષવેદ જ બાંધે એમ લાગે છે કારણ કે નપુંસકવેદનો બંધ મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયથી બંધાય છે. સ્ત્રીવેદ - મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયથી બંધાય છે તથા એકલા અનંતાનુબંધીથી પણ બંધાય છે. જયારે અત્રે અનંતાનુબંધીનો ઉદય નથી તે કારણથી નપુંસકવેદ અને સ્ત્રીવેદ ન બંધાય એમ લાગે છે. તત્વમ્ તુ કેવલિ ગમ્યમ્

૨૨ના બંધે ૨ ભાંગા ઉદયસ્થાન ઉ. ૭,૮,૯

ઉદયભાંગા = ૯૬ બંધોદયભાંગા ૨X૯૬=૧૯૨
સત્તાસ્થાન ૧, ૨૮નું ઉદયસત્તાભાંગા ૯૬X૧=૯૬
બંધોદયસત્તાભાંગા ૨X૯૬X૧=૧૯૨

૨૨ના બંધે ૬ ભાંગા ઉદયસ્થાન ૩. ૮,૯,૧૦
ઉદયભાંગા =૯૬ બંધોદયભાંગા ૬X૯૬ =૫૭૬
સત્તાસ્થાન ૩. ૨૮,૨૭,૨૬, ઉદયસત્તાભાંગા ૯૬X૩=૨૮૮
બંધોદય સત્તાભાંગા ૬X૯૬X૩=૧૭૨૮

૨૨ના બંધે ૬ ભાંગા ઉદયસ્થાન ૪. ૭,૮,૯,૧૦
ઉદયભાંગા =૧૯૨સત્તાસ્થાન ૩. ૨૮,૨૭,૨૬
બંધોદયભાંગા ૨X૯૬ = ૧૯૨,
૬X૯૬ = ૫૭૬
૭૬૮
ઉદયસત્તાભાંગા ૯૬X૧ = ૯૬,
૯૬X૩ = ૨૮૮
૩૮૪
બંધોદયસત્તાભાંગા૨X૯૬X૧ = ૧૯૨,
૬X૯૬X૩ =૧૭૨૮
૧૯૨૦

૧) ૨૧ના બંધે ૪ ભાંગા ઉદયસ્થાન ૭ પ્રકૃતિનું
ઉદયભાંગા = ૨૪ બંધોદય ભાંગા ૪X૨૪=૯૬
સત્તાસ્થાન ૧, ૨૮નું ઉદયસત્તાભાંગા ૨૪X૧ =૨૪
બંધોદયસત્તાભાંગા ૪X૨૪X૧=૯૬

૨) ૨૧ના બંધે ૪ ભાંગા ઉદયસ્થાન ૭ + ભય = ૮નું
ઉદયભાંગા = ૨૪ બંધોદયભાંગા ૪X૨૪ = ૯૬
સત્તાસ્થાન ૧, ૨૮નું ઉદયસત્તાભાંગા ૨૪X૧ = ૨૪
બંધોદય સત્તાભાંગા ૪X૨૪X૧ =૯૬

૩) ૨૧ના બંધે ૪ ભાંગા ઉદયસ્થાન ૭+જુગુપ્સા = ૮નું
ઉદયભાંગા =૨૪ બંધોદયભાંગા ૪X૨૪ = ૯૬
સત્તાસ્થાન ૧, ૨૮નું ઉદયસત્તાભાંગા ૨૪X૧ = ૨૪

બંધોદય સત્તાભાંગા ૪X૨૪X૧ = ૯૬

૪) ૨૧ના બંધે ૪ ભાંગા ઉદયસ્થાન ૭+ભય+જુગુપ્સા =૯નું
ઉદયભાંગા =૨૪ બંધોદયભાંગા ૪X૨૪ = ૯૬
સત્તાસ્થાન ૧, ૨૮નું ઉદયસત્તાભાંગા ૨૪X૧ =૨૪
બંધોદય સત્તાભાંગા ૪X૨૪X૧ =૯૬
૨૧ના બધે બંધભાંગા ૪ ઉદયસ્થાન ૩. ૭,૮,૯
ઉદયભાંગા =૯૬ બંધોદયભાંગા ૪X૯૬ = ૩૮૪
સત્તાસ્થાન ૧, ૨૮નું ઉદયસત્તાભાંગા ૯૬X૧ = ૯૬
બંધોદય સત્તાભાંગા ૪X૯૬X૧ = ૩૮૪

૧) ૧૭ના બંધે બંધભાંગા ૨, ઉદયસ્થાન ૧, ૭ પ્રકૃતિનું
ઉદયભાંગા =૨૪ બંધોદયભાંગા ૨X૨૪ =૪૮
સત્તાસ્થાન =૩. ૨૮,૨૭,૨૪, ઉદયસત્તાભાંગા ૨૪X૩ =૭૨
બંધોદય સત્તાભાંગા ૨X૨૪X૩= ૧૪૪

૨) ૧૭ના બંધે બંધભાંગા =૨ ઉદયસ્થાન ૭+ભય = ૮નું
ઉદયભાંગા ૨૪ બંધોદયભાંગા ૨X૨૪ = ૪૮
સત્તાસ્થાન=૩. ૨૮,૨૭,૨૪- ઉદય સત્તાભાંગા ૨૪X૩ = ૭૨
બધોદય સત્તાભાંગા ૨X૨૪X૩ = ૧૪૪

૩) ૧૭ના બંધે બંધભાંગા =૨ ઉદયસ્થાન ૭+જુગુપ્સા=૮નું
ઉદયભાંગા =૨૪ બંધોદયભાંગા ૨X૨૪ =૪૮
સત્તાસ્થાન ૩. ૨૮,૨૭,૨૪ ઉદયસત્તાભાંગા ૨૪X૩=૭૨
બંધોદય સત્તાભાંગા ૨X૨૪X૩ =૧૪૪

૪) ૧૭ના બંધે બંધભાંગા =૨ ઉદયસ્થાન ૭+ભય+જુગુપ્સા=૯નું
ઉદયભાંગા =૨૪ બંધોદયભાંગા ૨X૨૪ =૪૮
સત્તાસ્થાન ૩. ૨૮,૨૭,૨૪ ઉદયસત્તાભાંગા ૨૪X૪ =૭૨
બંધોદય સત્તાભાંગા ૨X૨૪X૩ =૧૪૪
૧૭ના બંધે બંધભાંગા=૨ ઉદયસ્થાન - ૩. ૭,૮,૯
ઉદયભાંગા=૯૬ બંધોદયભાંગા ૨X૯૬ =૧૯૨
સત્તાસ્થાન ૩. ૨૮,૨૭,૨૪ ઉદયસત્તાભાંગા ૯૬X૩=૨૮૮
બંધોદય સત્તાભાંગા ૨X૯૬X૩ =૫૭૬

૧) ૧૭ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૬ પ્રકૃતિનું
ઉદયભાંગા - ૨૪ બંધોદયભાંગા ૨X૨૪=૪૮
સત્તાસ્થાન ૩. ૨૮,૨૪,૨૧ ઉદયસત્તાભાંગા ૨૪X૩ =૭૨
બંધોદય સત્તાભાંગા ૨X૨૪X૩ =૧૪૪

૨) ૧૭ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૬+ભય =૭નું
ઉદયભાંગા -૨૪ બંધોદયભાંગા ૨X૨૪=૪૮
સત્તાસ્થાન ૩. ૨૮,૨૪,૨૧ ઉદયસત્તાભાંગા ૨૪X૩ =૭૨
બંધોદય સત્તાભાંગા ૨X૨૪X૩ =૧૪૪

૩) ૧૭ના બંધે બંધભાંગા -૨ ઉદયસ્થાન ૬+જુગુપ્સા=૭નું
ઉદયભાંગા -૨૪ બંધોદયભાંગા ૨X૨૪ =૪૮
સત્તાસ્થાન ૩. ૨૭,૨૪,૨૧ ઉદયસત્તાભાંગા ૨૪X૩=૭૨
બંધોદય સત્તાભાંગા ૨X૨૪X૩=૧૪૪

૪) ૧૭ના બંધે બંધભાગા - ૨ ઉદયસ્થાન ૬+ભય+જુગુપ્સા=૮નું
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨X૨૪=૪૮
સત્તાસ્થાન ૩. ૨૮,૨૪,૨૧ ઉદયસત્તાભાંગા ૨૪X૩=૭૨
બંધોદયસત્તાભાંગા ૨X૨૪X૩ =૧૪૪
૧૭ના બંધે બંધભાંગા -૨ ઉદયસ્થાન ૬,૭,૮
ઉદયભાંગા-૯૬ બંધોદયભાંગા ૨X૯૬=૧૯૨
સત્તાસ્થાન ૩. ૨૮,૨૪,૨૧, ઉદયસત્તાભાંગા ૯૬X૩=૨૮૮
બંધોદયસત્તાભાંગા ૨X૯૬X૩= ૫૭૬
આ ઉદય સ્થાનો ઉપશમ અને ક્ષાયિક સમકિતી જીવોને આશ્રયીને હોય છે.

૫) ૧૭ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૬+સમ્યક્ત્વમોહનીય=૭નું
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨X૨૪ =૪૮
સત્તાસ્થાન ૪. ૨૮,૨૪,૨૩,૨૨, ઉદયસત્તાભાંગા ૨૪X૪=૯૬
બંધોદય સત્તાભાંગા ૨X૨૪X૪=૧૯૨

૬) ૧૭ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૬ + સમ્યક્ત્વમોહનીય + ભય=૮
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨X૨૪=૪૮

સત્તાસ્થાન૪. ૨૮,૨૪,૨૩,૨૨, ઉદયસત્તાભાંગા ૨૪૪=૯૬
બંધોદય સત્તાભાંગા ૨૪૨૪૪=૧૯૨

૭) ૧૭ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૬ + સમ્યક્ત્વમોહનીય + જુગુપ્સા=૮
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨૪૨૪=૪૮
સત્તાસ્થાન ૪. ૨૮,૨૪,૨૩,૨૨, ઉદયસત્તાભાંગા ૨૪૪=૯૬
બંધોદય સત્તાભાંગા ૨૪૨૪૪=૧૯૨

૮) ૧૭ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૬ + સમ્યક્ત્વમોહનીય + ભય+જુગુપ્સા=૯
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨૪૨=૪૮
સત્તાસ્થાન ૪. ૨૮,૨૪,૨૩,૨૨ ઉદયસત્તાભાંગા ૨૪૪=૯૬
બંધોદય સત્તાભાંગા ૨૪૨૪૪=૧૯૨

આ રીતે ૧૭ના બંધે ક્ષયોપશમ સમકિતી જીવને આશ્રયીને
૧૭ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૩. ૭,૮,૯
ઉદયભાંગા-૯૬ બંધોદયભાંગા ૨૯૬=૧૯૨
સત્તાસ્થાન ૪.૨૮,૨૪,૨૩,૨૨,ઉદયસત્તાભાંગા ૯૬૪=૩૮૪
બધોદય સત્તાભાંગા ૨૯૬૪=૭૬૮
૧૭ના બંધે ત્રણે સમકિતી જીવોને આશ્રયીને બંધભાંગા-૨
ઉદયસ્થાન-૪. ૬,૭,૮,૯ ઉદયભાંગા =૧૯૨
સત્તાસ્થાન ૫. ૨૮,૨૪,૨૩,૨૨,૨૧
બંધોદયભાંગા- ૧૯૨૨=૩૮૪ ઉદયસત્તાભાંગા ૯૬૩=૨૮૮
૯૬૪=૩૮૪
૬૭૨
બંધોદય સત્તાભાંગા ૨૯૬૩=૫૭૬+૨૯૬૪=૭૬૮
૧૩૪૪

૧) ૧૩ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૫, પ્રકૃતિનું
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨૪૨૪=૪૮
સત્તાસ્થાન ૩. ૨૮,૨૪,૨૧, ઉદયસત્તાભાંગા ૨૪૩=૭૨
બંધોદય સત્તાભાંગા ૨૪૨૪૩=૧૪૪

૨) ૧૩ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૫+ભય = ૬
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨X૨૪=૪૮
સત્તાસ્થાન ૩. ૨૮,૨૪,૨૧ ઉદયસત્તાભાંગા ૨૪X૩=૭૨
બંધોદય સત્તાભાંગા ૨X૨૪X૩= ૧૪૪

૩) ૧૩ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૫+જુગુપ્સા=૬
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨X૨૪=૪૮
સત્તાસ્થાન ૩. ૨૮,૨૪,૨૧ ઉદયસત્તાભાગા ૨૪X૩=૭૨
બંધોદય સત્તાભાંગા ૨X૨૪X૩=૧૪૪

૪) ૧૩ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૫+ભય+જુગુપ્સા=૭
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા- ૨X૨૪=૪૮
સત્તાસ્થાન ૩. ૨૮,૨૪,૨૧ ઉદયસત્તાભાગા ૨૪X૩=૭૨
બંધોદય સત્તાભાંગા ૨X૨૪X૩=૧૪૪
આ રીતે ઉપશમ અને ક્ષાયિક સમકિતીને આશ્રયીને
૧૩ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૩. ૫,૬,૭
ઉદયભાંગા ૯૬ બંધોદયભાંગા ૨X૯૬=૧૯૨
સત્તાસ્થાન ૩. ૨૮,૨૪,૨૧ ઉદયસત્તાભાંગા ૯૬X૩=૨૮૮
બંધોદય સત્તાભાંગા ૨X૯૬X૩=૫૭૬

૫) ૧૩ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૫+સમકિતમોહનીય=૬
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨X૨૪=૪૮
સત્તાસ્થાન ૪. ૨૮,૨૪,૨૩,૨૨, ઉદયસત્તાભાંગા ૨૪X૪=૯૬
બંધોદય સત્તાભાંગા ૨X૨૪X૪ ૧૯૨

૬) ૧૩ના બંધે બધભાંગા-૨ ઉદયસ્થાન- ૫ + સમકિતમોહનીય + ભય=૭
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨X૨૪=૪૮
સત્તાસ્થાન ૪. ૨૮,૨૪,૨૩,૨૨ ઉદયસત્તાભાંગા ૨૪X૪=૯૬
બંધોદયસત્તાભાંગા ૨X૨૪X૪=૧૯૨

૭) ૧૩ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૫ + સમકિતમોહનીય + જુગુપ્સા=૭
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨X૨૪=૪૮

સત્તાસ્થાન ૪. ૨૮,૨૪,૨૩,૨૨ ઉદયસત્તાભાંગા ૨૪x૪=૯૬
બંધોદય સત્તાભાંગા ૨x૨૪x૪=૧૯૨

૮) ૧૩ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૫+સમકિતમોહનીય+ભય+જુગુપ્સા=૮
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨x૨૪=૪૮
સત્તાસ્થાન ૪. ૨૮,૨૪,૨૩,૨૨ ઉદયસત્તાભાંગા ૨૪x૪=૯૬
બંધોદય સત્તાભાંગા ૨x૨૪x૪=૧૯૨
આ રીતે ક્ષયોપક્ષમ સમકિતીજીવોને આશ્રયીને ૧૩ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન- ૩. ૬,૭,૮ ઉદયભાંગા-૯૬ બંધોયભાંગા ૨x૯૬=૧૯૨
સત્તાસ્થાન ૪. ૨૮,૨૪,૨૩,૨૨. ઉદયસત્તાભાંગા ૯૬x૪=૩૮૪
બંધોદયસત્તાભાંગા ૨x૯૬x૪=૭૬૮
૧૩ના બંધે ત્રણેય સમકિતીને આશ્રયીને બંધભાંગા-૨
ઉદયસ્થાન ૪. ૫,૬,૭,૮ ઉદયભાંગા-૧૯૨
બંધોદયભાંગા ૨x૧૯૨=૩૮૪
સત્તાસ્થાન ૫. ૨૮,૨૪,૨૩,૨૨,૨૧ ઉદયસત્તાભાંગા ૯૬x૩=૨૮૮+૯૬x૪=૩૮૪=૬૭૨
બંધોદયસત્તાભાંગા ૨x૯૬x૩ = ૫૭૬
૨x૯૬x૪ = ૭૬૮
૧૩૪૪

૧) ૯ના બધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૪નું
ઉદયભાંગા -૨૪ બંધોદયભાંગા ૨x૨૪=૪૮
સત્તાસ્થાન ૩. ૨૮,૨૪,૨૧ ઉદયસત્તાભાંગા ૨૪x૩=૭૨
બંધોદય સત્તાભાંગા ૨x૨૪x૩=૧૪૪

૨) ૯ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૪+ભય=૫નું
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨x૨૪=૪૮
સત્તાસ્થાન ૩. ૨૮,૨૪,૨૧ ઉદયસત્તાભાંગા ૨૪x૩=૭૨
બંધોદય સત્તાભાંગા ૨x૨૪x૩=૧૪૪

૩) ૯ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૪+જુગુપ્સા=૫
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨x૨૪=૪૮

સત્તાસ્થાન ૩. ૨૮,૨૪,૨૧ ઉદયસત્તાભાંગા ૨૪x૩=૭૨
બંધોદય સત્તાભાંગા ૨x૨૪x૩=૧૪૪

૪) ૯ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૪+ભય+જુગુપ્સા=૬
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨x૨૪=૪૮
સત્તાસ્થાન ૩. ૨૮,૨૪,૨૧ ઉદયસત્તાભાંગા ૨૪x૩=૭૨
બંધોદય સત્તાભાંગા ૨x૨૪x૩=૧૪૪
આ રીતે ઉપશમ અને ક્ષાયિક સમકિતીને આશ્રયીને
૯ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૩=૪,૫,૬
ઉદયભાંગા - ૯૬ બંધોદયભાંગા ૨x૯૬=૧૯૨
સત્તાસ્થાનક. ૨૮,૨૭,૨૧ ઉદયસત્તાભાંગા ૯૬x૩=૨૮૮
બંધોદયસત્તાભાંગા ૨x૯૬x૩=૫૭૬

૫) ૯ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૪+સમકિતમોહનીય=૫
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨x૨૪=૪૮
સત્તાસ્થાન૪. ૨૮,૨૪,૨૩,૨૨ઉદયસત્તાભાંગા ૨૪x૪=૯૬
બંધોદય સત્તાભાંગા ૨x૨૪x૪=૧૯૨

૬) ૯ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન૪+ભય+સમકિતમોહનીય=૬
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨x૨૪=૪૮
સત્તાસ્થાન૪. ૨૮,૨૪,૨૩,૨૨ઉદયસત્તાભાંગા ૨૪x૪=૯૬
બંધોદય સત્તાભાંગા ૨x૨૪x૪=૧૯૨

૭) ૯ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૪ + જુગુપ્સા + સમકિત-
મોહનીય =૬
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨x૨૪=૪૮
સત્તાસ્થાન૪. ૨૮,૨૪,૨૩,૨૨ઉદયસત્તાભાંગા ૨૪x૪=૯૬
બંધોદય સત્તાભાંગા ૨x૨૪x૪=૧૯૨

૮) ૯ના બંધે બંધભાંગા-૨ ઉદયસ્થાન ૪ + ભય + જુગુપ્સા +
સમકિતમો. =૭
ઉદયભાંગા-૨૪ બંધોદયભાંગા ૨x૨૪=૪૮
સત્તાસ્થાન૪. ૨૮,૨૪,૨૩,૨૨ઉદયસત્તાભાંગા ૨૪x૪=૯૬
બંધોદય સત્તાભાંગા ૨x૨૪x૪=૧૯૨

આ રીતે ૯ના બંધે ક્ષયોપક્ષમ સમક્તિીજીવને આશ્રયીને
બંધભાંગા-૨ ઉદયસ્થાન ૩. ૫,૬,૭
ઉદયભાંગા-૯૬ બંધોદયભાંગા ૯૬X૨=૧૯૨
સત્તાસ્થાન૪. ૨૮,૨૪,૨૩,૨૨ઉદયસત્તાભાંગા ૯૬X૪=૩૮૪
બંધોદયસત્તાભાંગા ૨X૯૬X૪=૭૬૮
આ રીતે ૯ના બંધે ત્રણે સમક્તિી જીવોને આશ્રયીને
બંધભાંગા-૨ ઉદયસ્થાન ૪, ૪,૫,૬,૭
ઉદયભાંગા- ૧૯૨ બંધોદયભાંગા ૨X૧૯૨=૩૮૪
સત્તાસ્થાન ૫. ૨૮,૨૪,૨૩,૨૨,૨૧
ઉદયસત્તાભાંગા ૯૬X૩=૨૮૮
૯૬X૪=૩૮૪
૬૭૨
બંધોદય સત્તાભાંગા૨X૯૬X૩=૫૭૬ ૨X૯૬X૪=૭૬૮
૧૩૪૪

૧) પાંચના બંધે બંધભાંગો-૧ ઉદયસ્થાન ૨ પ્રકૃતિનું
ઉદયભાંગા- ૪ કષાયX૩વેદ=૧૨ બંધોદયભાંગા ૧X૧૨=૧૨
સત્તાસ્થાન-૬. ૨૮,૨૪,૨૧,૧૩,૧૨,૧૧ઉદયસત્તાભાંગા ૧૨X૬=૭૨
બંધોદયસત્તાભાંગા ૧X૧૨X૬=૭૨
૪ના બંધે બંધભાંગો-૧ ઉદયસ્થાન ૧પ્રકૃતિનું મતાંતરે ૨ પ્રકૃતિનું
ઉદયભાંગા ૪ મત્તાંતરે-૧૨ બંધોદયભાંગા ૧X૪=૪ ૧X૧૨=૧૨
સત્તાસ્થાન-૬. ૨૮,૨૪,૨૧,૧૧,૫,૪,
ઉદયસત્તાભાંગા ૪X૬=૨૪ ૧૨X૬=૭૨
બંધોદય સત્તાભાંગા ૧X૪X૬=૨૪+૧X૧૨X૬ =૭૨
૩ના બંધે બંધભાંગો-૧ ઉદયસ્થાન ૧ પ્રકૃતિનું
ઉદયભાંગા-૩ બંધોદયભાંગા ૧X૩=૩
સત્તાસ્થાન ૫. ૨૮,૨૪,૨૧,૪,૩ ઉદયસત્તાભાંગા ૩X૫=૧૫
બંધોદયસત્તાભાંગા ૧X૩X૫=૧૫
૨ના બંધે બંધભાંગો-૧ ઉદયસ્થાન ૧ પ્રકૃતિનું
ઉદયભાંગા-૨. બંધોદયભાંગા ૧X૨=૨

સત્તાસ્થાન ૫. ૨૮,૨૪૨૧,૩/૨ ઉદયસત્તાભાંગા ૨X૫=૧૦

બંધોદયસત્તાભાંગા ૧X૨X૫=૧૦

૧ના બંધે બંધભાંગો-૧ ઉદયસ્થાન ૧ પ્રકૃતિનું

ઉદયભાંગા-૧ બંધોદયભાંગા ૧X૧=૧

સત્તાસ્થાન-૫. ૨૮,૨૪,૨૧,૨,૧ ઉદયસત્તાભાંગા ૧X૫=૫

બંધોદય સત્તાભાંગા ૧X૧X૫=૫

અબંધે બંધભાંગા-૦ ઉદયસ્થાન ૧ પ્રકૃતિનું

ઉદયભાંગા-૧ બંધોદયભાંગા ૦X૧=૧

સત્તાસ્થાન -૪. ૨૮,૨૪,૨૧,૧ઉદયસત્તાભાંગા ૧X૪=૪

બંધોદયસત્તાભાંગા ૦X૧X૪=૪

અબંધે અને અનુદયે બંધભાંગો અને ઉાદયભાંગો ૦

સત્તાસ્થાન-૩. ૨૮,૨૪,૨૧ બંધોદય સત્તાભાંગા-૩

૫ના બંધથી અબંધ સુધી ઉપશમશ્રેણીવાળા જીવોને આશ્રયીને ત્રણ સત્તાસ્થાન હોય છે. ૨૮,૨૪,૨૧

ક્ષપકશ્રેણીવાળા જીવને આશ્રયીને નવમા ગુણસ્થાનકે શરૂઆતમાં ૨૧ની સત્તા હોય છે. અપ્રત્યાખ્યાનાદિ - ૮ કષાયનો ક્ષય થતા ૧૩નું સત્તાસ્થાન, નપુંસક વેદને ક્ષયે૧૨નું સત્તાસ્થાન, સ્ત્રીવેદના ક્ષયે૧૧નું સત્તાસ્થાન, પાંચના બંધે આ રીતે છ સત્તા સ્થાન હોય છે.

૪ના બંધે ઉપશમશ્રેણીવાળા જીવને આશ્રયીને ૨૮/૨૪/૨૧ ત્રણ સત્તાસ્થાન હોય છે. ક્ષપકશ્રેણીવાળા જીવને આશ્રયીને ૧૧,૫, અને ૪ એમ ત્રણ સત્તાસ્થાન હોય છે.

૩ના બંધે ક્ષપકશ્રેણીને આશ્રયીને ૪ અને ૩ એમ ૨ સત્તાસ્થાન હોય છે.

૨ના બંધે ક્ષપકશ્રેણીને આશ્રયીને ૩ અને -૨ એમ ૨ સત્તાસ્થાન હોય છે.

૧ પ્રકૃતિના બંધે ક્ષપકશ્રેણીને આશ્રયીને ૨ સત્તાસ્થાન હોય છે. ૨, અને ૧

અબંધે ક્ષપકશ્રેણીને આશ્રયીને ૧ પ્રકૃતિનું સત્તાસ્થાન હોય છે.આ રીતે મોહનીયકર્મના ૧૦ બંધસ્થાનના બંધભાંગા-૨૧ ઉદયસ્થાન - ૯ ઉદયભાંગા - ૯૮૩ અથવા મતાંત્તરે ૯૯૫-સત્તાસ્થાન ૧૫ તેના દરેક બંધસ્થાનને આશ્રયીને જુદા જુદા વિકલ્પો થાય છે. આ રીતે બંધ-ઉદય અને સત્તા સ્થાનોના વિકલ્પોથી મૂંઝાયેલા જીવો જગતમાં રહેલા હોય છે.

નામકર્મનાં બંધસ્થાન

तेवीस पण्णवीसा
छव्वीसा अट्ठवीस गुणतीसा
तीसेग तीसमेगं
बंध ट्ठाणाणि नामस्स ॥२६॥

ભાવાર્થ :- નામકર્મના ૮ બંધસ્થાનો હોય છે. તે આ પ્રમાણે. ૨૩ પ્રકૃતીનું, ૨૫ પ્રકૃતીનું, ૨૬ પ્રકૃતીનું, ૨૮ પ્રકૃતીનું, ૨૯ પ્રકૃતીનું, ૩૦ પ્રકૃતીનું ૩૧ પ્રકૃતીનું અને ૧ પ્રકૃતીનું હોય ॥૨૬॥

વિશેષાર્થ :- નામકર્મના ૮ બંધસ્થાનોનું વર્ણન

૧) ૨૩ પ્રકૃતીનું બંધસ્થાન :- તિર્યંચગતિ-એકેન્દ્રીય જાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-તીર્યંચાનુપૂર્વી-અગુરૂલઘુ-નિર્માણ અને ઉપઘાત-સ્થાવર-સૂક્ષ્મ અથવા બાદર-અપર્યાપ્ત-સાધારણ અથવા પ્રત્યેક-અસ્થિર, અશુભ-દુર્ભગ અનાદેય અને અયશ આ ૨૩ પ્રકૃતીનું બંધસ્થાન નિયમા અપર્યાપ્તા એકેન્દ્રીયથી માંડીને પંચેન્દ્રીય સુધીના તિર્યંચો તથા સમૂર્ચ્છિમ અને ગર્ભજ મનુષ્યો હોય છે.

૨) ૨૫ પ્રકૃતીનું બંધસ્થાન :- તિર્યંચગતિ-એકેન્દ્રિય જાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-તિર્યંચાનુપૂર્વી-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ નિર્માણ-ઉપઘાત-સ્થાવર, સૂક્ષ્મ અથવા બાદર-પર્યાપ્ત,-સાધારણ અથવા પ્રત્યેક સ્થિર અથવા અસ્થિર, શુભ અથવા અશુભ, દુર્ભગ-અનાદેય યશ અથવા અયશ

આ ૨૫ પ્રકૃતીનો બંધ :- એકેન્દ્રીય પ્રાયોગ્ય હોય છે. સૂક્ષ્મ પર્યાપ્તા એકેન્દ્રીય પ્રાયોગ્ય સ્થાવરમાં અસ્થિર અશુભ અને અયશ એ અશુભ પ્રકૃતીઓનો બંધ હોય છે.

બાદર એકેન્દ્રીયજીવો (પ્રાયોગ્ય) સ્થિરા સ્થિર, શુભાશુભ, યશાયશ પ્રકૃતીઓનો બંધ હોઈ શકે છે. આ પ્રકૃતિઓનો બંધ કરનાર એકેન્દ્રીયથી પંચેન્દ્રીય સુધીના સઘળા તિર્યંચો-સઘળા મનુષ્યો તથા ભવનપતિથી માંડીને વૈમાનિકના ૧-૨ દેવલોક સુધીના દેવતાઓ હોય છે.

૨) ૨૫ પ્રકૃતીનું બંધસ્થાન :- તિર્યંચગતિ-બેઈન્દ્રિયજાતિ-ઔદારિક-તૈજસ-કાર્મણશરીર, છેવટ્ટું સંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-તિર્યંચાનુપૂર્વી, ઔદારિક અંગોપાંગ, અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-અપર્યાપ્ત- પ્રત્યેક-અસ્થિર-

અશુભ-દુર્ભગ અનાદેય અને અયશ

આ ૨૫ પ્રકૃતિ અપર્યાપ્તા બેઈન્દ્રિય પ્રાયોગ્ય કહેવાય છે. એને બાંધનાર સઘળા તિર્યંચો અને મનુષ્યો હોય છે.

૩) ૨૫ પ્રકૃતીનું બંધસ્થાન :- તિર્યંચગતિ, તેઈન્દ્રિયજાતિ-ઔદારિક-તૈજસ કાર્મણશરીર-ઔદારીક અંગોપાગ-છેવટ્ટુ સંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-તિર્યંચાનુપૂર્વી-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ,-બાદર-અપર્યાપ્ત-પ્રત્યેક-અસ્થિર,-અશુભ,-દુર્ભગ-અનાદેય અને અયશ

આ - ૨૫ પ્રકૃતીનું બંધસ્થાન - અપર્યાપ્ત તેઈન્દ્રિય પ્રાયોગ્ય હોય છે તેના બધક સઘળા તિર્યંચો અને મનુષ્યો હોય છે.

૪) ૨૫ પ્રકૃતીનું બંધસ્થાન :- તિર્યંચગતિ-ચઉરિન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુ સંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ તિર્યંચાનુપૂર્વી-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-અપર્યાપ્ત પ્રત્યેક-અસ્થિર અશુભ-દુર્ભગ-અનાદેય-અયશ.

૫) ૨૫ પ્રકૃતિનું બંધસ્થાન :- તિર્યંચગતિ-પંચેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ કાર્મણશરીર-ઔદારીક અંગોપાગ-છેવટ્ટુ સંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ તિર્યંચાનુપૂર્વી-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-અપર્યાપ્ત-પ્રત્યેક-અસ્થિર અશુભ-દુર્ભગ-અનાદેય-અયશ

અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તા તિર્યંચ પ્રાયોગ્ય જાણવી.

૬) ૨૫ પ્રકૃતિનું બંધસ્થાન :- તિર્યંચગતિ-પંચેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુ સંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ તિર્યંચાનુપૂર્વી-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-અપર્યાપ્ત-પ્રત્યેક-અસ્થિર અશુભ-દુર્ભગ-અનાદેય-અયશ

સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તા તિર્યંચ પ્રાયોગ્ય જાણવી

૭) ૨૫ પ્રકૃતિનું બંધસ્થાન :- મનુષ્યગતિ-પંચેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુ સંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ મનુષ્યાનુપૂર્વી-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-અપર્યાપ્ત-પ્રત્યેક-અસ્થિર અશુભ-દુર્ભગ-અનાદેય-અયશ

અસંજ્ઞી અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય જાણવી.

૮) ૨૫ પ્રકૃતિનું બંધસ્થાન :- મનુષ્યગતિ-પંચેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુ સંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ

મનુષ્યાનુપૂર્વી-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-અપર્યાપ્ત-પ્રત્યેક-અસ્થિર અશુભ-દુર્ભગ-અનાદેય-અયશ.

સંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્ત મનુષ્ય પ્રાયોગ્ય જાણવી.

બંધસ્થાન ૩, ૨૬ પ્રકૃતિનું - નિયમા પર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય જ હોય છે. તિર્યંચગતિ-એકેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર,-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ તિર્યંચાનુપૂર્વી-પરાઘાત-ઉચ્છવાસ-આતપ અથવા ઉદ્યોત-અગુરૂલઘુ-નિર્માણ ઉપઘાત-સ્થાવર-બાદરપર્યાપ્તો-પ્રત્યેક-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-અયશ.

અપર્યાપ્તા તેઇન્દ્રિય પ્રાયોગ્ય પ્રકૃતિને બાંધનાર સઘળા તિર્યંચ અને મનુષ્યો હોય છે.

અપર્યાપ્તા ચઉરિન્દ્રિય પ્રાયોગ્ય-અપર્યાપ્તા અસંજ્ઞીપંચેન્દ્રિય-તિર્યંચ અને મનુષ્ય પ્રાયોગ્ય તથા અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય પ્રાયોગ્ય પ્રકૃતિઓને બાંધનાર સઘળા તિર્યંચ અને મનુષ્ય હોય છે. વિશેષ એ જાણવું કે અસંજ્ઞી તથા સંજ્ઞી અપર્યાપ્તા મનુષ્ય પ્રાયોગ્ય પ્રકૃતીઓનો બંધ તેઉકાય અને વાયુકાયના જીવો કરતા નથી.

બંધસ્થાન-ચોથું ૨૮ પ્રકૃતિનું

નરકગતિ-પંચેન્દ્રિયજાતિ-વૈક્રિય-તૈજસ-કાર્મણ શરીર-હુંડકસંસ્થાન-૪ વર્ણાદી-નરકાનુપૂર્વી-અશુભ વિહાયોગતિ-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-નિર્માણ ઉપઘાત-ત્રસ-બાદરપર્યાપ્તો-પ્રત્યેક-અસ્થિર-અશુભ-દુર્ભગ-દુઃસ્વર-અનાદેય-અયશ-વૈક્રિય અંગોપાંગ-નરકગતિ પ્રાયોગ્ય આ ૨૮ પ્રકૃતિઓ ગણાય છે આને બાંધનાર અસંજ્ઞી પંચેન્દ્રિય તથા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો અને સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા મનુષ્યો હોય છે.

૨) દેવગતિ-પંચેન્દ્રિયજાતિ-વૈક્રિય-તૈજસ-કાર્મણશરીર-વૈક્રિયઅંગોપાંગ સમચતુરસ્ત્ર સંસ્થાન-૪ વર્ણાદિ-શુભવિહાયોગતિ-દેવાનુપૂર્વી-પરાઘાત-ઉચ્છ્વાસ અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદરપર્યાપ્તો-પ્રત્યેક-સ્થિર અથવા અસ્થિર-શુભ અથવા અશુભ-સુભગ-સુસ્વર-આદેય-યશ અથવા અયશ

આ ૨૮ પ્રકૃતિઓ દેવગતિ પ્રાયોગ્ય ગણાય છે. આને બાંધનાર અસંજ્ઞી પંચેન્દ્રિય તથા સંતી પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો - સંજ્ઞી અપર્યાપ્તા તિર્યંચો તથા સંજ્ઞી અપાર્યાપ્તા પર્યાપ્તા મનુષ્યો હોય છે.

બંધસ્થાન પાંચમું ૨૯ પ્રકૃતિનું

૧) તિર્યંચગતિ-બેઈન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક

અંગોપાંગ-છેવટ્ટું સંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અશુભ વિહાયોગતિ તિર્યંચાનુપૂર્વી-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્તો-પ્રત્યેક-સ્થિર અથવા અસ્થિર-શુભ અથવા અશુભ-દુર્ભગ-દુસ્વર-અનાદેય-યશ અથવા અયશ

આ ૨૯ પ્રકૃતિઓ બેઇન્દ્રિય પર્યાપ્તા પ્રાયોગ્ય હોય છે. આને બાંધનાર સઘળા તિર્યંચ અને મનુષ્યો હોય છે.

૨) તિર્યંચગતિ-તેઇન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુ સંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અશુભ વિહાયોગતિ તિર્યંચાનુપૂર્વી-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્તો પ્રત્યેક-સ્થિર અથવા અસ્થિર-શુભ અથવા અશુભ-દુર્ભગ-દુસ્વર-અનાદેય-યશ અથવા અયશ

આ ૨૯ પ્રકૃતિઓ તેઇન્દ્રિય પર્યાપ્તા પ્રાયોગ્ય હોય છે આને બાંધનાર સઘળા તિર્યંચ અને મનુષ્યો હોય છે.

૩) તિર્યંચગતિ-ચઉરિન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અશુભ વિહાયોગતિ તિર્યંચાનુપૂર્વી-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્તો-પ્રત્યેક-સ્થિર અથવા અસ્થિર-શુભ અથવા અશુભ-દુર્ભગ-દુઃસ્વર અનાદેય-યશ અથવા અયશ

આ ૨૯ પ્રકૃતિઓ ચઉરિન્દ્રિય પર્યાપ્તા પ્રાયોગ્ય હોય છે. આને બાંધનારા સઘળા તિર્યંચ અને મનુષ્યો હોય છે.

૪) તિર્યંચગતિ-પંચેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુ સંઘયણ-હુડકસંસ્થાન-૪ વર્ણાદિ-અશુભ વિહાયોગતિ તિર્યંચાનુપૂર્વી-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-નિર્માણ અને ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્તો-પ્રત્યેક-સ્થિર અથવા અસ્થિર-શુભ અથવા અશુભ-દુર્ભગ-દુઃસ્વર અનાદેય-યશ અથવા અયશ

આ ૨૯ પ્રકૃતિઓ અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચ પ્રાયોગ્ય હોય છે આને બાંધનાર સઘળા તિર્યંચો અને મનુષ્યો હોય છે.

૫) તિર્યંચગતિ-પંચેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છમાંથી ૧ સંઘયણ-સંસ્થાનમાંથી એક સંસ્થાન-૪ વર્ણાદિ બેવિહાયોગતિમાંથી એક વિહાયોગતિ-તિર્યંચાનુપૂર્વી-પરાઘાત-ઉચ્છ્વાસ

અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદરપર્યાપ્તો-પ્રત્યેક-સ્થિર અથવા અસ્થિર શુભ અથવા અશુભ-સુભગ અથવા દુર્ભગ-સુસ્વર અથવા દુઃસ્વર-આદેય અથવા અનાદેય યશ અથવા અયશ

આ ૨૯ પ્રકૃતિઓ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચ પ્રાયોગ્ય હોય છે. આને બાંધનાર ચારેગતિ ના જીવો હોય છે.

૬) મનુષ્યગતિ-પંચેન્દ્રિયજાતિ-ઔદરીક-તૈજસ-કાર્મણ શરીર-ઔદારીક અંગોપાંગ-છસંઘયણમાંથી ૧ સંઘયણ-છ સંસ્થાનમાંથી-૧ સંસ્થાન-૪ વર્ણાદિ બે વિહાયોગતિમાંથી ૧ વિહાયોગતિ-મનષ્યાનુપૂર્વી-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદરપર્યાપ્તો-પ્રત્યેક-સ્થિર અથવા અસ્થિર શુભ અથવા અશુભ-સુભગ અથવા દુર્ભગ-સુસ્વર અથવા દુઃસ્વર-આદેય અથવા અનાદેય યશ અથવા અયશ

આ ૨૯ પ્રકૃતિઓ સંજ્ઞી પર્યાપ્તા મનુષ્ય પ્રાયોગ્ય હોય છે. તેને બાંધનાર ચારેગતિના જીવો હોય છે.

૭) દેવગતિ-પંચેન્દ્રિયજાતિ-વૈક્રિય-તૈજસ-કાર્મણશરીર-વૈક્રિયઅંગોપાંગ પહેલું સંસ્થાન-૪ વર્ણાદિ-શુભવિહાયોગતિ-દેવાનુપૂર્વી-પરાઘાત-ઉચ્છ્વાસ અગુરૂલઘુ-જિનનામ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદરપર્યાપ્તો-પ્રત્યેક-સ્થિર અથવા અસ્થિર-શુભ અથવા અશુભ-સુભગ-સુસ્વર આદેય યશ અથવા અયશ

આ ૨૯ પ્રકૃતિઓ દેવગતિ પ્રાયોગ્ય હોય છે. એના બંધક સમ્યગ્દ્રષ્ટિ મનુષ્યો નિયમા હોય છે.

બંધસ્થાન ૬ ટું ૩૦ પ્રકૃતિનું

૧) તિર્યંચગતિ-બેઇન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અશુભ વિહાયોગતિ તિર્યંચાનુપૂર્વી-પરાઘાત-ઉચ્છવાસ-ઉદ્યોત-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્તો -પ્રત્યેક-સ્થિર અથવા અસ્થિર-શુભ અથવા અશુભ-દુર્ભગ-દુઃસ્વર-અનાદેય-યશ અથવા અયશ

આ ૩૦ પ્રકૃતિઓ પર્યાપ્તા બેઇન્દ્રિય પ્રાયોગ્ય હોય છે. આને બાંધનાર સઘળા તિર્યંચો અને મનુષ્યો હોય છે.

૨) તિર્યંચગતિ-તેઇન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અશુભવિહાયોગતિ, તિર્યંચાનુપૂર્વી,-પરાઘાત-ઉચ્છ્વાસ-ઉદ્યોત-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર

-પર્યાપ્તો-પ્રત્યેક-સ્થિર અથવા અસ્થિર-શુભ અથવા અશુભ-દુર્ભગ-દુઃસ્વર-અનાદેય-યશ અથવા અયશ

આ ૩૦ પ્રકૃતિઓ તેઇન્દ્રિય પ્રાયોગ્ય હોય છે. આને બાંધનાર સઘળા તિર્યંચો અને મનુષ્યો હોય છે.

૩) તિર્યંચગતિ-ચઉરિન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અશુભ વિહાયોગતિ તિર્યંચાનુપૂર્વી-પરાઘાત-ઉચ્છ્વાસ-ઉદ્યોત-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર અથવા અસ્થિર-શુભ અથવા અશુભ-દુર્ભગ-દુઃસ્વર-અનાદેય યશ અથવા અયશ

આ ૩૦ પ્રકૃતિઓ પર્યાપ્તા ચઉરિન્દ્રિય પ્રાયોગ્ય હોય છે. આને બાંધનાર સઘળા તિર્યંચો અને મનુષ્યો હોય છે.

૪) તિર્યંચગતિ-પંચેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અશુભ વિહાયોગતિ તિર્યંચાનુપૂર્વી-પરાઘાત-ઉચ્છ્વાસ-ઉદ્યોત-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર અથવા અસ્થિર-શુભ અથવા અશુભ-દુર્ભગ-દુઃસ્વર-અનાદેય યશ અથવા અયશ

આ ૩૦ પ્રકૃતિઓ અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા પ્રાયોગ્ય હોય છે. આને બાંધનાર સઘળા તિર્યંચો અને મનુષ્યો હોય છે.

૫) તિર્યંચગતિ-પંચેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છસંઘયણમાંથી એક સંઘયણ-છસંસ્થાનમાંથી એક સંસ્થાન-૪ વર્ણાદિ બે વિહાયોગતિમાંથી એક વિહાયોગતિ-તિર્યંચાનુપૂર્વી-પરાઘાત-ઉચ્છ્વાસ-ઉદ્યોત અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર અથવા અસ્થિર-શુભ અથવા અશુભ-શુભગ અથવા દુર્ભગ-સુસ્વર અથવા દુઃસ્વર-આદેય અથવા અનાદેય-યશ અથવા અયશ

આ ૩૦ પ્રકૃતિઓ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા પ્રાયોગ્ય હોય છે. આને બાંધનાર ચારેગતિના જીવો હોય છે.

૬) મનુષ્યગતિ-પંચેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-પહેલું સંઘયણ-પહેલું સંસ્થાન-૪ વર્ણાદિ-શુભ વિહાયોગતિ મનુષ્યાનુપૂર્વી-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-જિનનામ-નિર્માણ અને ઉપઘાત-

ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર અથવા અસ્થિર-શુભ અથવા અશુભ-સુભગ સુસ્વર-આદેય યશ અથવા અયશ

આ ૩૦ પ્રકૃતિઓ જિનનામ સહિત મનુષ્યગતિ પ્રાયોગ્ય હોય છે એને બાંધનાર દેવતા અને નારકી હોય છે.

૭) દેવગતિ-પંચેન્દ્રિયજાતિ-વૈક્રિય-તૈજસ-કાર્મણશરીર-વૈક્રિયઅંગોપાંગ પહેલુસંસ્થાન-૪ વર્ણાદિ-શુભવિહાયોગતિ-દેવાનુપૂર્વી-પરાઘાત-ઉચ્છ્વાસ અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-આહારકશરીર-આહારક અંગોપાંગ-ત્રસ-બાદર પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-સુભગ-સુસ્વર-આદેય-યશ

આ ૩૦ પ્રકૃતિઓ દેવગતિ પ્રાયોગ્ય હોય છે. આને બાંધનાર સાતમા ગુણઠાણાથી ૮મા ગુણસ્થાનક ના છઠ્ઠા ભાગ સુધીમાં રહેલા મનુષ્યો જ હોય છે.

બંધસ્થાન ૭મું ૩૧ પ્રકૃતિનું

૧) દેવગતિ-પંચેન્દ્રિયજાતિ-વૈક્રિય-આહારક-તૈજસ-કાર્મણશરીર-વૈક્રિય-આહારક અંગોપાંગ-પહેલુંસંસ્થાન-૪ વર્ણાદિ-શુભવિહાયોગતિ-દેવાનુપૂર્વી પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર શુભ-જિનનામ-સુભગ-સુસ્વર-આદેય-યશ

આ ૩૧ પ્રકૃતિઓ દેવગતિ પ્રાયોગ્ય હોય છે. આને બાંધનાર ૭મા ગુણસ્થાનકથી ૮મા ગુણસ્થાકના છઠ્ઠા ભાગ સુધીમાં રહેલા મનુષ્યો જ હોય છે.

બંધસ્થાન ૮મું ૧ પ્રકૃતિનું

યશનામ કર્મ અપ્રાયોગ્ય ગણાય છે આને બાંધનાર ૮મા ગુણસ્થાનકના સાતમા ભાગથી દશમા ગુણસ્થાનક સુધીમાં રહેલા મનુષ્યો હોય છે. આ રીતે નામકર્મના ૮ બંધસ્થાન થયા

બંધસ્થાને ભાંગા

ચઉપણવીસા સોલસ
નવબાણઉઈસિયા ય અડયાલા
એયાલુત્તર છાયા
લસયા ઈક્કિ ક્ક બંધવિહી ॥૨૭॥

ભાવાર્થ :- ૨૩ના બંધના ૪ ભાંગા-૨૫ના બંધના ૨૫ ભાંગા-૨૬ના બંધના ૧૬ ભાંગા-૨૮ના બંધના ૯ ભાંગા-૨૯ના બંધના ૯૨૪૮ ભાંગા-૩૦ના બંધના ૪૬૪૧ ભાંગા-૩૧ના બંધનો ૧ ભાંગો-૧ના બંધનો ૧ ભાંગો એમ કુલ નામકર્મના ૮ બંધસ્થાનના ૧૩૯૪૫ બંધભાંગા થાય છે.

વિશેષાર્થ :- નામકર્મના ૧૩૯૪૫ બંધભાંગાઓનું વર્ણન

૧) અપર્યાપ્તા એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩ પ્રકૃતિના બંધના ૪ બંધભાંગા થાય છે.

(૧) સૂક્ષ્મ સાધારણ અપર્યાપ્તા (૨) સૂક્ષ્મ પ્રત્યેક અપર્યાપ્તા (૩) બાદર સાધારણ અપર્યાપ્તા (૪) બાદર પ્રત્યેક અપર્યાપ્તા

૨) ૨૫ પ્રકૃતિના બંધસ્થાનના ૨૫ બંધભાંગા હોય છે.

(૧) એકેન્દ્રિયના ૨૦, બેઈન્દ્રિયનો ૧, તેઈન્દ્રિયનો ૧, ચઉરિન્દ્રિયનો ૧, પંચેન્દ્રિય તિર્યંચનો ૧, મનુષ્યોનો ૧, =૨૫

એકેન્દ્રિયના ૨૦ ભાંગાનું વર્ણન

૧) પર્યાપ્ત-સૂક્ષ્મ-પ્રત્યેક-સ્થિર - શુભ અયશ
૨) પર્યાપ્ત-સૂક્ષ્મ-પ્રત્યેક-સ્થિર - અશુભ અયશ
૩) પર્યાપ્ત-સૂક્ષ્મ-પ્રત્યેક-અસ્થિર - શુભ અયશ
૪) પર્યાપ્ત-સૂક્ષ્મ-પ્રત્યેક-અસ્થિર - અશુભ અયશ
૫) પર્યાપ્ત-સૂક્ષ્મ-સાધારણ-સ્થિર - શુભ અયશ
૬) પર્યાપ્ત-સૂક્ષ્મ-સાધારણ-સ્થિર - અશુભ અયશ
૭) પર્યાપ્ત-સૂક્ષ્મ-સાધારણ-અસ્થિર - શુભ અયશ
૮) પર્યાપ્ત-સૂક્ષ્મ-સાધારણ-અસ્થિર - અશુભ અયશ
૯) પર્યાપ્ત-બાદર-સાધારણ-સ્થિર - શુભ અયશ
૧૦) પર્યાપ્ત-બાદર-સાધારણ-સ્થિર - અશુભ અયશ
૧૧) પર્યાપ્ત-બાદર-સાધારણ-અસ્થિર - શુભ અયશ
૧૨) પર્યાપ્ત-બાદર-સાધારણ-અસ્થિર - અશુભ-અયશ
૧) બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-યશ
૨) બદર-પર્યાપ્ત-પ્રત્યેક-અસ્થિર-શુભ-યશ
૩) બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-અશુભ-યશ
૪) બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-અસ્થિર-અશુભ-યશ
૫) બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અયશ
૬) બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-અસ્થિર-શુભ-અયશ
૭) બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-અશુભ-અયશ
૮) બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-અસ્થિર-અશુભ-અયશ

અપર્યાપ્તા બેઈન્દ્રિયનો ભાંગો ; અસ્થિર-અશુભ-અયશ
તેઈન્દ્રિયઅપર્યાપ્તાનો ભાંગો ૧ અસ્થિર-અશુભ-અયશ

ચઉરિન્દ્રિય અપર્યાપ્તાનો ભાંગો ૧ અસ્થિર-અશુભ-અયશ

અપર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિયનો ભાંગો -૧ અસ્થિર-અશુભ-અયશ

અપર્યાપ્તા મનુષ્ય પ્રાયોગ્ય ભાંગો -૧ અસ્થિર-અશુભ-અયશ

આ રીતે ૨૫ પ્રકૃતિના બંધના ૨૫ ભાંગા થાય છે. ૨૬ પ્રકૃતિના બંધસ્થાનના ૧૬ ભાંગા હોય. બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-આતપ નામ સાથે સ્થિરાસ્થિર શુભાશુભ યશાયશ ના ૮ ભાંગા થાય છે. એજ રીતે બાદર પર્યાપ્તા પ્રત્યેક ઉદ્યોત સાથેના સ્થિરા સ્થિર શુભાશુભ યશાયશના ૮ ભાંગા થાય છે.

૮ ભાંગાનું વર્ણન

૧) સ્થિર-શુભ-યશ (૨) અસ્થિર-શુભ-યશ

૩) સ્થિર- અશુભ-યશ (૪) અસ્થિર-અશુભ-યશ

૫) સ્થિર-શુભ-અયશ (૬) અસ્થિર-શુભ-અયશ

૭) સ્થિર-અશુભ-અયશ (૮) અસ્થિર-અશુભ-અયશ

આ રીતે ૮ આતપ + ૮ ઉદ્યોત = ૧૬ ભાંગા થાય છે.

નરકગતિ પ્રાયોગ્ય ૨૮ના બંધમાં સઘળી અશુભ પ્રકૃતિઓ બંધાતી હોવાથી ૧ ભાંગો થાય છે.

દેવગતિ પ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિના બંધના ૮ ભાંગા થાય છે. ૮ ભાંગા ઉપર પ્રમાણે જાણવા આ રીતે ૨૮ના બંધના કુલ ૯ ભાંગા થાય

૨૯ના બંધના કુલ ૯૨૪૮ ભાંગા થાય છે તે આ પ્રમાણે

૧) પર્યાપ્તા બેઈન્દ્રિય પ્રાયોગ્યના ૮ ભાંગા

૨) પર્યાપ્તા તેઈન્દ્રિય પ્રાયોગ્યના ૮ ભાંગા

૩) પર્યાપ્તા ચઉરિન્દ્રય પ્રાયોગ્યના ૮ ભાંગા

આ દરેકના ૮ ભાંગા સ્થિરા સ્થિર-શુભાશુભ-યશાયશના ઉપર પ્રમાણે જાણવા

પર્યાપ્તા તિર્યંચગતિ પ્રાયોગ્ય ૨૯ના બંધના ૪૬૦૮ ભાંગા થાય છે તે આ પ્રમાણે

૪) ૬ સંઘયણ x ૬ સંસ્થાન x ૨ વિહાયોગતિ x ૨ સ્થિરાસ્થિર x ૨ શુભાશુભ x ૨ યશાયશ x ૨ સુભગદુર્ભગ x ૨ સુસ્વર દુઃસ્વર x ૨ આદેય અનાદેય = ૪૬૦૮ ભાંગા થાય છે.

૫) પર્યાપ્તા મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ના બંધના ૪૬૦૮ ભાંગા થાય છે. ૬ સંઘયણ x ૬ સંસ્થાન x ૨ વિહાયોગતિ x ૨ સ્થિરા સ્થિર x ૨ શુભાશુભ x ૨ સુભગ

દુર્ભગ x ૨ સુસ્વર દુઃસ્વર x ૨ આદેય અનાદેય x ૨ યશાયશ =૪૬૦૮ ભાંગા થાય છે.

૬) જિનનામ સાથે દેવગતિ પ્રાયોગ્ય ૨૯ના બંધના સ્થિરા સ્થિર શુભાશુભ યશાયશ સાથે ૮ ભાંગા થાય છે.

આ રીતે ૮+૮+૮+૪૬૦૮+૪૬૦૮+૮ = ૯૨૪૮ ભાંગા થાય છે.

૬ સંઘયણ x ૬ સંસ્થાન = ૩૬ ભાંગા આ પ્રમાણે

૧) વજ્રઋષભ નારાચ સંઘયણ-સમચતુરસ્રસંસ્થાન
૨) વજ્રઋષભ નારાચ સંઘયણ-ન્યગ્રોધસંસ્થાન
૩) વજ્ર ઋષભ નારાચ સંઘયણ-સાદિ સંસ્થાન
૪) વજ્રઋષભ નારાચ સંઘયણ-કુબ્જ સંસ્થાન
૫) વજ્રઋષભ નારાચ સંઘયણ-વામન સંસ્થાન
૬) વજ્રઋષભ નારાચ સંઘયણ-હુંડક સંસ્થાન
૭) ઋષભ નારાચ સંઘય-સમચતુરસ્રસંસ્થાન
૮) ઋષભ નારાચ સંઘયણ-ન્યગ્રોધ સંસ્થાન
૯) ઋષભ નારાચ સંઘયણ-સાદિ સંસ્થાન
૧૦) ઋષભ નારાચ સંઘયણ-કુબ્જ સંસ્થાન
૧૧) ઋષભ નારાચ સંઘયણ-વામન સંસ્થાન
૧૨) ઋષભ નારાચ સંઘયણ-હુંડક સંસ્થાન
૧૩) નારાચ સંઘયણ-સમચતુરસ્રસંસ્થાન
૧૪) નારાચ સંઘયણ-ન્યગ્રોધ સંસ્થાન
૧૫) નારાચ સંઘયણ-સાદિ સંસ્થાન
૧૬) નારાચ સંઘયણ-કુબ્જ સંસ્થાન
૧૭) નારાચ સંઘયણ-વામન સંસ્થાન
૧૮) નારાચ સંઘયણ-હુંડક સંસ્થાન
૧૯) અર્ધનારાચ સંઘયણ-સમચતુરસ્ર સંસ્થાન
૨૦) અર્ધનારાચ સંઘયણ-ન્યગ્રોધ સંસ્થાન
૨૧) અર્ધનારાચ સંઘયણ સાદિ સંસ્થાન
૨૨) અર્ધનારાચ સંઘયણ-કુબ્જ સંસ્થાન
૨૩) અર્ધનારાચ સંઘયણ-વામન સંસ્થાન
૨૪) અર્ધનારાચ સંઘયણ-હુંડક સંસ્થાન

૨૫) કીલીકા સંઘયણ-સમચતુરસ્ત્ર સંસ્થાન
૨૬) કીલીકા સંઘયણ ન્યગ્રોધ સંસ્થાન
૨૭) કીલીકા સંઘયણ-સાદિ સંસ્થાન
૨૮) કીલીકા સંઘયણ-કુબ્જ સંસ્થાન
૨૯) કીલીકા સંઘયણ-વામન સંસ્થાન
૩૦) કીલીકા સંઘયણ-હુંડક સંસ્થાન
૩૧) છેવટ્ટુ સંઘયણ-સમચતુરસ્ત્ર સંસ્થાન
૩૨) છેવટ્ટુ સંઘયણ-ન્યગ્રોધ સંસ્થાન
૩૩) છેવટ્ટુ સંઘયણ-સાદિ સંસ્થાન
૩૪) છેવટ્ટુ સંઘયણ-વામન સંસ્થાન
૩૫) છેવટ્ટુ સંઘયણ-કુબ્જ સંસ્થાન
૩૬) છેવટ્ટુ સંઘયણ-હુંડક સંસ્થાન

સ્થિરાદિ-૬ x અસ્થિરા દિ-૬ =૬૪ ભાંગા થાય છે

૧) સ્થિર-શુભ-સુભગ-સુસ્વર-આદેય-યશ
૨) સ્થિર-અશુભ-સુભગ-સુસ્વર-આદેય-યશ
૩) અસ્થિર-શુભ-સુભગ-સુસ્વર-આદેય-યશ
૪) અસ્થિર-અશુભ-સુભગ-સુસ્વર-આદેય-યશ
૫) સ્થિર-શુભ-દુર્ભગ-સુસ્વર-આદેય-યશ
૬) સ્થિર-અશુભ-દુર્ભગ-સુસ્વર-આદેય-યશ
૭) અસ્થિર-શુભ-દુર્ભગ-સુસ્વર-આદેય-યશ
૮) અસ્થિર-અશુભ-દુર્ભગ-સુસ્વર-આદેય-યશ
૯) સ્થિર-શુભ-સુભગ-દુઃસ્વર-આદેય-યશ
૧૦) સ્થિર-અશુભ-સુભગ-દુઃસ્વર-આદેય-યશ
૧૧) અસ્થિર-શુભ-સુભગ-દુઃસ્વર-આદેય-યશ
૧૨) અસ્થિર-અશુભ-સુભગ-દુઃસ્વર-આદેય-યશ
૧૩) સ્થિર-શુભ-દુર્ભગ-દુઃસ્વર-આદેય-યશ
૧૪) સ્થિર-અશુભ-દુર્ભગ-દુઃસ્વર-આદેય-યશ
૧૫) અસ્થિર-શુભ-દુર્ભગ-દુઃસ્વર-આદેય-યશ
૧૬) અસ્થિર-અશુભ-દુર્ભગ-દુઃસ્વર-આદેય-યશ
૧૭) સ્થિર-શુભ-સુભગ-સુસ્વર-અનાદેય-યશ

૧૮) સ્થિર-અશુભ-સુભગ-સુસ્વર-અનાદેય-યશ
૧૯) અસ્થિર-શુભ-સુભગ-સુસ્વર-અનાદેય-યશ
૨૦) અસ્થિર-અશુભ-સુભગ-સુસ્વર-અનાદેય-યશ
૨૧) સ્થિર-શુભ-દુર્ભગ-સુસ્વર-અનાદેય-યશ
૨૨) સ્થિર-અશુભ-દુર્ભગ-સુસ્વર-અનાદેય-યશ
૨૩) અસ્થિર-શુભ-દુર્ભગ-સુસ્વર-અનાદેય-યશ
૨૪) અસ્થિર-અશુભ-દુર્ભગ-સુસ્વર-અનાદેય-યશ
૨૫) સ્થિર-શુભ-સુભગ-દુઃસ્વર-અનાદેય-યશ
૨૬) સ્થિર-અશુભ-સુભગ-દુઃસ્વર-અનાદેય-યશ
૨૭) અસ્થિર-શુભ-સુભગ-દુઃસ્વર-અનાદેય-યશ
૨૮) અસ્થિર-અશુભ-સુભગ-દુઃસ્વર-અનાદેય-યશ
૨૯) સ્થિર-શુભ-દુર્ભગ-દુઃસ્વર-અનાદેય-યશ
૩૦) સ્થિર-અશુભ-દુર્ભગ-દુઃસ્વર-અનાદેય-યશ
૩૧) અસ્થિર-શુભ-દુર્ભગ-દુઃસ્વર-અનાદેય-યશ
૩૨) અસ્થિર-અશુભ-દુર્ભગ-દુઃસ્વર-અનાદેય-યશ
૩૩) સ્થિર-શુભ-સુભગ-સુસ્વર-આદેય-અયશ
૩૪) સ્થિર-અશુભ-સુભગ-સુસ્વર-આદેય-અયશ
૩૫) અસ્થિર-શુભ-સુભગ-સુસ્વર-આદેય-અયશ
૩૬) અસ્થિર-અશુભ-સુભગ-સુસ્વર-આદેય-અયશ
૩૭) સ્થિર-શુભ-દુર્ભગ-સુસ્વર-આદેય-અયશ
૩૮) સ્થિર-અશુભ-દુર્ભગ-સુસ્વર-આદેય-અયશ
૩૯) અસ્થિર-શુભ-દુર્ભગ-સુસ્વર-આદેય-અયશ
૪૦) અસ્થિર-અશુભ-દુર્ભગ-સુસ્વર-આદેય-અયશ
૪૧) સ્થિર-શુભ-સુભગ-દુઃસ્વર-આદેય-અયશ
૪૨) અસ્થિર-શુભ-સુભગ-દુઃસ્વર-આદેય-અયશ
૪૩) સ્થિર-અશુભ-સુભગ-દુઃસ્વર-આદેય-અયશ
૪૪) અસ્થિર-અશુભ-સુગભ-દુઃસ્વર-આદેય-અયશ
૪૫) સ્થિર-શુભ-દુર્ભગ-દુઃસ્વર-આદેય-અયશ
૪૬) અસ્થિર-શુભ-દુર્ભગ-દુઃસ્વર-આદેય-અયશ
૪૭) સ્થિર-અશુભ-દુર્ભગ-દુઃસ્વર-આદેય-અયશ

૪૮) અસ્થિર-અશુભ-દુર્ભગ-દુઃસ્વર-આદેય-અયશ
૪૯) સ્થિર-શુભ-સુભગ-સુસ્વર-અનાદેય-અયશ
૫૦) અસ્થિર-શુભ-સુભગ-સુસ્વર-અનાદેય-અયશ
૫૧) સ્થિર-અશુભ-સુભગ-સુસ્વર-અનાદેય-અયશ
૫૨) અસ્થિર-અશુભ-સુભગ-સુસ્વર-અનાદેય-અયશ
૫૩) સ્થિર-શુભ-દુર્ભગ-સુસ્વર-અનાદેય-અયશ
૫૪) અસ્થિર-શુભ-દુર્ભગ-સુસ્વર-અનાદેય-અયશ
૫૫) સ્થિર-અશુભ-દુર્ભગ-સુસ્વર-અનાદેય-અયશ
૫૬) અસ્થિર-અશુભ-દુર્ભગ-સુસ્વર-અનાદેય-અયશ
૫૭) સ્થિર-શુભ-સુભગ-અનાદેય-દુઃસ્વર-અયશ
૫૮) અસ્થિર-શુભ-સુભગ-દુઃસ્વર-અનાદેય-અયશ
૫૯) સ્થિર-અશુભ-સુભગ-દુઃસ્વર-અનાદેય-અયશ
૬૦) અસ્થિર-અશુભ-સુભગ-દુઃસ્વર-અનાદેય-અયશ
૬૧) સ્થિર-શુભ-દુર્ભગ-દુઃસ્વર-અનાદેય-અયશ
૬૨) અસ્થિર-શુભ-દુર્ભગ-દુઃસ્વર-અનાદેય-અયશ
૬૩) સ્થિર-અશુભ-દુર્ભગ-દુઃસ્વર-અનાદેય-અયશ
૬૪) અસ્થિર-અશુભ-દુર્ભગ-દુઃસ્વર-અનાદેય-અયશ

૩૦ પ્રકૃતિના બંધસ્થાનના ૪૬૪૧ ભાંગા હોય છે.

પર્યાપ્તા બેઇન્દ્રિય પ્રાયોગ્યના ૮ ભાંગા, પર્યાપ્તા તેઇન્દ્રિય પ્રાયોગ્યના ૮ ભાંગા, પર્યાપ્તા ચઉરિન્દ્રિય પ્રાયોગ્યના ૮ ભાંગા, પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચના ૪૬૦૮ ભાંગા, (૬ સંધયણ x ૬-સંસ્થાન x ૨ વિહાયોગતિ x સ્થિરઅસ્થિરાદિ ૬૪ = ૪૬૦૮) આહારકદ્વિક સાથે દેવગતિ પ્રાયોગ્ય ૧ ભાંગો મનુષ્યગતિ પ્રાયોગ્ય જિનનામ સાથે ૮ ભાંગા થાય છે આ રીતે કુલ ૩૦ના બંધના ૪૬૪૧ ભાંગા થાય છે.

૩૧ના બંધસ્થાનનો દેવગતિ પ્રાયોગ્ય ૧ ભાંગો હોય છે. ૧ ના બંધનો અપ્રાયોગ્યનો ૧ ભાંગો હોય છે.

આ રીતે કુલ ૧૩૯૪૫ ભાંગા થાય છે તે આ પ્રમાણે

બંધસ્થાન	બંધભાંગા
૧) ૨૩ના બંધના	૪

૨) ૨૫ના બંધના	૨૫
૩) ૨૬ના બંધના	૧૬
૪) ૨૮ના બંધના	૯
૫) ૨૯ના બંધના	૯૨૪૮
૬) ૩૦ના બંધના	૪૬૪૧
૭) ૩૧ના બંધના	૧
૮) ૧ના બંધના	૧
	૧૩૯૪૫

૮ બંધ સ્થાનના ૧૩૯૪૫ ભાંગા થાય

નામકર્મના ઉદય સ્થાનક

વીસિગવીસા ચઉવીસગાઉ
એગાહિઆય ઈગતીસા
ઉદય ઠાણાણિ ભવે
નવ અટ્ઠ ય હુંતિ નામસ્સ ॥૨૮॥

ઉદય સ્થાને ભાંગા

ઈક્ક બિઆલિક્કારસ
તિત્તીસા છસ્સયાણિ તિતીસા
બારસ સત્તારસ સયાણ
હિગાણિ બિ પંચ સીઈહિં ॥૨૯॥
અઉણ ત્તી સિક્કારસ
સયાણિહિઅ સત્તારપંચસટ્ઠીહિં
ઈક્કિક્કગં ચ વીસા, દટ્ઠુદયંતે સુઉદયવિહી ॥૩૦॥

ભાવાર્થ :- નામકર્મના ઉદયસ્થાન ૧૨ હોય છે. ૨૦ પ્રકૃતીનું-૨૧ પ્રકૃતિનું-૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૯, અને ૮ પ્રકૃતિના ઉદય સ્થાનો હોય છે ॥૨૮॥

અનુક્રમે નામકર્મના ઉદયભાંગા ૭૭૯૧ થાય છે તે આ પ્રમાણે ૧, ૪૨, ૧૧, ૩૩, ૬૦૦, ૩૩, ૧૨૦૨, ૧૭૮૫, ૨૯૧૭, ૧૧૬૫, ૧, ૧, = ૭૭૯૧ ઉદયભાંગા થાય છે. ॥૨૯-૩૦॥

વિશેષાર્થ :- નામકર્મના ઉદયસ્થાન તથા તેના ઉદયભાંગાઓનું વર્ણન :- નામકર્મના ઉદયસ્થાન ૧૨ હોય છે. તે આ પ્રમાણે

૧) ૨૦ પ્રકૃતિનું ઉદયસ્થાન - નિયમા સામાન્યકેવલી જીવોને હોય છે.

૨) ૨૧ પ્રકૃતિનું ઉદયસ્થાન - એકેન્દ્રિયજીવોને-વિકલેન્દ્રિયજીવોને-પંચેન્દ્રિય તિર્યંચજીવોને, મનુષ્યોને-તીર્થંકર મનુષ્યોને-દેવતાઓને તથા નારકીના જીવોને ઘટે છે.

૩) ૨૪ પ્રકૃતિનું ઉદયસ્થાન :- નિયમા એકેન્દ્રિય જીવોને હોય છે.

૪) ૨૫ના ઉદયસ્થાન :- એકેન્દ્રિય પ્રાયોગ્ય-વૈક્રિયતિર્યંચ પ્રાયોગ્ય-વૈક્રિય મનુષ્ય પ્રાયોગ્ય-આહારક શરીરી પ્રાયોગ્ય-દેવપ્રાયોગ્ય અને નરક પ્રાયોગ્ય હોય છે.

૫) ૨૬ પ્રકૃતિનું ઉદયસ્થાન :- એકેન્દ્રિય પ્રાયોગ્ય-વિકલેન્દ્રિય પ્રાયોગ્ય-પંચેન્દ્રિયતિર્યંચ પ્રાયોગ્ય અને મનુષ્ય પ્રાયોગ્ય હોય છે.

૬) ૨૭ પ્રકૃતિનું ઉદયસ્થાન :- એકેન્દ્રિય પ્રાયોગ્ય-વૈક્રિયતિર્યંચ પ્રાયોગ્ય વૈક્રિયમનુષ્ય પ્રાયોગ્ય-આહારક શરીરી પ્રાયોગ્ય-દેવ પ્રાયોગ્ય-નરકપ્રાયોગ્ય-તિર્થંકર મનુષ્ય પ્રાયોગ્ય હોય છે.

૭) ૨૮ના પ્રકૃતિનું ઉદયસ્થાન :- વિકલેન્દ્રિય પ્રાયોગ્ય-સામાન્ય તિર્યંચ પ્રાયોગ્ય-સામાન્ય મનુષ્ય પ્રાયોગ્ય-વૈક્રિયતિર્યંચ પ્રાયોગ્ય-વૈક્રિય મનુષ્ય પ્રાયોગ્ય-આહારક શરીરી પ્રાયોગ્ય-દેવ પ્રાયોગ્ય-નારકી પ્રાયોગ્ય

૮) ૨૯ પ્રકૃતિનું ઉદયસ્થાન :- (૧) વિકલેન્દ્રિય પ્રાયોગ્ય (૨) સામાન્ય તિર્યંચપ્રાયોગ્ય (૩) સામાન્ય મનુષ્ય પ્રાયોગ્ય (૪) વૈક્રિય તિર્યંચ પ્રાયોગ્ય (૫) વૈક્રિય મનુષ્ય પ્રાયોગ્ય (૬) આહારક શરીરી પ્રાયોગ્ય (૭) દેવ પ્રાયોગ્ય (૮) નારકી પ્રયોગ્ય (૯) તીર્થંકર પ્રાયોગ્ય હોય છે.

૯) ૩૦ પ્રકૃતિનું ઉદયસ્થાન :- (૧) વિકલેન્દ્રિય પ્રાયોગ્ય (૨) સામાન્ય તિર્યંચ પ્રાયોગ્ય (૩) સામાન્ય મનુષ્ય પ્રાયોગ્ય (૪) વૈક્રિય તિર્યંચ પ્રાયોગ્ય (૫) વૈક્રિય મનુષ્ય પ્રાયોગ્ય (૬) આહારક શરીરી પ્રાયોગ્ય (૭) દેવ પ્રાયોગ્ય (૮) તીર્થંકર પ્રાયોગ્ય હોય છે.

૧૦) ૩૧ પ્રકૃતિનું ઉદયસ્થાન :- વિકલેન્દ્રિય પ્રાયોગ્ય (૨) સામાન્ય તિર્યંચ પ્રાયોગ્ય (૩) તિર્થંકર પ્રાયોગ્ય હોય છે.

૧૧) ૯ પ્રકૃતિનું ઉદયસ્થાન :- નિયમા તીર્થંકર પ્રાયોગ્ય હોય છે.

૧૨) ૮ પ્રકૃતિનું ઉદયસ્થાન :- નિયમા સામાન્ય કેવલીને હોય છે.

એકેન્દ્રિય જીવોને પાંચ ઉદયસ્થાનક હોય છે. ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭
બેઈન્દ્રિયજીવોને છ ઉદયસ્થાનક હોય છે. ૨૧, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧
તેઇન્દ્રિયજીવોને છ ઉદયસ્થાનક હોય છે. ૨૧, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧
ચઉરિન્દ્રિયજીવોને છ ઉદયસ્થાનક હોય છે. ૨૧, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧
સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચજીવોને છ ઉદયસ્થાનક હોય છે. ૨૧, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧
વૈક્રિયતિર્યંચજીવોને પાંચ ઉદયસ્થાન હોય છે. ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦
સામાન્ય મનુષ્યને પાંચ ઉદયસ્થાન હોય છે. ૨૧,૨૬, ૨૮, ૨૯, ૩૦
વૈક્રિયમનુષ્યને પાંચ ઉદયસ્થાન હોય છે. ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦
આહારક શરીરી મનુષ્યને પાંચઉદયસ્થાન હોય છે. ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦
કેવલી મનુષ્યને દશઉદયસ્થાન હોય છે. ૨૦, ૨૧, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૯, ૮
દેવતાને છ ઉદયસ્થાનક હોય છે. ૨૧, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦
નારકીના જીવોને ૫ ઉદયસ્થાનક હોય છે. ૨૧, ૨૫, ૨૭, ૨૮, ૨૯,

એકેન્દ્રિયજીવોના ઉદયસ્થાનકનું વર્ણન

૧) ૨૧ પ્રકૃતિનું ઉદયસ્થાનક :- તિર્યંચગતિ-એકેન્દ્રિયજાતિ,-તૈજસ કાર્મણશરીર,-વર્ણાદિ ૪, તિર્યંચાનુપર્વી,-અગુરૂલઘુ -નિર્માણ-સ્થાવર-સૂક્ષ્મ અથવા બાદર-પર્યાપ્તા અથવા અપર્યાપ્તા-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ

૨) ૨૪ પ્રકૃતિનું ઉદયસ્થાન :- તિર્યંચગતિ-એકેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ કાર્મણ શરીર, હુંડકસંસ્થાન-વર્ણાદિ ૪-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-સ્થાવર-સૂક્ષ્મ અથવા બાદર-પર્યાપ્ત અથવા અપર્યાપ્ત-પ્રત્યેક અથવા સાધારણ સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ

આ ૨૪ પ્રકૃતિનો ઉદય શરીરપર્યાપ્તિથી પર્યાપ્તા અર્થાત્ શરીરસ્થ એકેન્દ્રિય જીવોને હોય છે.

૨૧ પ્રકૃતિનો ઉદય વિગ્રહગતિમાં વિદ્યમાન જીવોને શરીર પર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી હોય છે.

૩) વૈક્રિય વાયુકાયને ૨૪ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-એકેન્દ્રિયજાતિ વૈક્રિય-તૈજસ-કાર્મણ શરીર-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-સ્થાવર-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-અયશ

આ ૨૪ પ્રકૃતિનો ઉદય બાદર વાયુકાયજીવો જ્યારે વૈક્રિય શરીર કરતા હોય છે. ત્યારે શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત અવસ્થામાં હોય છે.

૪) ૨૫ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-એકેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ કાર્મણશરીર-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-પરાઘાત-સ્થાવર-સૂક્ષ્મ અથવા બાદર-પર્યાપ્ત-પ્રત્યેક અથવા સાધારણ-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ

આ ૨૫ પ્રકૃતિનો ઉદય શરીર પર્યાપ્તિ એ પર્યાપ્તા એકેન્દ્રિયજીવોને હોય છે.

૫) ૨૫ પ્રકૃતિનો ઉદય : તિર્યંચગતિ-એકેન્દ્રિયજાતિ-વૈક્રિય-તૈજસ-કાર્મણશરીર-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-પરાઘાત-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત સ્થાવર-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-અયશ

આ ૨૫ પ્રકૃતિનો ઉદય શરીર પર્યાપ્તિએ પર્યાપ્તા વાયુકાય જીવોને હોય છે.

૬) ૨૬ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-અકેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ કાર્મણશરીર-હુંડક સંસ્થાન-૪ વર્ણાદિ-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-નિર્માણ ઉપઘાત-સ્થાવર-સૂક્ષ્મ અથવા બાદર-પર્યાપ્ત-પ્રત્યેક અથવા સાધારણ-સ્થિર-શુભ અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ

આ ૨૬ પ્રકૃતિનો ઉદય શ્વાસો શ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા એકેન્દ્રિય જીવોને હોય છે.

૭) ૨૬ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-એકેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-પરાઘાત-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-સ્થાવર-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક અથવા સાધારણ-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ-આતપ અથવા ઉદ્યોત

આ ૨૬ પ્રકૃતિનો ઉદય શરીર પર્યાપ્તીથી પર્યાપ્તા એકેન્દ્રિય જીવોને હોય છે.

૮) ૨૬ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-એકેન્દ્રિયજાતિ-વૈક્રિય-તૈજસ-કાર્મણશરીર-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-સ્થાવર-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-અયશ-દુર્ભગ-અનાદેય

આ ૨૬ પ્રકૃતિનો ઉદય શ્વાસોશ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્ત વૈક્રિય વાયુકાય જીવોને હોય છે.

૯) ૨૭ પ્રકૃતિઓનો ઉદય :- તિર્યંચગતિ-એકેન્દ્રિયજાતિ, ઔદારીક-તૈજસ-કાર્મણશરીર, હુંડકસંસ્થાન, ૪ વર્ણાદિ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ અથવા ઉદ્યોત, અગુરૂલઘુ, નિર્માણ, ઉપઘાત, સ્થાવર, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક અથવા સાધારણ સ્થિર, શુભ, અસ્થિર - અશુભ, દુર્ભગ, અનાદેય, યશ અથવા અયશ

આ ૨૭ પ્રકૃતિનો ઉદય શ્વાસોશ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્તા આતપ કે ઉદ્યોતની સાથે અકેન્દ્રિય જીવોને હોય છે.

નિયમ : ૧) તેઉકાય વાયુકાય જીવોને સાધારણ અને યશ નામકર્મનો ઉદય હોતો નથી

૨) સૂક્ષ્મ એકેન્દ્રિય પ્રત્યેક કે સાધારણ જીવોને યશ નામકર્મનો ઉદય હોતો નથી

૩) આતપ અને ઉદ્યોતનો ઉદય સૂક્ષ્મજીવોને હોતો નથી.

૪) ઉદ્યોત નામ કર્મનો ઉદય પ્રત્યેક અને સાધારણ જીવોને હોય છે.

૫) આતપ નામકર્મનો ઉદય પ્રત્યેક જીવોને જ હોય છે.

૬) આતપ નામકર્મનો ઉદય નિયમા પૃથ્વીકાય જીવોને હોય છે.

બેઇન્દ્રિયજીવોના ૭ ઉદયસ્થાનનું વર્ણન

૧) ૨૧ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-બેઇન્દ્રિયજાતિ-તૈજસ-કાર્મણશરીર-૪ વર્ણાદિ-તિર્યંચાનુપૂર્વી-અગુરૂલઘુ-નિર્માણ-ત્રસ-બાદર-પર્યાપ્ત અથવા અપર્યાપ્ત-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ

આ ૨૧ પ્રકૃતિનો ઉદય વિગ્રહગતિમાં વર્તતાજીવોને હોય છે.

૨) ૨૬ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-બેઇન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત અથવા અપર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ

આ ૨૬ પ્રકૃતિનો ઉદય શરીર પર્યાપ્તિ કરી રહેલા જીવોને હોય છે. અર્થાત હજી સુધી શરીર પર્યાપ્તિ પૂર્ણ કરી નથી ત્યાં સુધી ઉદય જાણવો.

૩) ૨૮ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-બેઇન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુ સંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ -અશુભ વિહાયોગતિ-પરાઘાત-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત-અથવા અપર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ

આ ૨૮ પ્રકૃતિનો ઉદય શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત બેઇન્દ્રિય જીવોને હોય છે.

૪) ૨૯ પ્રકૃતિનો ઉદય : તિર્યંચગતિ-પંચેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ - કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ અશુભવિહાગોગતિ-પરાઘાત-ઉદ્યોત-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-અયશ

આ રીતે ૨૯ના પ્રકૃતિનો ઉદય શરીરપર્યાપ્તિથી પર્યાપ્તા બેઇન્દ્રિય જીવોને

શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી હોય છે.

૫) ૨૯ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-બેઈન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાગ-છેવટ્ઠુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ અશુભવિહાયોગતિ-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-અયશ

આ ૨૯ પ્રકૃતિનો ઉદય શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા બેઈન્દ્રિય જીવોને હોય છે.

૬) ૩૦ પ્રકૃતિનો ઉદય : તિર્યંચગતિ-બેઈન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ઠુ સંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ અશુભવિહાયોગતિ-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-નિર્માણ-ઉદ્યોત-ઉપઘાત-ત્રસ બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-અયશ

આ ૩૦ પ્રકૃતિનો ઉદય શ્વાસોશ્વાસ પર્યાપ્તિએ પર્યાપ્તા બેઈન્દ્રિયજીવોને ઉદ્યોત સહિત હોય છે.

૭) ૩૦ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-બેઈન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ,-છેવટ્ઠુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ અશુભવિહાયોગતિ-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-સુસ્વર અથવા દુઃસ્વર-અનાદેય-યશ અથવા અયશ

આ ૩૦ પ્રકૃતિનો ઉદય ભાષાપર્યાપ્તિએ પર્યાપ્તા બેઈન્દ્રિય જીવોને હોય છે.

૮) ૩૧ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-બેઈન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ઠુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અશુભ વિહાયોગતિ-પરાઘાત-ઉચ્છ્વાસ-ઉદ્યોત-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-સુસ્વર અથવા દુઃસ્વર-અનાદેય-યશ અથવા અયશ

આ ૩૧ પ્રકૃતિનો ઉદય બેઈન્દ્રિયજીવોને ઉદ્યોત સહિત ભાષાપર્યાપ્તિથી પર્યાપ્તાને હોય છે.

તેઈન્દ્રિયજીવોના ઉદયસ્થાનકોનું વર્ણન

૧) ૨૧ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-તેઈન્દ્રિયજાતિ-તૈજસ-કાર્મણશરીર-૪ વર્ણાદિ-અગુરુલઘુ-નિર્માણ-ત્રસ-બાદર-પર્યાપ્ત અથવા અપર્યાપ્ત-સ્થિર-શુભ-

અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ-તિર્યંચાનુપૂર્વી

આ ૨૧ પ્રકૃતિનો ઉદય તેઇન્દ્રિયજીવોને વિગ્રહગતિમાં હોય છે.

૨) ૨૯ પ્રકૃતિનો ઉદય :-તિર્યંચગતિ-તેઇન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત અથવા અપર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ

આ ૨૯ પ્રકૃતિનો ઉદય શરીર પર્યાપ્તિપૂર્ણ ન કરે ત્યાંસુધી તેઇન્દ્રિય જીવોને હોય છે.

૩) ૨૮ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-તેઇન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અશુભવિહાયોગતિ-પરાઘાત-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ

આ ૨૮ પ્રકૃતિનો ઉદય તેઇન્દ્રિયજીવોને શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત થયા પછી હોય છે.

૪) ૨૯ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-તેઇન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ અશુભવિહાયોગતિ-પરાઘાત-ઉદ્યોત-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ

આ ૨૯ પ્રકૃતિનો ઉદય તેઇન્દ્રિયજીવોને શરીર પર્યાપ્તિથી પર્યાપ્તા થયા બાદ ઉદ્યોતસહિત શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ ન કરેત્યાં સુધી હોય છે.

૫) ૨૯ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-તેઇન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અશુભ વિહાયોગતિ-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ

આ ૨૯ પ્રકૃતિનો ઉદય તેઇન્દ્રિયજીવોને શ્વાસોશ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્તા થયા બાદ હોય છે.

૬) ૩૦ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-તેઇન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ અશુભવિહાયોગતિ-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ઉદ્યોત-ત્રસ-

બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ

આ ૩૦ પ્રકૃતિનો ઉદય તેઇન્દ્રિયજીવોને શ્વાસોશ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્તા થયા બાદ ઉદ્યોત સહિત ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત ન થાય ત્યાં સુધી હોય છે.

૭) ૩૦ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-તેઇન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અશુભ વિહાયોગતિ-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-સુસ્વર અથવા દુઃસ્વર-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ

આ ૩૦ પ્રકૃતિનો ઉદય તેઇન્દ્રિયજીવોને ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત થયા બાદ હોય છે.

૮) ૩૧ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-તેઇન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અશુભ વિહાયોગતિ-પરાઘાત-ઉચ્છ્વાસ-ઉદ્યોત-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-સુસ્વર અથવા દુઃસ્વર-અનાદેય-યશ અથવા અયશ

આ ૩૧ પ્રકૃતિનો ઉદય તેઇન્દ્રિયજીવોને સર્વપર્યાપ્તિએ પર્યાપ્તા ઉદ્યોતસહિત હોય છે.

ચઉરિન્દ્રિય જીવોને ઉદયસ્થાનક છ હોય છે.

૨૧, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧

૧) ૨૧ પ્રકૃતિનું ઉદયસ્થાન :- તિર્યંચગતિ-ચઉરિન્દ્રિયજાતિ-તૈજસ-કાર્મણશરીર-૪ વર્ણાદિ-અગુરૂલઘુ-નિર્માણ-ત્રસ-બાદર-પર્યાપ્ત અથવા અપર્યાપ્ત-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ-તિર્યંચાનુપૂર્વી.

આ ૨૧ પ્રકૃતિનો ઉદય ચઉરિન્દ્રિય જીવોને વિગ્રહગતિમાં વિદ્યમાન હોય છે ત્યારે હોય છે.

૨) ૨૬ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-ચઉરિન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત અથવા અપર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ

આ ૨૬ પ્રકૃતિનો ઉદય ચઉરિન્દ્રિયજીવોને શરીર પર્યાપ્તિથી પર્યાપ્તો ન

થાય ત્યાં સુધી હોય છે.

૩) ૨૮ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-ચઉરિન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુ સંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અશુભ વિહાયોગતિ-અગુરૂલઘુ-પરાઘાત-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ

આ ૨૮ પ્રકૃતિનો ઉદય ચઉરિન્દ્રિયજીવોને શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત થયા બાદ ઉદયમાં હોય છે.

૪) ૨૯ પ્રકૃતિનું ઉદય સ્થાન :- તિર્યંચગતિ-ચઉરિન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુ સંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ- અશુભ વિહાયોગતિ-પરાઘાત-ઉદ્યોત-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ

આ ૨૯ પ્રકૃતિનો ઉદય ચઉરિન્દ્રિયજીવોને શરીર પર્યાપ્તિથી પર્યાપ્ત થયા બાદ શ્વાસોશ્વાસ પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી ઉદ્યોત સહિત ઉદયમાં હોય છે.

૫) ૨૯ પ્રકૃતિનું ઉદયસ્થાન :- તિર્યંચગતિ-ચઉરિન્દ્રયજાતિ-ઔદારીક-તૈજસ કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અશુભ-વિહાયોગતિ-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ.

આ ૨૯ પ્રકૃતિનો ઉદય શ્વાસોશ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવોને હોય છે.

૬) ૩૦ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-ચઉરિન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અશુભ-વિહાયોગતિ-પરાઘાત-ઉચ્છ્વાસ-ઉદ્યોત-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-યશ અથવા અયશ

આ ૩૦ પ્રકૃતિનો ઉદય શ્વાસોશ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્ત થયા બાદ ભાષાપર્યાપ્તિપૂર્ણન કરે ત્યાં સુધી ઉદ્યોતસહિત ચઉરિન્દ્રિયજીવોને હોય છે.

૭) ૩૦ પ્રકૃતિનો ઉદય - તિર્યંચગતિ-ચઉન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અશુભ-વિહયોગતિ-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-સુસ્વર અથવા દુઃસ્વર-દુર્ભગ-અનાદેય-યશ

અથવા અયશ

આ ૩૦ પ્રકૃતિનો ઉદય ચઉરિન્દ્રિય ભાષાપર્યાપ્તિથી પર્યાપ્ત જીવો હોય છે.

૮) ૩૧ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-ચઉરિન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છેવટ્ટુસંઘયણ-હુંડકસંસ્થાન-૪ વર્ણાદિ-અશુભ-વિહયોગતિ-પરાઘાત-ઉચ્છ્વાસ-ઉદ્યોત-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-દુર્ભગ-સુસ્વર અથવા દુઃસ્વર-અનાદેય-યશ અથવા અયશ

આ ૩૧ પ્રકૃતિનો ઉદય ભાષા પયાપ્તિથી પર્યાપ્તા થયા બાદ ઉદ્યોતસહિત હોય છે.

સામાન્ય પંચેન્દ્રિય તિર્યંચોને છ ઉદયસ્થાનક હોય છે

૨૧, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧

૧) ૨૧ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-પંચેન્દ્રિયજાતિ-તૈજસ-કાર્મણશરીર- ૪ વર્ણાદિ-તિર્યંચાનુપૂર્વી-અગુરૂલઘુ-નિર્માણ-ત્રસ-બાદર-પર્યાપ્ત અથવા અપર્યાપ્ત-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-સુભગ અથવા દુર્ભગ-આદેય અથવા અનાદેય-યશ અથવા અયશ

આ ૨૧ પ્રકૃતિનો ઉદય વિગ્રહગતિમાં વર્તતા પંચેન્દ્રિય તિર્યંચ જીવોને હોય છે.

૨) ૨૬ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-પંચેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-છ સંઘયણમાંથી કોઈપણ એક સંઘયણ-૬ સંસ્થાનમાંથી કોઈપણ ૧ સંસ્થાન-૪ વર્ણાદિ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત અથવા અપર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-સુભગ અથવા દુર્ભગ-આદેય અથવા અનાદેય-યશ અથવા અયશ-ઔદારીક અંગોપાંગ

આ ૨૬ પ્રકૃતિનો ઉદય આહાર પર્યાપ્તિથી શરૂ કરી શરીર પર્યાપ્તિથી પર્યાપ્તા જીવ જ્યાં સુધી થાય નહિ ત્યાં સુધી પંચેન્દ્રિય તિર્યંચોને ઉદયમાં હોય છે.

૩) ૨૮ પ્રકૃતિનો ઉદય :- તિર્યંચગતિ-પંચેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છ સંઘયણમાંથી ૧ સંઘયણ-છ સંસ્થાનમાંથી ૧ સંસ્થાન-૪ વર્ણાદિ-બેવિહાયોગતિમાંથી ૧ વિહાયોગતિ-પરાઘાત-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-સુભગ અથવા દુર્ભગ-આદેય અથવા અનાદેય-યશ અથવા અયશ

આ ૨૮ પ્રકૃતિનો ઉદય શરીર પર્યાપ્તિથી પર્યાપ્તો થયા બાદ શ્વાસોશ્વાસ પર્યાપ્તિથી પર્યાપ્તો ન થાય ત્યાં સુધી પંચેન્દ્રિય જીવોને હોય છે.

૪) ૨૯ પ્રકૃતિનું ઉદયસ્થાન :- તિર્યંચગતિ-પંચેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ-કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છસંઘયણમાંથી ૧ સંઘયણ-છ સંસ્થાનમાંથી ૧ સંસ્થાન-૪ વર્ણાદિ-અશુભવિહાયોગતિ-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર-પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-સુભગ અથવા દુર્ભગ-આદેય અથવા અનાદેય-યશ અથવા અયશ

આ ૨૯ પ્રકૃતિનો ઉદય શરીરપર્યાપ્તિથી પર્યાપ્ત થયા બાદ ઉદ્યોત સહિત પંચેન્દ્રિય જીવોને હોય છે.

૫) ૨૯ પ્રકૃતિનું ઉદયસ્થાન :- તિર્યંચગતિ-પંચેન્દ્રિયજાતિ-ઔદારીક-તૈજસ કાર્મણશરીર-ઔદારીક અંગોપાંગ-છ સંઘયણમાંથી ૧ સંઘયણ-છ સંસ્થાનમાંથી ૧ સંસ્થાન-૪ વર્ણાદિ-પરાઘાત-ઉચ્છ્વાસ-અગુરૂલઘુ-નિર્માણ-ઉપઘાત-ત્રસ-બાદર- પર્યાપ્ત-પ્રત્યેક-સ્થિર-શુભ-અસ્થિર-અશુભ-સુભગ અથવા દુર્ભગ-આદેય અથવા અનાદેય-બે વિહાયોગતિ માંથી ૧ વિહાયોગતિ-યશ અથવા અયશ

પહેલા સમયે થોડું, બીજા સમયે અસંખ્યાતગુણ, ત્રીજા સમયે અસંખ્યાતગુણ એમ યાવત્ છેલ્લા સમય સુધી કહેવું. આ અંતર્મુહુર્ત - અપૂર્વકરણ અને અનિવૃતીકરણના કાળ થકી થોડુક અધિક જાણવુ. આ પ્રમાણે પહેલા સમયે ગ્રહણ કરેલા દલીકનો નિક્ષેપવિધિ જાણવો, આ રીતે બીજા આદિ સમયને વિષે પણ દલીક નિક્ષેપવિધિ કહેવો. પહેલા સમયે ગુણશ્રેણી રચવા માટે જે દલીકગ્રહણ કરે તે સૌથી થોડા હોય. અને બીજા સમયે અસંખ્યાત ગુણ અધિક જાણવા. ત્રીજા સમયે અસંખ્યાત ગુણ અધિક જાણવા. એમ યાવત્ ગુણશ્રેણીકરણના ચરમસમય સુધી જાણવુ.

અપૂર્વકરણના સમયો અને અનિવૃત્તીકરણના સમયો અનુક્રમે ગુણશ્રેણીના દલિકનો નિક્ષેપ અસર-પરસ શેષ શેષને વિષે હોય, તેનાથી ઉપર ન વધે અર્થાત તે દલિકો ઉપર ન જાય આને ગુણશ્રેણી કહેવાય છે.

ગુણસંક્રમ :- અપૂર્વકરણના પહેલા સમયે અનંતાનુબંધી આદિ અશુભ પ્રકૃતિઓના દલિકો પર પ્રકૃતિને વિષે (એટલે કે બીજી પ્રકૃતિઓને વિષે) જે સંક્રમ થાય તે સૌથી થોડુ હોય, બીજે સમયે પરપ્રકૃતિને વિષે જે દલીક સંક્રમ થાય તે પહેલા સમયકરતા અસંખ્યાતગુણ અધિક હોય, ત્રીજા સમયે જે દલિક સંક્રમ પામે છે તે બીજા સમય કરતા અસંખ્યાતગુણ અધિક હોય, આ રીતે અસંખ્યગુણ અધિક અધિક અપૂર્વકરણના છેલ્લા સમય સુધી જાણવું તેને ગુણસંક્રમ કહેવાય

અપૂર્વસ્થિતિબંધ :- અપૂર્વકરણના પહેલા સમયે નવો સ્થિતિબંધ શરૂ કરે તે યથાપ્રવૃતકરણના છેલ્લા સમયે જે સ્થિતિબંધ હતો તેના કરતા અસંખ્યગુણહીન આ સ્થિતિબંધ હોય છે આ રીતે દરેક સમયે નવા નવા આવા અપૂર્વ સ્થિતિબંધ કરે છે તેને અપૂર્વસ્થિતિ બંધ કહેવાય છે.

આ પાંચેય પદાર્થો અપૂર્વકરણના પહેલા સમયથી એક સાથે શરૂ થાય અને અપૂર્વકરણના છેલ્લા સમયે એકસાથે પૂર્ણ કરે છે. એ પૂર્ણ થતા અપૂર્વકરણ સમાપ્ત થાય છે.

અનિવૃત્તીકરણ

આ કરણને વિષે પ્રવેશ કરેલા જીવો જે જે સમયે રહેલા હોય તે સમયથી

દરેક જીવોને વિશુધ્ધિ એકસરખી હોય છે. એટલે કે ભૂત-ભાવિ અને વર્તમાન ત્રણેકાળમાં અનિવૃત્તીકરણના જે સમયે જે જીવો રહેલા હોય તે દરેકની વિશુધ્ધિ એક સરખી જાણવી. આ વિશુધ્ધિ અનિવૃત્તીકરણના છેલ્લા સમય સુધી જાણવી. પણ પહેલા સમયની વિશુધ્ધિની અપેક્ષાએ બીજા સમયની વિશુધ્ધિ અનંતગુણ અધિક હોય છે. તેના કરતા ત્રીજા સમયની અનંતગુણ હોય છે. આ રીતે વિશુધ્ધિ છેલ્લા સમય સુધી જાણવી.

આ અનિવૃત્તીકરણમાં પણ પહેલા સમયથી સ્થિતિઘાત-રસઘાત વિગેરે પાંચે પદાર્થો સમકાળે હોય છે. અનિવૃત્તીકરણના ઘણા સંખ્યાતાભાગ ગયે છતે અને એકભાગ બાકી રહે છતે, અનંતાનુબંધીના એક આવલિકા જેટલા દલીકમૂકીને અંતર્મુહૂર્ત પ્રમાણ અંતરકરણ કરે છે. અપૂર્વસ્થિતિબંધ કાળ પ્રમાણ અંતરકરણ અંતર્મુહૂર્તનું કરે.

અંતરકરણનું દલીક નાશ કરવા માટે બધ્યમાન પર પ્રકૃતિને વિષે તે વખતે પ્રથમસ્થિતીનું દલીક આવલિકામાત્ર હોય તે વેદ્યમાન. ભોગવાતી પર પ્રકૃતિને વિષે સ્તીબુક સંક્રમવડે સંક્રમાવે તે અંતરકરણ કીધે થકે બીજે સમયે અનંતાનુબંધીનું ઉપરની સ્થિતીનું દલીક ઉપશમવવા માંડે તે આ રીતે. પહેલે સમયે થોડું ઉપશમાવે. બીજે સમયે અસંખ્યાતગુણ ઉપશમાવે. ત્રીજે સમયે અસંખ્યાતગુણ ઉપશમાવે એમ યાવત્ એક અંતર્મુહૂર્ત સુધી ઉપશમાવે. આટલા કાળની અંદર અનંતાનુબંધી કષાય ઉપશમિત થાય. ઉપશમિત એટલે સંક્રમ - ઉદય-ઉદીરણા-નિધ્ધત અને નિકાચનાને અયોગ્ય થાય, એટલે કે ઉપશમ થયેલું દલીક સંક્રમપામે નહિ. ઉદયમાં આવે નહિ, ઉદીરણા થાય નહિ, નિધ્ધત અને નિકાચના પણ બનતી નથી.

કેટલાક આચાર્યોને મતે અનંતાનુબંધીની ઉપશમના ઉપશમશ્રેણીમાં હોતી નથી, પણ વિસંયોજના (ક્ષપણાજ) હોય છે. તે વિસંયોજના આ રીતે જાણવી. ચારેગતિના સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાજીવો, ૪થી -૭ ગુણસ્થાનમાં રહેલા ક્ષયોપશમ સમકિતી જીવો અનંતાનુબંધી ૪ કષાયની ક્ષપણા કરવાનો પ્રયત્ન કરે છે. તેમાં પહેલાની જેમ એટલે કે ઉપશમનાની જેમ યથાપ્રવૃતકરણ-અપૂર્વકરણ અનિવૃત્તીકરણ, કરે પણ અંતરકરણ કરતા નથી, પણ ઉદ્વલના સંક્રમે કરીને છેલ્લા એક આવલિકા જેટલા દલિકો મુકીને બાકી બધા દલીકોનો નાશ કરે છે. આવલિકા માત્ર જે દલિક છે તે સ્તિબુક સંક્રમે કરીને વેદાતી પ્રકૃતિઓને વિષે

સંક્રમાવે છે. તે અંત-મુહૂર્ત પછી અનિવૃત્તીકરણના અંતે બાકીના કર્મોનો સ્થિતિઘાત રસઘાત અને ગુણશ્રેણી હોતી નથી આ અનંતાનુબંધીની ક્ષપણા અથવા વિસંયોજના કહેવાય છે.

દર્શનત્રીકની ઉપશમનાનું વર્ણન

મિથ્યાત્વમોહનીયની ઉપશમના પહેલા ગુણસ્થાનકે તથા ચોથા ગુણસ્થાનકે ક્ષયોપશમ સમકિતી જીવો કરે છે તથા મિશ્રમોહનીય અને સમ્યકત્વમોહનીયની ઉપશમના ૪ થી ૭ ગુણસ્થાનકમાં રહેલા ક્ષયોશમ સમકિતીજીવો જ કરે છે. મિથ્યાદ્રષ્ટિજીવો મિથ્યાત્વની ઉપશમના ઉપશમસમક્તિ પામતા કરે છે તે સંજ્ઞીપંચેન્દ્રિય સર્વ પર્યાપ્તીએ પર્યાપ્તો અનંતગુણવિશુધ્ધીએ વધતો અભવ્ય જીવોની અપેક્ષાએ અનંતગુણ વિશુધ્ધી યુક્ત મતિઅજ્ઞાન-શ્રુતઅજ્ઞાન-વિભંગજ્ઞાન ત્રણે અજ્ઞાનમાંથી કોઈપણ ૧ સાકાર ઉપયોગે વર્તતો જઘન્ય પરિણામે, તેજો-લેશ્યાવંત મધ્યમપરિણામે, પદ્મલેશ્યાવંત ઉત્કૃષ્ટ પરિણામે, શુક્લલેશ્યાવંતઅંતઃકોટાકોટી સાગરોપમની સ્થિતીવાળો ઉપશમસમક્તિ પામવા માટે યથાપ્રવૃત્તકરણ કરે છે. એ યથાપ્રવૃત્તકરણ અનંતાનુબંધીની ઉપશમનાની જેમ જાણવું, ત્યારબાદ અપૂર્વકરણ કરે છે. આ અપૂર્વકરણને વિષે સ્થિતિઘાત-રસઘાત-ગુણશ્રેણી અને અપૂર્વસ્થિતિબંધ એ ૪ પદાર્થો હોય છે. પણ ગુણસંક્રમ હોતો નથી આ અપૂર્વકરણના કાળમાં ગાઢ રાગાદિ પરિણામની જે પરિણતી રહેલી છે. તેનો ભેદ થાય છે. એટલે કે ગ્રન્થીભેદ થાય છે. રાગાદિ પરિણામ જે ૪ ઠાણીયા રસવાળા હતા તેથી ગ્રન્થીભેદ થતા બે ઠાણીયા રસવાળા બને છે. આ રીતે અપૂર્વકરણનો કાળ પૂર્ણ થાય છે. ત્યાર બાદ અનિવૃત્તીકરણમાં પ્રવેશ કરે છે. એ અનિવૃત્તીકરણ કાળમાં ઘણા સંખ્યાતા ભાગ ગયે છતે ૧ સંખ્યાતમોભાગ બાકી રહે છતે સત્તામાં રહેલા મિથ્યાત્વના દલિકનું અંતઃકરણ કરે છે. આ અંતઃકરણ એટલે સત્તામાં રહેલી મિથ્યાત્વની જે સ્થિતી છે તેના ત્રણ વિભાગ કરે છે. પહેલો વિભાગ ૧ અંતર્મુહૂર્તની સ્થિતિનો જે અનિવૃત્તીકરણ કહેવાય છે. બીજો ૧ અંતર્મુહૂર્તની સ્થિતિનો જે વચલી બીજી સ્થિતી કહેવાય છે. અને ત્રીજી સ્થિતી અંત : કોટાકોટી સાગરોપમની સત્તાવાળી હોય છે.

આ અનિવૃત્તીકરણના સંખ્યાતાભાગ ગયે છતે બીજી સ્થિતિમાં રહેલા મિથ્યાત્વના દલીકની સ્થિતિ ઘટાડી ઘટાડી પહેલી સ્થિતિમાં લાવીને ભોગવે છે. જે દલિકની સ્થિતિ ઘટે તેવી નથી તે દલિકોને ઉધવર્તનાકરણ દ્વારા સ્થિતિ

વધારીને ત્રીજી સ્થિતિમાં નાંખે છે. આ રીતે સમયે સમયે વચલી સ્થિતીના દલીકોને ખાલી કરવાનું કાર્ય અનિવૃત્તીકરણનો ૧ આવલિકા જેટલોકાળ બાકી રહે ત્યાં સુધી ચાલે છે. અનિવૃત્તીકરણના કાળનો ૨ આવલિકા જેટલોકાળ બાકી રહે ત્યારે ત્રીજી સ્થિતિમાં નંખાતા દલિકો બંધ થાય છે. તેને આગાલવિચ્છેદ કહેવાય છે. અને ૧ આવલિકા જેટલો કાળ બાકી રહે ત્યારે પહેલી સ્થિતીમાં આવતાં દલીકો બંધ થાય છે. તેને ઉદીરણા વિચ્છેદ કહેવાય છે.

જયારે આગાલ અને ઉદીરણાવિચ્છેદ થાય છે ત્યારે બીજી એટલે વચલી સ્થિતિમાં મિથ્યાત્વનું એકપણ દલીક સત્તાગત હોતુ નથી મિથ્યાત્વના દલીકની સત્તાવિનાનું જે અંતર્મુહૂર્ત તેને અંતરકરણ કહેવાય છે.

અનિવૃત્તીકરણની છેલ્લી આવલીકા મિથ્યાત્વના ઉદયવાળી સંપૂર્ણ ભોગવાઈ જાય ત્યારે જીવ અંતરકરણમાં પ્રવેશ કરે છે આ અંતરકરણમાં પ્રેવશ થાય ત્યારે મિથ્યાત્વના દલીકની ઉપશમના થયેલી હોય છે તેને જીવ ઉપશમ સમક્તિ પામ્યો કહેવાય છે.

આ ઉપશમ સમક્તિ પામતા કોઈક જીવની સાતેકર્મની સ્થિતિ સત્તા ૪ થા ગુણસ્થાનક કરતાં સંખ્યાત પલ્યોપમ જેટલી ઓછી થયેલી હોય છે ઉપશમ સમક્તિ પામતાની સાથે દેશવિરતીના પરિણામને પણ પામે છે.

કોઈજીવની ઉપશમસમક્તિ પામવાવાળા જીવો કરતાં સંખ્યાતા સાગરોપમ જેટલી સ્થિતીસત્તા સાતેકર્મની ઓછી થયેલી હોય તો ઉપશમ સમક્તિ પામવાની સાથે સર્વવિરતીના પરિણામને પણ પામે છે.

એજ રીતે ઉપશમ સમક્તિની સાથે અપ્રમત સર્વવિરતીને પણ પામે છે. આ રીતે અનાદી મિથ્યાત્વી જીવને મિથ્યાત્વની ઉપશમના કરી આ ઉપશમ સમક્તિમાંથી સમ્યક્ત્વ મોહનીયનો ઉદય થતાં ૪ થી ૭ ગુણસ્થાનકે રહેલા જીવને ક્ષયોપશમ સમક્તિની પ્રાપ્તિ થાય છે. ત્યાં વિશુધ્ધ પરિણામવાળો થયો થકો અનંતાનુબંધીની ઉપશમનાની જેમ યથાપ્રવૃતકરણ-અપૂર્વકરણ અને અનિવૃત્તીકરણને કરે છે. ત્યારબાદ અનિવૃત્તિકરણનો સંખ્યાત્તમો ભાગ ગયા પછી મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીયના દલિકની ૧ અંતર્મુહૂર્ત જેટલી સ્થિતિનું અંતરકરણ કરે છે. અને તે દલીકોને સમ્યક્ત્વ મોહનીયના ભોગવાતા દલીકમાં નાંખે છે. આ રીતે જયારે પ્રયત્ન વિશેષ કરે છે તે વખતે આવલિકામાત્ર જેટલા દલીક સાથે સાથે ઉપશમપણ કરે છે. જયારે મિથ્યાત્વ મોહનીય અને

મિશ્રમોહનીયના દલીકો ઉપશમને પામે ત્યારે ભોગવાતા સમ્યકત્વ મોહનીયના દલીકોને ભોગવીને ક્ષય કરે છે તે ક્ષયથાય ત્યારે દર્શનમોહનીયની ત્રણે પ્રકૃતિની ઉપશમના થાય છે.

આ દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિની ઉપશમના થઈ કહેવાય છે.

ચારિત્રમોહનીયની પ્રકૃતિઓની ઉપશમનાનું વર્ણન

આ ઉપશમ સમકિતી જીવ વિશુધ્ધ અધ્યવસાય વાળો થયો થકો ચારિત્ર મોહનીયને ઉપશમાવવા માટે ફરીથી પાછા યથાપ્રવૃત્ત આદિ ત્રણ કરણ કરે છે. તેમાં અપ્રમત ગુણસ્થાનકે યથાપ્રવૃત્તકરણ જાણવું અપૂર્વકરણ ગુણસ્થાનકે અપૂર્વકરણ જાણવું, નવમા અનિવૃત્તીકરણ ગુણસ્થાનકે અનિવૃત્તીકરણ જાણવું, અપૂર્વકરણે સ્થિતિઘાતાદિ પહેલાની જેમ જાણવા, પણ તેમાં વિશેષ એ છે કે નહીં બંધાતી સર્વ અશુભ પ્રકૃતિનો ગુણસંક્રમ પણ હોય છે.

અપૂર્વકરણ ગુણથાનકનો સંખ્યાતમોભાગ ભોગવાઈ જાય ત્યારે નિદ્રા દ્વિક પ્રકૃતિનો બંધ વિચ્છેદ થાય છે. પછી સંખ્યાતાભાગ એટલે કે હજારો સ્થિતિખંડપૂર્ણ થાય ત્યારે નામકર્મની દેવગતિઆદિ બંધાતી ૩૦ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થાય છે. ત્યાર પછી સ્થિતિખંડ પૃથક્ત્વ એટલે કે સંખ્યાતાભાગ ગયે છતે અપૂર્વકરણના છેલ્લા સમયે મોહનીયકર્મની હાસ્ય-રતિ ભય-શોક એ ૪ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થાય છે. તેની સાથે હાસ્યાદિ ૬ નો ઉદય વિચ્છેદ થાય છે. તેની સાથે સર્વકર્મના દેશઉપશમના નિધ્ધતિ તથા નિકાચનાકરણ વિચ્છેદ પામે છે. આટલું જીવ કરે ત્યારે અપૂર્વકરણ ગુણસ્થાન પૂર્ણ થાય છે. ત્યારપછી જીવ અનિવૃત્તીકરણમાં પ્રવેશ કરે છે. અહિંયા સ્થિતિઘાતઆદિ પાંચે પદાર્થો અપૂર્વકરણની જેમ જાણવા.....અનિવૃત્તીકરણના સંખ્યાતાભાગ પૂર્ણ થાય ત્યારે ચારિત્ર મોહનીયની ૨૧ પ્રકૃતિઓનું અંતરકરણ કરે છે. ત્યાં વિદ્યમાન એટલે વેદાતો સંજવલન ૪ કષાય માંહેનો ૧ કષાય અને ૩ વેદ માંહેથી કોઈપણ ૧ વેદની સ્થિતિ તે પ્રથમ સ્થિતિ પોતાના ઉદયકાલ પ્રમાણ જાણવી. બાકીના ૧૧ કષાય અને ૮ નોકષાયની પ્રથમ સ્થિતી ૧ આવલિકા પ્રમાણ હોય છે. અત્રે સ્ત્રીવેદ અને નપુંસકવેદનો ઉદયકાળ સંખ્યાત ગુણો હોય છે. તેના કરતા સંજવલનક્રોધનો વિશેષાધિક, તેના કરતાં સંજવલનમાનનો વિશેષાધિક, તેના કરતાં સંજવલન માયાનો વિશેષાધિક, તેના કરતાં સંજવલન લોભનો વિશેષાધિક હોય છે.

સંજવલન ક્રોધના ઉદયે ઉપશમશ્રેણી શરૂ કરે તેને અપ્રત્યાખ્યાનીય ક્રોધ અને પ્રત્યાખ્યાનીય ક્રોધ નો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજવલન ક્રોધનો ઉદય હોય છે. સંજવલનમાન ના ઉદયે ઉપશમ શ્રેણી શરૂ કરે તે જીવોને અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનીય માનનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજવલનમાનનો ઉદય હોય છે. સંજવલન માયાના ઉદયે ઉપશમશ્રેણી શરૂ કરે એ જીવોને જ્યાં સુધી અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનીય માયાનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજવલન માયાનો ઉદય હોય છે. સંજવલનલોભના ઉદયે ઉપશમશ્રેણી શરૂ કરે એ જીવોને જયાં સુધી અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનીય લોભનો ઉપશમ ન થાય ત્યાં સુધી સંજવલન બાદર લોભના ઉદય હોય છે. આ રીતે અંતરકરણના ઉપરના ભાગોની અપેક્ષાએ સમ=સરખા અને નીચેના ભાગોની અપેક્ષાએ વિષમ હોય છે. અહીં જેટલાકાળે સ્થિતિખંડનો ઘાત કરે અથવા અન્ય સ્થિતિ બંધ કરે એટલા કાળે અંતરકરણ પણ કરે આ ત્રણે એકસાથે આરંભે અને સાથે જ પૂર્ણ કરે

અંતરકરણ સંબંધી દલિકનો પ્રક્ષેપ વિધિ આ પ્રમાણે

૧) જે કર્મનો બંધ અને ઉદય એક સાથે વર્તતા હોય એકર્મના અંતરકરણ સંબંધી દલીક પહેલી અને બીજી બન્ને સ્થિતિમાં નાંખે છે. જેમ કે પુરૂવેદના ઉદયે ઉપશમશ્રેણી પ્રાપ્ત કરનાર જીવને પુરૂષવેદનો બંધ અને ઉદય બન્ને હોવાથી તેના અંતરકરણ સંબંધી દલીકો પહેલી અને બીજી બે સ્તિતિમાં નાંખે છે.

૨) જે કર્મનો એકલો ઉદય જ હોય પણ બંધ ન હોય તેના અંતરકરણ સંબંધી દલીકો પહેલી સ્થિતીમાં જ નાંખે છે જેમ કે સ્ત્રીવેદ ઉદયે ઉપશમ શ્રેણી શરૂ કરનારને સ્ત્રીવેદનો ઉદય હોય છે પણ બંધ હોતો નથી તે કારણથી તેના અંતરકરણ સંબંધી દલીકો પહેલી સ્થિતિમાં નાંખે છે.

૩) જે કર્મનો ઉદય નથી પણ ફક્ત બંધ છે તેના અંતરકરણ સંબંધી દલીકો બીજી સ્થિતિમાંજ નાંખે છે જેમ કે સંજવલન ક્રોધના ઉદયે ઉપશમશ્રેણી પ્રાપ્ત કરનાર જીવને બાકીના ૩ કષાયનો ઉદયવિના બંધ હોવાથી તેના અંતરકરણના દલીકોને બીજી સ્થિતિમાં નાંખે છે.

૪) જે કર્મનો બંધ અને ઉદય નથી તેના અંતરકરણના દલીકો પર (બીજી) પ્રકૃતિમાં નાંખે છે. જેમ કે બીજા અપ્રત્યાખ્યાનીયકષાય અને ત્રીજા પ્રખ્યાખ્યાનીય કષાયના અંતરકરણના દલીકો. આ કષાયોનો બંધ અને ઉદય ન હોવાથી આના દલીકો પર પ્રકૃતિરૂપ સંજવલન કષાયમાં નાંખે છે. આ અનિવૃત્તીકરણના કાળમાં

ઘણુ ઘણુ કહેવાનું હોય છે તેનું વર્ણન કર્મપ્રકૃતિમાં આવતું હોવાથી ત્યાંથી જાણી લેવું

જ્યારે જીવ અંતરકરણ કરે છે તે અંતરકરણ કર્યા પછી સૌ પ્રથમ નપુંસકવેદને ઉપશમાવે છે. તે આ પ્રમાણે. પહેલા સમયે થોડું, બીજા સમયે અસંખ્યગુણ દલીક ઉપશમાવે, ત્રીજા સમયે તેનાથી અસંખ્યગુણ દલીક ઉપશમાવે, એમ છેલ્લા સમય સુધી અસંખ્યગુણ અસંખ્યગુણ દલીક ઉપશમાવે છે. અને સમયે સમયે ઉપશમ થતાં દલીક અપેક્ષાએ અસંખ્યાતગુણ દલીક દ્વિચરમ સમય સુધી બીજી પ્રકૃતિમાં નાંખે છે અને છેલ્લે સમયે પરપ્રકૃતિમાં સંક્રમણ થતાં દલીકની અપેક્ષાએ ઉપશમ પામતુ દલીક સંખ્યાતગુણ અધિક હોય છે.

તાત્પર્યાર્થ દ્વિચરમ સમય સુધી જે દલીક ઉપશમ પામે છે. તેના કરતાં અસંખ્યાતગુણ અધિક દલીકો પરપ્રકૃતિમાં પડે છે.

છેલ્લે સમયે પર પ્રકૃતિમાં જેટલા દલિકોનું સંક્રમણ થાય છે તેના કરતાં સંખ્યાતગુણ અધિક દલીકો ઉપશમ પામે છે. આ રીતે નપુંસકવેદનો ઉપશમ થાય છે. ત્યાર પછી નપુંસકવેદની જેમ ૧ અંતર્મુહૂર્ત કાળે સ્ત્રીવેદનો ઉપશમ કરે છે. ત્યાર પછી ૧ અંતર્મુહૂર્ત કાળે હાસ્યાદિ- ૬ પ્રકૃતિને ઉપશમાવે છે. આ રીતે દર્શનસપ્તક, નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિ -૬ એમ ૧૫ પ્રકૃતિનો ઉપશમ થયેલો હોય છે. એ જ વખતે પુરૂષવેદનો બંધ-ઉદય અને ઉદીરણા વિચ્છેદ તથા તેની પ્રથમ સ્થિતિનો વિચ્છેદ થાય છે. પુરૂષવેદની પહેલી સ્થિતિની ૨ આવલિકા બાકી રહે ત્યારે આગાલ વિચ્છેદ થાય છે. તે જ સમયે શરૂ કરીને હાસ્યાદિ- ૬ કષાયનું દલીક પુરૂષવેદમાં નાંખે નહિ પરંતુ સંજવલન ક્રોધાદિને વિષે નાંખે છે. હાસ્યાદિ - ૬ ઉપશમાવ્યા પછી ૧ સમય ન્યૂન ૨ આવલિકાકાળે પુરૂષવેદ સંપૂર્ણ ઉપશમાવે તે બીજે સમયે અસંખ્યાતગુણ, તેનાથી ત્રીજે સમયે અસંખ્યગુણ, એમ ૨ આવલીકાના છેલ્લા સમય સુધી અસંખ્યગુણ અસંખ્યગુણ દલીક ઉપશમાવે છે. તથા ૨ સમયન્યુન ૨ આવલિકાના કાળ પર્યંત યથાપ્રવૃત સંક્રમવડે બીજી પ્રકૃતિને વિષે દલીકોનો સંક્રમ કરે છે તે પહેલા સમયે ઘણુ સંક્રમાવે, બીજે સમયે વિશેષહીન ત્રીજે સમયે વિશેષહીન એમ ૨ - આવલિકાના છેલ્લા સમય સુધી વિશેષહીન વિશેષહીન - સંક્રમ થતું જાણવું. આ ક્રમથી પુરૂષવેદનો ઉપશમ થાય ત્યારે ૧૬ પ્રકૃતિથી ઉપશાંત થયેલો જાણવો.

ત્યારબાદ જે સમયે હાસ્યાદિ ૬ પ્રકૃતિ ઉપશાંત થાય તે સમયે પુરૂષવેદની

પહેલી સ્થિતિ ક્ષીણ થયેલી હોય છે. ત્યારપછી અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય અને સંજવલન ૩ પ્રકારના ક્રોધને ઉપશમાવવા માટેની શરૂઆત કરે. જ્યારે સંજવલનક્રોધની પ્રથમ સ્થિતિ સમયન્યૂન ત્રણ આવલિકા બાકી રહે ત્યારે અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય ક્રોધનું દલીક સંજવલન ક્રોધમાં ન નાંખતા સંજવલન માન આદિકષાયમાં નાંખે છે. ૨ આવલીકા બાકી રહે ત્યારે આગાલ વિચ્છેદ થાય છે. ૧ આવલિકા બાકી રહે ત્યારે સંજવલનક્રોધના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે. તે વખતે અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનીય ક્રોધનો ઉપશમ થાય છે. એ વખતે ૧૬+ ૨= ૧૮ પ્રકૃતિનો ઉપશમ થયો. જયારે આ બે નો ઉપશમ થાય છે ત્યારે સંજવલનક્રોધની પ્રથમ સ્થિતીની ૧ આવલીકા અને સમયન્યૂન બે આવલિકા કાળે બાંધેલ ઉપરની સ્થિતિનું દલીકવર્જી બાકીનું સઘળું ઉપશમ થયેલું હોય છે.

તે પછી પ્રથમ સ્થિતિગત ૧ આવલીકાને સ્તિબુક સંક્રમ વડે સંજવલન માનને વિષે નાંખે છે. સમયન્યૂન બે આવલીકાનું બાંધેલ દલીક પુરૂષવેદ ઉપશમાવવાના વખતે કહેલ પ્રકારે ઉપશમાવે છે. તથા પર પ્રકૃતિને વિષે સંક્રમાવે છે. આ રીતે સમય ન્યૂન બે આવલિકા કાળે સંજવલન ક્રોધ ઉપશાંત થાય છે. તે વખતે ૧૯ પ્રકૃતિઓનો ઉપશાંત થયો જાણવો

જે સમયે સંજવલન ક્રોધમાં બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય તે પછી સંજવલન માનની બીજી સ્થિતિ સંબંધી દલીકને આકર્ષીને પ્રથમ સ્થિતિ કરે છે અને વેદે છે ત્યાં પહેલા સમયે થોડું બીજા સમયે અસંખ્યગુણ, ત્રીજા સમયે અસંખ્યગુણ, એમ સમયે સમયે અસંખ્યગુણ દલીક પ્રથમસ્થિતિના છેલ્લા સમય સુધી નાંખે.

પહેલી સ્થિતિના પહેલા સમયથી જ અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય માનને ઉપશમાવવા માંડે. સંજવલનમાનની પ્રથમ સ્થિતિ સમયન્યૂન ૩ આવલિકા બાકી રહે ત્યારે, અપ્રત્યાખ્યાનીય પ્રત્યાખ્યાનીય માનનું દલીક સંજવલન માનમાં નાંખે નહિ પણ સંજવલન માયા વિ. માં નાંખે

૨ આવલિકા બાકી રહે ત્યારે આગાલ વિચ્છેદ થાય છે. ૧ આવલિકા બાકી રહે ત્યારે સંજવલન માનનો બંધ -ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે. અને તે વખતે અપ્રત્યાખ્યાનીય માન, પ્રત્યાખ્યાનીય માનનો ઉપશમ થાય છે. તે વખતે સંજવલનમાનની પ્રથમ સ્થિતિની ૧ આવલિકા ને સમયન્યૂન ૨ આવલીકાનું

બાંધેલ ઉપરની સ્થિતિનું દલીક વર્જીને બાકીનું સઘળું ઉપશાંત થાય છે. ત્યાર પછી પ્રથમ સ્થિતિગત ૧ આવલીકાને સ્તિબુક સંક્રમવડે સંજવલન માયામાં નાંખે છે અને સમયન્યૂન ૨ આવલીકાનું બાંધેલું દલીક પુરૂષવેદની જેમ ઉપશમાવે. અને સંક્રમાવે છે. ત્યારપછી સમયન્યૂન ૨ આવલિકાકાળે સંજવલનમાન ઉપશાંત થાય છે.

જયારે સંજવલનમાનના બંધ - ઉદય - અને ઉદીરણા વિચ્છેદ થાય ત્યારે સંજવલન માયામાંની બીજીસ્થિતિમાંથી દલીકને ખેંચીને પ્રથમ સ્થિતિવાળુ કરી વેદે છે. તે સમયથી અપ્રખ્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય અને સંજવલન માયા આ ત્રણે પ્રકૃતિ ઉપશમાવવાની શરૂઆત કરે છે.

સંજવલનમાયાની પ્રથમ સ્થિતી સમયન્યૂન ૩ આવલિકા બાકી રહે છતે અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય માયાનું દલીક સંજવલન માયામાં નાંખતા નથી પણ સંજવલલોભમાં નાંખે છે. ૨ આવલિકા બાકી રહે ત્યારે આગાલવિચ્છેદ થાય છે. આવલિકાબાકી રહે ત્યારે સંજવલનમાયાના બંધ-ઉદય -ઉદીરણા વિચ્છેદ થાય છે. તેજ વખતે અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનીય માયા ઉપશાંત થાય છે. તે વખતે સંજવલન માયાની પ્રથમસ્થિતિગત ૧ આવલિકા અને સમયન્યૂન ૨ આવલીકાએ બાંધેલા બીજી સ્થિતિગત દલીક છોડીને બાકીનું સર્વ ઉપશાંત થાય છે. તે પ્રથમ સ્થિતિગત ૧ આવલિકાને સ્તીબુક સંક્રમવડે સંજવલન લોભમાં સંક્રમાવે છે. અને સમયન્યૂન ૨ આવલિકાએ બાંધેલ દલીકને પુરૂષવેદની જેમ ઉપશમાવે છે અને સંક્રમાવે છે ત્યારબાદ સમયન્યૂન ૨ આવલિકા કાલે સંજવલનમાયા ઉપશાંત થાય છે.

જે સમયે સંજવલનમાયા - નો બંધ- ઉદય- ઉદીરણાનો વિચ્છેદ થાય તે પછીના સમયથી સંજવલન લોભની બીજી સ્થિતિમાંથી દલીક આકર્ષીને લોભવેદક અધ્ધા એટલે લોભવેદવાના કાળમાં ૨/૩ ભાગ પ્રમાણ પ્રથમ સ્થિતિ પૂર્વોકત પ્રકારે કરે અને તેનું રૂંધન કરે અને વેદે

તે પ્રથમ સ્થિતિઘાત (૧/૩) એનું નામ અશ્વકરણઅધ્ધાકહેલ છે. બીજા ત્રીભાગનું નામ કિટ્ટીકરણ અધ્ધા કહેવાય છે.

અશ્વકરણ અધ્ધાનું વર્ણન :-

અશ્વકરણ અધ્ધાનામે પ્રથમ ત્રણ ભાગે વર્તતો જીવ પૂર્વપૂર્વ વર્ધક થકી દલિક લઈને અપૂર્વ સ્પર્ધકો કરે છે. તે સ્પર્ધકનું વર્ણન આ પ્રમાણે

અહીં અનંતાનંત પરમાણુથી બનેલા સ્કંધોને જીવ કર્મપણે ગ્રહણ કરે છે. તેનાં ૧-૧ સ્કંધમાં જે સર્વથી જઘન્યરસ કેવળીની બુધ્ધિ વડે છેદાતો સર્વજીવ થકી અનંતગુણ રસના અણુઓને આપે તેવા જઘન્યરસવાળા કેટલાક પરમાણુઓનો સમુદાય તેને વર્ગણા કહેવાય છે. તેવા જઘન્યરસ કરતાં ૧ રસાણુ અધિક પરમાણુનો સમુદાય તે બીજી વર્ગણા કહેવાય છે. તેના કરતા ૧ રસાણુ અધિક પરમાણુનો સમુદાયતે ત્રીજી વર્ગણાકહેવાય છે. અને ઉત્તરોત્તર ૧-૧ રસાણુઅધિક પરમાણુઓના સમુદાયરૂપ જે વર્ગણાઓ થાય તે સિધ્ધના અનંતમે ભાગે અને અભવ્યથી અનંતગુણ વર્ગણાઓનો સમુદાય થાય ત્યારે ૧ સ્પર્ધક બને છે.

ઉત્તરોત્તર વૃધ્ધિવડે જાણે સ્પર્ધા કરતી હોય તેવી પરમાણુની વર્ગણા તે સ્પર્ધક કહેવાય છે.

પ્રથમ સ્પર્ધકની છેલ્લી વર્ગણાના રસાણુઓ કરતાં આગળ ઉત્તરોત્તર ૧-૧ રસાણુઓ વાળા પરમાણુઓ હોતા નથી પરંતુ સર્વજીવ કરતાં અનંતગુણ રસાણુઓ વાળા પરમાણુઓ હોય છે. તેવા રસવાળા પરમાણુઓનો સમુદાય તે બીજા સ્પર્ધકની પહેલી વર્ગણા કહેવાય છે. તે પછી પૂર્વાકત રીતે ૧-૧-પરમાણુઓની અધિક રસાણુઓની પરમાણુ કરતાં બીજું સ્પર્ધક જાણવુ. એવા અનંતા સ્પર્ધકો હોય છે એવા અનંતા સ્પર્ધકો જીવે કરેલા છે તેથી તે પૂર્વસ્પર્ધકો કહેવાય છે.

આ પૂર્વ સ્પર્ધકો મધ્યેથી સમયે સમયે દલીક ગ્રહણ કરી એને અત્યંત રસહીન કરીને અપૂર્વ સ્પર્ધકો કરે છે. આને અશ્વકરણ અધ્યાકાળ કહેવાય છે.

કિટ્ટીકરણ અધ્યાનું વર્ણન :-

અશ્વકરણ અધ્યાનોકાળ પૂર્ણથયે છતે જીવ કિટ્ટીકરણ અધ્યામાં પ્રવેશ કરે છે.

આ કિટ્ટીકરણ અધ્યાના કાળમાં પૂર્વ સ્પર્ધક અને અપૂર્વસ્પર્ધક થકી દલીક ગ્રહણ કરીને સમયે સમયે અનંતકિટ્ટી એટલે પૂર્વ સ્પર્ધક અને અપૂર્વ સ્પર્ધક થકી વર્ગણાઓ ગ્રહણ કરીને તેને અનંતગુણ રસહીનતા પમાડીને મોટા મોટા અંતરે સ્થાપના કરવી તે કીટ્ટીકરણ અધ્યા કહેવાય છે. અસત્ કલ્પનાથી અનંતાનંત રસાણુઓને ૧૦૧ અથવા ૧૦૨ ની સંખ્યા સ્થાપવી તેમાંથી ૫-૧૫ આદિ પરમાણુઓ રાખવા તે કિટ્ટીકરણ અધ્યાકાળ કહેવાય છે.

કિટ્ટીકરણ અધ્ધાના છેલ્લે સમયે અપ્રત્યાખ્યાનીય તથા પ્રત્યાખ્યાનીય લોભ સમકાળે ઉપશાંત થાય છે. તે સમયે સંજવલન લોભનો બંધ વિચ્છેદ થાય છે. તેજ વખતે બાદર સંજવલન લોભના ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય છે. તેજ વખતે નવમા અનિવૃત્તીકરણ ગુણસ્થાનકના કાળનો પણ વિચ્છેદ થાય છે. આ રીતે ૨૭-પ્રકૃતિનો ઉપશમ થયેલો હોય છે.

ત્યારબાદ ૧૦મા ગુણસ્થાનકમાં જીવ પ્રવેશ કરે છે. ૧૦મા ગુણસ્થાનકનો કાળ ૧ અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. તેમાં પ્રવેશ કરેલો જીવ ઉપલી સ્થિતીના દલીકોની કેટલીક કિટ્ટીઓ ખેંચી ખેંચીને તેની પ્રથમ સ્થિતિ સૂક્ષ્મ સંપરાયના કાળ જેટલી કરી કરીને વેદે છે. બાકીનું સૂક્ષ્મકિટ્ટીકૃત દલીયુ સમયન્યૂનં -૨ આવલીકાનું બાંધેલ દલિકને ઉપશમાવે છે. તે સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના છેલ્લા સમયે સંજવલનલોભ સર્વથા ઉપશમ પામે તેજ વખતે જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, અંતરાય-૫, ઉચ્ચગોત્ર અને યશનામકર્મ

આ ૧૬ પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય છે. ત્યારબાદ જીવ ૧૧મા ઉપશાંતમોહ વીતરાગ ગુણસ્થાનકને પામે છે. ત્યાં મોહનીયની ૨૮ પ્રકૃતિઓની ઉપશમના હોય છે. તેનો કાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૧ અંતર્મુહૂર્ત હોય છે. તે પછી જીવ અવશ્ય ભવક્ષયે અથવા કાળ કરી વૈમાનીક દેવલોકમાં ઉત્પન્ન થાય છે. અને અધ્ધાક્ષયે પડે છે. ભવક્ષયે પડનારો જીવ કાળ કરી વૈમાનીક દેવલોકમાં ઉત્પન્ન થાય છે. અને અધ્ધાક્ષયે પડનાર જીવ જે ક્રમે પ્રકૃતિઓને ઉપશમાવી છે તેને ક્રમસર ઉદયમાં લાવતો લાવતો કોઈજીવ દ્દષ્ટાગુણસ્થાને, કોઈ પમાગુણસ્થાને, કોઈક જીવ ૪ થા ગુણસ્થાનકે અટકે, કોઈક જીવ સાસ્વાદન ગુણસ્થાનકે-પહેલા ગુણસ્થાનકે જાય છે.

ઉત્કૃષ્ટથી ૧ ભવમાં જીવ ૨ વાર ઉપશમશ્રેણી પ્રાપ્ત કરે છે. અથવા ૧ વાર ઉપશમશ્રેણી, ૨જીવાર ક્ષપકશ્રેણીપણ પ્રાપ્ત કરે છે. આ વાત કર્મગ્રન્થને માનનારા આચાર્યોને મતે જાણવી.

સિંધ્ધાંતને માનનારા આચાર્યોને મતે ૧ ભવમાં બે માંથી કોઈપણ ૧ જ શ્રેણી પ્રાપ્ત થાય છે.

આખા ભવચક્રમાં ૪ વાર ઉપશમશ્રેણી પ્રાપ્ત કરી શકે છે.

ઉપશમશ્રેણી વર્ણન સમાપ્ત

ક્ષપકશ્રેણી સ્વરૂપ

પઢમ કસાય ચઉક્કં,
ઈત્તો મિચ્છત્ત મીસ સમ્મત્તં
અવિરય સમ્મે દેસે,
પમત્તિ અપમિત્ત ખીઅંતિ ॥૭૮॥
અનિઅટ્ટિ બાયરે થીણ
ગિધ્ધિતિગ નિરય તિરિઅ નામાઓ
સંખિજજ ઈમે સેસે
તપ્પાઉગ્ગાઓ ખીઅંતિ ॥૭૯॥
ઈત્તો હણઈ કસાય
દુગંપિ પચ્છા નપુંસગં ઈત્થી,
તો નો કસાય છક્કં,
દુહઈ સંજલણ કોહંમિ ॥૮૦॥
પુરિસં કોહે કોહં
માણે માણું ચ દુહઈ માયાએ
માયં ચ દુહઈ લોહે
લોહં સુહુંમપિ તો હણઈ ॥૮૧॥

ભાવર્થ :- પહેલા અનંતાનુબંધી ૪ કષાય પછી મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, સમ્યક્ત્વમોહનીય એ ૭ પ્રકૃતિનો ક્ષય ૪ થી ૭ ગુણસ્થાકમાં થાય છે. ॥૭૮॥

નવમા ગુણસ્થાનકમાં સંખ્યાત્તમો ભાગ બાકી રહે ત્યારે થીણધ્ધીત્રીક, નરકદ્વિક આદિ ૧૩ પ્રકૃતિઓ ક્ષય પામે છે. ॥૭૯॥

ત્યારબાદ ૮ કષાયનો ક્ષય કરે છે. પછી નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિ - ૬, આ પ્રકૃતિઓને, સંજવલન ક્રોધને વિષે સંક્રમાવે છે. પુરૂષવેદને સંજવલન ક્રોધમાં-ક્રોધને માનમાં-માનને માયામાં-માયાને સંજવલન લોભમાં સંક્રમાવે છે. અને સંજવલન લોભને હણે છે. ॥૮૧॥

ખીણકસાય દુચરિમે
નિદ્દં પયલં ચ હણઈ છઉમત્થો
આવરણ મંતરાએ

છઉમત્થો ચરમ સમયંમિ ॥૮૨॥
દેવગઈ સહ ગયાઓ,
દુચરમ સમય ભવિઅંમિ ખીઅંતિ
સવિવાગે અરનામા
નીઆ ગોઅંપિ તત્થેવ ॥૮૩॥
અન્નયર વેયણીઅં
મણુઆઉઅ મુચ્ચ ગોઅ નવનામે
વેએઈ અજોગિજીણો
ઉક્કોસ જહન્ન મિક્કારા ॥૮૪॥
મણુઅ ગઈ જાઈ તસ બાયરંચ.
પજજત સુભગ માઈજજં
જસકિત્તી તિત્થયરં
નામસ્સ હવંતિ નવ એઆ ॥૮૫॥

મતાંતર ગાથા

તચ્ચાણુ પુવ્વિ સહિઆ
તેરસ ભવસિધ્ધિઅસ્સ ચરમંમિ
સતં સગ મુક્કોસં
જહન્નયં બારસહવંતિ ॥૮૬॥
મણુઅ ગઈ સહ ગયાઓ
ભવખિત્ત વિવાગ જિઅ વિવાગાઓ
વેઅણિઅન્નય રુચ્ચં
ચરમ સમયંમિ ખીઅંતિ ॥૮૭॥
અહસુઈઅસયલ જગ સિહર
મરૂઅ નિરૂવમ સહાવ સિધ્ધિસુહં
અનિહણ મવ્વાબાહં
તિરયણ સારં અણુહવંતિ ॥૮૮॥

ભાવાર્થ :- ૧૨મા ગુણસ્થાનકના ઉપાંત્ય સયમે નિદ્રાદ્વિકનો ક્ષય કરે અને ૧૨મા ગુણસ્થાનકના અંત સમયે જ્ઞાનવરણીય-૫

દર્શનાવરણીય-૪, અંતરાય-૫, ૧૪ પ્રકૃતિઓનો ક્ષય થાય છે. ૧૪મા ગુણસ્થાનકના દ્વિચરમ સમયે દેવગતિ સાથે બંધ છે જેનો એવી ૧૦ પ્રકૃતિ ક્ષય પામે છે. તથા વિપાકરહિત નામકર્મની ૪૫ પ્રકૃતિ-નીચગોત્ર અને વેદનીયની ૧ પ્રકૃતિ ક્ષય પામે છે. ॥૮૩॥

બાકી રહેલ ૧ વેદનીય-મનુષ્ય આયુષ્ય-ઉચ્ચગોત્ર અને નામકર્મની ૯ પ્રકૃતિ અયોગી તીર્થંકર, અયોગી ગુણસ્થાનકના છેલ્લા સમયે ક્ષય કરે છે. અને સામાન્ય કેવલી નામકર્મની ૮ પ્રકૃતિનો ક્ષય કરે છે. ॥૮૪॥

મનુષ્યગતિ-પંચેન્દ્રિયજાતિ-ત્રસ-બાદર-પર્યાપ્ત-સુભગ-આદેય - યશ અને જિનનામ નામની ૯ પ્રકૃતિઓ હોય છે. ॥૮૫॥

મતાંતરે મનુષ્યઆનુપૂર્વી સહિત આયોગી ગુણસ્થાનકના છેલ્લા સમયે ૧૩ પ્રકૃતિઓ સત્તામાં હોય છે તે ઉત્કૃષ્ટથી જાણવું જઘન્યથી જિનનામ વિના ૧૨ પ્રકૃતિઓ જાણવી ॥૮૬॥

મનુષ્યગતિ સાથે ઉદય છે જેનો, એવી ભવવિપાકી, ક્ષેત્રવિપાકી, અને જીવવિપાકી ૧ વેદનીય-ઉચ્ચગોત્ર-ભવ્યસિધ્ધિક જીવને છેલ્લે સમયે ક્ષય પામે છે. ॥૮૭॥

કર્મક્ષય થયા પછી એકાંત શુધ્ધ- સંપૂર્ણ સાંસારીક સુખના શિખરતુલ્ય રોગરહિત ઉપમારહિત-નાશરહિત-બાધારહિત-સ્વાભાવીક, તથા ત્રણરત્નના સારભૂત એવા મોક્ષના સુખને સિધ્ધિગતિમાં ગયેલાજીવો અનુભવે છે.

વિશેષાર્થ :- ક્ષપક શ્રેણીનું સ્વરૂપ

ક્ષપક શ્રેણીના બે ભેદ છે. (૧) સંપૂર્ણ ક્ષપક શ્રેણી કે જે દર્શન મોહનીય-કે ચારિત્ર મોહનીય પ્રકૃતિઓનો ક્ષય કરીને ક્ષાયિક ચારિત્ર પ્રાપ્ત કરી કેવલજ્ઞાન પામી સિધ્ધિગતિમાં જવું તે (૨) ખંડ ક્ષપકશ્રેણી - અનતાનુબંધી ૪ કષાય તથા દર્શન મોહનીય ૩ પ્રકૃતિઓ આ ૭ પ્રકૃતિઓનો ક્ષયકરી અટકી જવુંતે.

આ ૭ પ્રકૃતિઓનો ક્ષય કરી ૨ કારણોથી જીવ અટકે છે.

૧) ક્ષાયિક સમકિત પામતાં પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે આયુષ્યનો બંધ કરેલ હોય તેને પૂર્વબધ્ધ આયુષ્ક કહેવાય છે.

૨) આયુષ્ય અબંધક હજી સુધી એકે આયુષ્યનો બંધ કર્યો નથી અને ક્ષયોપક્ષમ સમક્તિના કાળમાં જિનનામની નિકાચના કરેલી હોય અને પછી ક્ષાયિક સમકિત પામે એ જિનનામની નિકાચના બીજુ કારણ ગણાય છે.

ક્ષપકશ્રેણીના આરંભ માટે મનુષ્યગતિમાં જિનનાકાળમાં - કેવળીના કાળમાં ૮ વર્ષ ઉપરની ઉમર, પહેલુ સંઘયણ, અવશ્ય જોઈએ. ૪ થી ૭ ગુણસ્થાનકમાં રહેલો જીવ ક્ષયોપક્ષમ સમકિતી સૌથી પહેલા અનંતાનુબંધી ૪ કષાયનો ક્ષય કરે છે તેનું સ્વરૂપ અનંતાનુબંધી ની ઉપશમના વખતે અનંતાનુબંધીની વિસંયોજના કહેલી છે. તે પ્રમાણે જાણવું

દર્શનત્રીકની ક્ષપણાનું વર્ણન

મિથ્યાત્વ મોહનીય પ્રકૃતિને ખપાવવા માટે યથાપ્રવૃતકણ-અપૂર્વકરણ અનિવૃત્તીકરણ એ કરણો પૂર્વે કહયા તે પ્રમાણે કરે, તેમાં વિશેષતા એ છે અપૂર્વકરણના પહેલા સમયે અનુદીત મિથ્યાત્વ અને અનુદીત મિશ્રમોહનીયના દલીકને ઉદીત સમ્યક્ત્વ મોહનીયને વિષે ગુણ સંક્રમવડે નાંખે છે, અને તે બંન્નેનો તે વખતે ઉદ્વલના સંક્રમ પણ કરે છે. તે આ પ્રમાણે-પહેલો સ્થિતિખંડ મોટો ઉવેલે. બીજે સમયે બીજો સ્થિરખંડ વિશેષહીન ઉવેલે. ત્રીજે વિશેષહિન એમ અપૂર્વકરણના છેલ્લા સમય સુધી વિશેષહિન રૂપે ઉવેલના કરે છે. આ પ્રયત્ન વિશેષથી અપૂર્વકરણના પહેલા સમયે જે સ્થિતિ સત્તાવાળો જીવ હતો તે તેના ચરમ સમયે સંખ્યાતગુણહીન સ્થિતિની સત્તાવાળો થાય છે. ત્યાર પછી જીવ અનિવૃત્તીકરણમાં પ્રવેશ કરે છે. ત્યાંપણ સ્થિતિઘાત આદિ સર્વે અપૂર્વકરણની જેમ જ કરે છે. અનિવૃત્તીકરણના પહેલા સમયે ત્રણ દર્શન મોહનીયની દેશ ઉપશમના નિધ્ધતિ અને નિકાચના વિચ્છેદ પામે છે.

અનિવૃત્તીકરણના પ્રથમ સમયથી શરૂ કરીને દર્શનમોહનીયત્રીકની સ્થિતિ સત્તાનો સ્થિતિઘાતદિવડે ઘાત કરતો કરતો હજારો સ્થિતિખંડ ગયે છ તે અર્થાત્ પૂર્ણ થયે છતે અસંજ્ઞી પંચેન્દ્રિયજીવના જેટલી સ્થિતિ સત્તાવાળો થાય. તે પછી હજારો પૃથક્ત્વ સ્થિતિખંડ ગયેછતે ચઉરિન્દ્રિય સમાન સ્થિતિવાળો થાય તે પછી હજારો પૃથક્ત્વ સ્થિતિખંડગયેછતે તેઈન્દ્રિય સમાન સ્થિતિવાળો થાય, ત્યાર પછી હજારો પૃથક્ત્વ સ્થિતિખંડ ગયેછતે બેઈન્દ્રિય સમાન સ્થિતિવાળો થાય, ત્યારપછી હજારો પૃથક્ત્વ સ્થિતિખંડ ગયેછતે એકેન્દ્રિય સમાન સ્થિતિસત્તાવાળો થાય. તે પછી હજારો પૃથક્ત્વ સ્થિતિખંડ ગયે છતે પલ્યોપમના અસંખ્યાત ભાગ પ્રમાણ સ્થિતિવાળો થાય. ત્યારપછી ૩ દર્શનમોહનીય પ્રત્યેકનો એક એક સંખ્યાત ભાગ બાકી રાખી, બાકીની સર્વસ્થિતિનો ઘાત કરે, તે પછી બાકી રાખેલ સંખ્યાતમાભાગનો ૧ સંખ્યાતમો ભાગ બાકી રાખી, બાકીની

સર્વસ્થિતિનો ઘાત કરે. આ પ્રમાણે હજારો સ્થિતિઘાત કર્યા પછી મિથ્યાત્વના અસંખ્યાતા ભાગને અને સમ્યક્ત્વ તથા મિશ્રમોહનીયના સંખ્યાતા ભાગનો ઘાત કરે. ત્યારબાદ ઘણા સ્થિતિખંડો કર્યા પછી જ્યારે મિથ્યાત્વ મોહનીયના દલીકો ૧ આવલિકા જેટલા રહે ત્યારે સમકિત મોહનીય અને મિશ્ર મોહનીયના દલીકો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા રહે છે. સ્થિતિઘાત કરાતા મિથ્યાત્વના દલીકોને સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીયમાં નાંખે છે. મિશ્ર મોહનીયના દલીકો સમ્યક્ત્વ મોહનીયમાં નાંખે છે. સમ્યક્ત્વ મોહનીયના દલીકો પોતાની વચલી સ્થિતિમાં નાંખે છે.

આવલિકા માત્ર રહેલા મિથ્યાત્વના દલીકોને સ્તિબુક સંક્રમ વડે સમયક્ત્વ મોહનીયમાં નાંખીને મિથ્યાત્વની સત્તા રહિત થાય છે. ત્યારપછી સમયક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીયના અસંખ્યાતા ભાગ રૂપ સ્થિતિખંડોનો નાશ કરે. અને ૧ બાકી રાખે. ૧ ના પણ અસંખ્યાતા ભાગ કરીને નાશ કરે તેમાંથી ૧ બાકી રાખે. આ રીતે ઘણા સ્થિતિખંડો કરતા કરતા મિશ્ર મોહનીયના દલીકો ૧ આવલીકા જેટલા બાકી રહે તે વખતે સમ્યક્ત્વ મોહનીયની સ્થિતિ સત્તા ૮ વર્ષ પ્રમાણ કરે છે.

મિશ્ર મોહનીયના આવલિકા પ્રમાણ દલીકોને સ્તિબુક સંક્રમવડે સમ્યક્ત્વ મોહનીયમાં નાંખતા મિશ્ર મોહનીયની સત્તા રહિત થાય આવા જીવને નિશ્ચય નયના મતે દર્શનમોહનીય ક્ષપક કહેવાય છે.

તે પછી આગળ સમ્યક્ત્વના અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિ ખંડનો નાશ કરે છે. તેના દલીકને ઉદય સમયથી માંડીને સંક્રમાવે છે. તે સંક્રમ આ પ્રમાણે જાણાવો ઉદય સમયે, બીજે સમયે, ત્રીજે સમયે.

થોડું-અસંખ્યગુણ-અસંખ્યગુણ એમ ગુણશ્રેણીના અંત સમય સુધી અસંખ્યગુણ અસંખ્યગુણ અધિક સંક્રમાવે છે. ત્યાર પછી વિશેષહીન વિશેષહીન રૂપ સ્થિતિના દલીકને ચરમ સમય સુધી સંક્રમાવે છે. આ પ્રમાણે અંતર્મુહૂર્ત પ્રમાણ અનેક સ્થિતિઘાતો દ્વિચરમ સમય સુધી સ્થિતિખંડ પર્યંત ઉવેલે છે અને ક્ષય કરે છે. આ વખતે દ્વિચરમ સ્થિતિખંડ કરતાં ચરમસ્થિતિખંડ અસંખ્યગુણ હોય છે. આ છેલ્લો સ્થિતખંડ ઉકેરાયેછતે આ ક્ષપકકૃત કરણ કહેવાય છે. સંપૂર્ણ દલીક ભોગવીને નાશ થાય ત્યારે સમ્યક્ત્વ મોહનીયની સત્તારહિત બને છે. આ વખતે જીવ ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ કરે છે.

આ કૃતકરણ અધ્ધામાં વર્તતો કોઈપણ જીવ પૂર્વે આયુષ્ય બાંધેલુ હોય તો કાળ કરીને ચારેગતિમાંથી કોઈપણ ગતિમાં જઈ શકે છે. પૂર્વે અસંખ્યાત વર્ષનું મનુષ્ય અને તિર્યંચનું આયુષ્ય બાંધ્યુ હોય તો ક્ષાયિક સમક્તિ પામવાની શરૂઆત કરે, અને કાળ કરીને ત્યાં ઉત્પન્ન થઈ શકે છે. આ પ્રમાણે ૭ પ્રકૃતિના ક્ષયનો પ્રસ્થાપક (આરંભ કરનાર) મનુષ્ય હોય છે. નિષ્ઠાપક એટલે (પૂર્ણ કરનાર) ચારે ગતિના જીવો હોય છે. આ ક્ષાયિક સમક્તિી જીવના ૩ અથવા ૪ ભવ થાય છે. મતાંતરે પાંચ ભવ પણ થઈ શકે છે.

આ રીતે ત્રણ દર્શનમોહનીયની ક્ષપણા સમાપ્ત થઈ

આ દર્શન સપ્તકની ક્ષપણા ૪ થી ૭ ગુણસ્થાનકમાં રહેલા જીવો કરે છે. સિધ્ધાંતના મતે ૮મા ગુણસ્થાનકે જ સાતની ક્ષપણા થાય છે.

-: ચારિત્ર મોહનીયની ૨૧ પ્રકૃતિઓના ક્ષયનું વર્ણન :-

ચરમ શરીરી જીવ અબધ્ધ આયુષ્ક વિશુધ્ધ અધ્યવસાયવાળો બની ૮મા ગુણ સ્થાનકને પ્રાપ્ત કરે છે. ત્યાર બાદ અનિવૃત્તીકરણ બાદર ગુણસ્થાનકને પ્રાપ્ત કરે. આ ગુણસ્થાનકની શરૂઆતથી જ સતામાં રહેલામાં પ્રત્યાખ્યાનીય અને અપ્રત્યાખ્યાનીય ૮ કષાયના દલીકને ક્ષય કરે છે. આ રીતે ક્ષય કરતા ૯ માગુણસ્થાનકનો સંખ્યાતમોભાગ બાકી રહે ત્યારે ૮ કષાયની સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી થાય તે વખતે થીણધ્ધીત્રીક, નરકદ્વિક તિર્યંચદ્વિક એકેન્દ્રિયાદિ ૪ જાતિ-આતપ - ઉદ્યોત-સ્થાવર-સૂક્ષ્મ અને સાધારણ આ ૧૬ પ્રકૃતિઓનો ક્ષય કરે છે. ત્યાર બાદ સંખ્યાતમા ભાગે અપ્રત્યાખ્યાનાદિ ૮ કષાયનો ક્ષય કરે છે. અન્ય આચાર્યોને મતે પહેલા ૮ કષાયનો ક્ષય થાય અને પછી થીણધ્ધિ આદિ ૧૬ પ્રકૃતિઓનો ક્ષય કરે છે.

ત્યાર પછી ૧ અંતર્મુહૂર્તની અંદર નવ નોકષાય અને ૪ સંજવલન કષાયને ખપાવવાની શરૂઆત કરવા માટે અંતરકરણ કરે છે. તે કરી નપુંસકવેદની ઉપરની સ્થિતિનું દલીયું ઉદવલન વિધિએ કરીને ક્ષય કરવા માંડે. ૧ અંતર્મુહૂર્ત સુધી વેદીને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિવાળું થાય ત્યાંથી માંડીને બંધાતી પ્રકૃતિને વિષે ગુણસંક્રમે કરીને નાંખે છે. એમ નાંખતા નાંખતાં ૧ અંતર્મુહૂર્તે નપુંસકવેદની સત્તાનો ક્ષય કરે છે. નપુંસકવેદે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરેલી હોય તો છેલ્લુ દલિયું ભોગવીને ક્ષય કરે છે. અન્યથા (નહિતર) તે દલિક ૧ આવલીકામાત્ર હોય તેને વેધમાન પ્રકૃતિને વિષે સ્તિબુક સક્રમે કરીને સંક્રમાવે છે. આ રીતે

નપુંસકવેદ ક્ષય થાય છે. એવી જ રીતે ત્યારપછી ૧ અંતર્મુહૂર્તે સ્ત્રીવેદનો ક્ષય કરે છે. ત્યાર પછી હાસ્યાદિ-૬ પ્રકૃતિનો સમકાળે ક્ષયકરવા માંડે, ત્યારથી માંડી તેની ઉપરની સ્થિતિનું દલીયું પુરૂષવેદને વિષે સંક્રમાવે નહિ પરંતુ સંજવલનક્રોધને વિષે સંક્રમાવે છે. એમ અંતર્મુહૂર્તે છ નોકષાયનું ઉપરનું દલિયું નિશેષ પણે ક્ષીણ થાય, તે સમયે જ પુરૂષવેદના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય, અને સમય ન્યૂન ૨ આવલીકાનું બાંધેલુ વર્જીને બાકીના પુરૂષવેદના દલીયાનો પણ ક્ષય થાય છે. આ વાત પુરૂષવેદે ક્ષપકશ્રેણી શરૂ કરી હોય તે જીવોને આશ્રયીને જાણવી.

નપુંસકવેદે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરેલી હોય ત્યારે પહેલા સ્ત્રીવેદ અને નપુંસકવેદનો સમકાળે ક્ષય કરે તે ક્ષયને સમયે જ પરૂષવેદ બંધ-ઉદય અને ઉદીરાણાનો વિચ્છેદ થાય છે. ત્યાર પછી અવેદક થયો થકો પુરૂષવેદ અને હાસ્યાદિ - ૬ નો એક સાથે ક્ષય કરે છે.

જયારે સ્ત્રીવેદે ક્ષપક શ્રેણીનો પ્રારંભ કરે ત્યારે પહેલા નપુંસકવેદનો ક્ષય કરે પછી સ્ત્રીવેદનો ક્ષય કરે તે ક્ષયને સમયેજ પુરૂષવેદને બંધ - ઉદય અને ઉદીરણાનો વિચ્છેદ થાય છે. ત્યાર પછી પુરૂષવેદ અને હાસ્યાદિ- ૬નો એકસાથે ક્ષય કરે છે.

પુરૂષવેદને આશ્રયી ક્ષપકશ્રેણીનું વર્ણન :-

ક્રોધનું વેદન કરતાં પુરૂષવેદીને ક્રોધઅધ્ધાના ૩ ભાગ થાય છે. તે આ પ્રમાણે (૧) અશ્વકરણ અધ્ધા (૨) કિટ્ટીકરણ અધ્ધા (૩) કિટ્ટીવેદન અધ્ધા અશ્વકરણ અધ્ધા :- આ કરણકાળમાં વર્તતોજીવ પ્રતિસમયે અનંતા અપૂર્વસ્પર્ધક સંજવલન ચતુષ્ક ના અંતરકરણ થકી ઉપરની સ્થિતિને વિષે કરે છે અને પુરૂષવેદ પણ સમય ન્યૂન ૨ આવલિકા રૂપકાળે ક્રોધને વિષે ગુણસંક્રમ વડે સંક્રમાવતો થકો ચરમસમયે સર્વે સંક્રમેકરીને સંક્રમાવે છે. આરીતે પુરૂષવેદ ક્ષય પામે છે ત્યાર પછી કિટ્ટીકરણ અધ્ધામાં પ્રવેશ કરે છે.

કિટ્ટીકરણ અધ્ધામાં પ્રવેશેલો જીવ સંજવલન ચતુષ્કની ઉપરની સ્થિતિના દલિયાની કિટ્ટી કરે છે તે કિટ્ટીઓ અનંતી હોય છે. પણ અસત કલ્પનાએ ૧- ૧ કષાયની ત્રણ ત્રણ કિટ્ટીઓ જાણવી એમ ૪ કષાયની ૧૨ કિટ્ટીઓ થાય છે. ક્રોધ કષાયે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરનારને ૧૨ કિટ્ટીઓ જાણવી માન કષાયે ક્ષપક શ્રેણી પ્રાપ્ત કરનાર જીવને ઉદ્વલનવિધિએ કરીને ક્રોધ કષાયના ક્ષયે બાકીના ત્રણ કષાયની ૯ કિટ્ટીઓ જાણવી.

માયા કષાયથી ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરનાર જીવને પૂર્વની જેમ ઉદ્વલના વિધિએ કરીને ક્રોધ અને માનનો ક્ષય થાય ત્યારબાદ ૨ કષાયની ૬ કિટ્ટી પહેલા ની જેમ જાણવી. લોભ કષાયે ક્ષપક શ્રેણી પ્રાપ્ત કરનાર જીવને પૂર્વોકત ઉદ્વલના વિધિથી ક્રોધાદિક ૩ કષાય નો ક્ષય કર્યા પછી લોભની ૩ કિટ્ટીઓ હોય છે. ત્યાર પછી કિટ્ટીવેદન અધ્ધાને વિષે પેઠો થયો ક્રોધે પ્રતિપન્નથકો ક્રોધનું પ્રથમ કિટ્ટીનું બીજી સ્થિતિનું દલીયું ખેંચીને પહેલી સ્થિતિનું કરે અને વેદન કરે. આ ત્યાં સુધી જાણવું કે જયાં સુધી સમયાધિક આવલીકા માત્ર બાકી રહે ત્યારપછી બીજી સ્થિતિમાં રહેલું બીજી કિટ્ટીનું દલીયુ આકર્ષીને પહેલી સ્થિતિનું કરે અને વેદે આ પણ ત્યાં સુધી જાણવું કે સમયાધિક આવલિકા માત્ર શેષ રહે ત્યાં સુધી. ત્યાર પછી અનંતર સમયે ત્રીજી સ્થિતીનું બીજી સ્થિતીમાં રહેલું દલીયુ આકર્ષીને પ્રથમ સ્થિતિ કરે અન સમયાધિક આવલીકા બાકી રહે ત્યાં સુધી વેદે. આ ત્રણે કિટ્ટીવેદન અધ્ધાને વિષે ઉપરની સ્થિતિનું દલીક ગુણસંક્રમે કરીને પણ સમયે સમયે અસંખ્યગુણવૃધ્ધિએ સંજવલનમાનમાં નાંખે છે. ત્રીજી કિટ્ટીવેદન અધ્ધાના ચરમ સમયે સંજવલનક્રોધના બંધ -ઉદય - ઉદીરણા કાળનો સમકાળે વિચ્છેદ થાય છે. તેની સત્તાપણ સમયન્યૂન બે આવલિકાએ બાંધેલ દલીક વર્જીને બાકીની બધી સંજવલન માનને વિષે સંક્રમાવે છે. તે પછી અનંતર સમયે માનની પ્રથમકિટ્ટીનું દ્વિતીય સ્થિતિગત દલીક આકર્ષીને પ્રથમ સ્થિતિનું કરે અને એક અંતર્મુહૂર્ત પર્યંત વેદે, ક્રોધના પણ બંધાદિ વિચ્છેદ થયે છતે તે સંબંધી દલીક સમય ન્યૂન ૨ આવલિકા માત્ર કાળે ગુણસંક્રમે સંક્રમવતો ચરમસમયે સર્વ સંક્રમે સંક્રમાવે છે. અહીં ક્રોધનો ક્ષય થાય માનનુ પણ પ્રથમ કિટ્ટીનું પ્રથમ સ્થિતિગત કરેલુ દલિક વેદાતુ સમયાધિક આવલિકાનું બાકી રહે તે પછી અનંતર સમયે માનની બીજી કિટ્ટીનું બીજીસ્થિતિમાં રહેલું દલીક આકર્ષીને પ્રથમ સ્થિતિનું કરે અને સમયાધિક આવલીકા માત્ર શેષ રહે ત્યાં સુધી વેદન કરે. તે પછી અનંતર સમયે માનની ત્રીજી કિટ્ટીનું દ્વિતીય સ્થિતગત દલીક આકર્ષીને પ્રથમ સ્થિતિનું કરે. અને સમયાધિક આવલિકા માત્ર શેષ રહે ત્યાં સુધી વેદન કરે. અને તેજ સમયે માનના બંધ-ઉદય- ઉદીરણાનો એક સાથે વિચ્છેદ થાય છે. અને તેની સત્તાપણ સમય ન્યૂન બે આવલિકાએ બાંધેલ દલીક પુરતી જ રહે છે. બાકીનું દલીક સંજ્વલન માયામાં સંક્રમાવે છે તે પછી સંજવલન માયાની પ્રથમકિટ્ટીનું દ્વિતિય સ્થિતિગત દલીક આકર્ષીને પ્રથમ સ્થિતિગત કરે અને ૧ અંતર્મુહૂર્ત

પર્યંત વેદે. અને માનનો પણ બંધાદિ વિચ્છેદ થયે તે સંબંધી દલીક સમય ન્યૂન ૨ આવલિકા કાળે ગુણસંક્રમવડે માયામાં નાંખે. માયાનું પણ પ્રથમકિટ્ટીનું બીજી સ્થિતિનું પ્રથમ સ્થિતિગત કરેલુ દલિક વેદાતુ સમયાધિક આવલિકા માત્ર બાકી રહે તે પછી અનંતર સમયે માયાની બીજી કિટ્ટીનું બીજી સ્થિતિમાં રહેલુ દલીક આકર્ષીને પ્રથમ સ્થિતિનું કરે. સમયાધિક આવલિકા માત્ર બાકી રહે ત્યાં સુધી વેદે, તે પછી અનંતર સમયે ત્રીજી સ્થિતિનું બીજી સ્થિતિગત દલીક આકર્ષીને પ્રથમ સ્થિતિવાળું કરે. સમયાધિક આવલિકા માત્ર બાકી રહે ત્યાં સુધી વેદનકરે તેજ સમયે માયાના બંધ - ઉદય- ઉદીરણાનો સમકાળે વિચ્છેદ થાય છે. તેની સત્તાપણ સમયન્યૂન ૨ આવલિકાએ બાંધેલ દલીક માત્ર જ બાકી રહે છે. બાકીનું ગુણસંક્રમવડે લોભમાં નાંખી દે છે. તે પછી અનંતરસમયે લોભની પ્રથમ કિટ્ટીનું દ્વિતીય સ્થિતિગત દલીક આકર્ષીને પ્રથમ સ્થિતિ કરે અને ૧ અંતર્મુહૂર્ત પર્યંત વેદે. સંજવલન માયાના પણ બંધાદિ વિચ્છેદ થયે છતે તે સંબંધી સર્વ દલીકને સમયન્યૂન ૨ આવલિકા માત્ર કાળે ગુણસંક્રમવડે સંજવલન લોભમાં સંક્રમાવે છે. ત્યારે લોભનું પ્રથમ કિટ્ટીનું પ્રથમ સ્થિતિગત કરેલ દલીક વેદાતુ સમયાધિક આવલીકામાત્ર બાકી રહે છે. તે પછી અનંતર સમયે લોભની બીજી કિટ્ટીનું બીજી સ્થિતિગત દલીક આકર્ષીને પ્રથમ સ્થિતિગત કરે અને વેદે છે અને તેને વેદતો ત્રીજી કિટ્ટીનું દલીક ગ્રહણ કરીને સમયાધિક આવલિકા માત્ર બાકી રહે ત્યાં સુધી સૂક્ષ્મકિટ્ટીઓ કરે છે.તે જ સમયે સંજવલન લોભનો બંધ વિચ્છેદ થાય, તથા બાદર લોભના ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય. અને અનિવૃત્તી બાદર સંપરાય ગુણસ્થાનકનો પણ વિચ્છેદ થાય છે.

તે પછી અનંતર સમયે બીજી સ્થિતિનું સુક્ષ્મકિટ્ટીકૃત દલીક આકર્ષીને પ્રથમ સ્થિતી કરે અને વેદે ત્યારે તે જીવ સૂક્ષ્મ સંપરાય કહેવાય છે. પૂર્વોકત ત્રીજી કિટ્ટીની બાકી રહેલી સંપૂર્ણ આવલિકા વેદાતી પર પ્રકૃતિને વિષે સ્તિબુક સંક્રમવડે સંક્રમાવે છે. અને પહેલી - બીજી કિટ્ટીગત આવલિકા અનુક્રમે બીજી ત્રીજી કિટ્ટીની અંતરગત્ સંક્રમાવીને વેદે છે. લોભની સૂક્ષ્મકિટ્ટીઓને વેદનારો સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક વર્તી જીવ સૂક્ષ્મકિટ્ટીનું દલીક અને સમયન્યૂન ૨ આવલિકા એ બાંધેલ દલીક સમયે સમયે સ્થિતિઘાતા દિવડે સૂક્ષ્મ સંપરાય કાળના સંખ્યાતા ભાગજાય અને ૧ ભાગ રહે ત્યાં સુધી ખપાવે છે. તે પછી તે બાકી રહેલ સંખ્યાતા ભાગમાં સંજવલન લોભ સર્વ અપવર્તના વડે ઘટાડીને

સ્થિતિઘાતાદિનો નાશ કરે. સૂક્ષ્મ સંપરાય અધ્ધા હજી પણ અંતર્મુહૂર્ત પ્રમાણ બાકી હોય ત્યાં મોહનીય કર્મ સિવાય બાકીના કર્મના સ્થિતિઘાતાદિ હોય છે. લોભની સ્થિતિને ઉદય- ઉદીરણા વડે વેદતો સમયાધિક આવલિકા માત્ર બાકી રહે ત્યાં સુધી જાય અને તેને અનંતર સમયે ઉદીરણા વિચ્છેદ થાય. તેથી બાકીના દલીકો ઉદયવડે જ છેલ્લા સમય સુધી વેદાય છે. તે ચરમ સમયે જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, અંતરાય-૫, યશનામકર્મ અને ઉચ્ચગોત્ર = ૧૬ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ થાય છે. અને મોહનીયકર્મના ઉદય અને સત્તાનો વિચ્છેદ થાય છે. એની સાથે જ ૧૦મા સૂક્ષ્મ સંપરાય નો પણ વિચ્છેદ થાય છે. વિચ્છેદ થતાં જીવ ક્ષાયિક ચારિત્રની પ્રાપ્તિ કરે છે અને૧૨ મા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. ત્યાં પણ જ્ઞાનાવરણીય આદિ - ૬ કર્મનો સ્થિતિઘાત આદિને સંખ્યાતા ભાગ સુધી કરે છે. ૧ સંખ્યાતમોભાગ બાકી રહે ત્યારે જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, અંતરાય-૫, નિદ્રાદ્વિક= આ ૧૬ પ્રકૃતિની સ્થિતિ સર્વ અપવર્તનાએ નાશ કરીને ક્ષીણમોહ કષાયના કાળ સરખી કરે છે. નિદ્રાદ્વિકની સ્થિતિ ૧ સમય ન્યૂન કરે. ક્ષીણમોહ કષાયનો કાળ હજી ૧ અંતર્મુહૂર્તનો છે. ત્યાં જ્ઞાનાવરણીય આદિ ૧૬ પ્રકૃતિના સ્થિતિઘાત આદિ વિરામ પામે છે. બાકીની પ્રકૃતિના સ્થિતઘાત આદિ ચાલુ હોય છે. ૧૬ પ્રકૃતિઓ ઉદય - ઉદીરણાએ કરીને સમયાધિક આવલિકા માત્ર બાકી રહે ત્યાં સુધી વેદે છે. તે પછી ઉદીરણાનો નાશ થાય છે.

છેલ્લી આવલિકામાત્ર ઉદયરૂપે જ હોય છે. છેલ્લો સમય બાકી રહે તે પહેલા નિદ્રાદ્વિક સત્તામાંથી ક્ષય પામે છે. અને છેલ્લા સમયે જ્ઞાનાવરણીય-૫, દર્શનાવરણીય-૪, અંતરાય-૫,= ૧૪ પ્રકૃતિનો સત્તામાંથી ક્ષય થાય છે. અનંતર સમયે જીવ કેવલજ્ઞાન પામે છે. તથા સયોગી કેવલી ગુણસ્થાનકે જીવ આવ્યો કહેવાય છે. સયોગી કેવલી ગુણસ્થાનકનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૯ વર્ષ ન્યૂન પૂર્વક્રોડવર્ષ. ૬ માસથી અધિક આયુષ્યવાળા કેવલી ભગવંતો કેવલી સમુદ્‌ઘાત અવશ્ય કરે, બાકીના કેવલી ભગવંતો કેવલી સમુદ્‌ઘાત કરે અથવા ન પણ કરે. જે કેવલીને વેદનીય આદિ આયુષ્ય કર્મની વર્ગણા અધિક - ઓછી હોય તે સમ કરવાને માટે સમુદ્‌ઘાત કરે છે. એ સમુદ્‌ઘાત ૮ સમયનો હોય છે.

-: કેવલી સમુદ્‌ઘાતનું વર્ણન :-

પહેલા સમયે આત્મપ્રદેશોનો અધ :- અને ઉર્ધ્વ લોકાન્ત સુધી દંડ કરે

છે. બીજા સમયે પૂર્વાપર સ્વયંભૂરમણ સમુદ્રના બન્ને છેડા સુધી લોકાન્ત લગે કપાટ કરે છે. ત્રીજા સમયે લોકાન્ત સુધી આત્મપ્રદેશોનો વિસ્તાર કરીને મન્થાનરૂપ કરે છે. ચોથે સમયે બાકીના આંતરા પૂર્ણ કરીને સમગ્ર લોક વ્યાપી થાય છે. પાંચમા સમયે આંતરાનુ સંહરણ કરે છે. છટ્ઠે સમયે મંથાનનું સંહરણ કરે છે. સાતમા સમયે કપાટનું સંહરણ કરે છે. ૮મા સમયે દંડનું સંહરણ કરીને શરીરસ્થ થાય છે.

પહેલા અને આઠમા સમયે ઔદારીક કાયયોગ હોય છે.

બીજે છટ્ઠે અને સાતમા સમયે ઔદારીક મિશ્રકાયયોગ હોય છે.

ત્રીજા ચોથા અને પાંચમા સમયે કાર્મણ કાયયોગ હોય છે. એ ૩ સમય અણાહારી કહેવાય છે.

સયોગી કેવલી ગુણસ્થાનકના છેલ્લા અંતર્મુહૂર્તે યોગ નિરોધ કરવા માટેની શરૂઆત કરે છે. તેમાં પ્રથમ બાદર કાયયોગે કરીને બાદરમનયોગને રૂંધે છે. બાદરમનયોગ વડે બાદરવચન યોગનું રૂંધન કરે છે. ત્યારપછી સૂક્ષ્મકાયયોગ વડે બાદર કાયયોગનું રૂંધન કરે, સૂક્ષ્મકાયયોગથી સૂક્ષ્મમનયોગરૂંધે ને સૂક્ષ્મકાયયોગથી સૂક્ષ્મવચનયોગનું રૂંધન કરે છે. તે પછી સૂક્ષ્મકાયયોગનું રૂંધન કરતો છતો શુકૂલ ધ્યાનનો ત્રીજો પાયો સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતીનામનો ધ્યાવે તેના સામર્થ્યથી વદન - ઉદર આદિ પોલાણભાગોને આત્મપ્રદેશો વડે કરીને પૂરે એટલે કે તેનો ત્રીજો ભાગ સંકુચિત કરીને બાકીના ભાગમાં આત્મપ્રદેશોથી ઘન થાય. આ ધ્યાનમાં રહ્યો થકો સ્થિતિઘાતાદિ વડે કરીને આયુષ્યવિના ૩ કર્મ સયોગીકેવલી ગુણસ્થાનકના છેલ્લા સમયથી હ્રાસ કરે. ચરમ સમયે સર્વ કર્મ અયોગી અવસ્થાની સ્થિતિસમાન થાય. પણ જે કર્મનો અયોગી અવસ્થાએ ઉદય નથી તેની સ્થિતિ ૧ સમયન્યૂન હોય.

સયોગી કેવલીના છેલ્લાસમયે વેદનીયની ૧, શાતા અથવા અશાતા નામકર્મની ૨૯ પિંડપ્રકૃતિ-૧૭, પ્રત્યેક-૫, ત્રસ-૪, સ્થાવર-૩,

પિંડપ્રકૃતિ-૧૭ ઔદારીક-તૈજસ-કાર્મણશરીર, ઔદારીકઅંગોપાગ, પહેલુંસંઘયણ, છ સંસ્થાન ૪ વર્ણાદિ ૨ વિહાયોગતિ

પ્રત્યેક	પરઘાત	ઉચ્છવાસ	અગુરૂલઘુ	નિર્માણ-ઉપઘાત
ત્રસ ૪	પ્રત્યેક	સ્થિર	શુભ	સુઃસ્વર
સ્થાવર-૩		અસ્થિર	અશુભ	દુઃસ્વર

આ ૩૦ પ્રકૃતિનો ઉદય વિચ્છેદ થાય છે. તથા વેદનીયની ૧ પ્રકૃતિ સિવાય ૨૯ પ્રકૃતિની ઉદીરણા વિચ્છેદ થાય છે. તદનંતર સમયે જીવ અયોગી કેવલી ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. આ ગુણસ્થાનકનો કાળ પહ્રસ્વાક્ષર જેટલો ૧ અંતર્મુહૂર્તનો હોય છે. આ ગુણસ્થાનકમાં શુક્લધ્યાનનો ૪ થો પાયો વ્યુપરતક્રિય નામનો હોય છે. આ ગુણસ્થાનકે સ્થિતિઘાતાદિકથી રહિત ઉદયમાં રહેલી કર્મપ્રકૃતિઓની સ્થિતિને ભોગવીને ક્ષય કરે છે, અને અનુદયવંત કર્મ પ્રકૃતિઓને વેદ્યમાન પ્રકૃતિમાંહે સ્તિબુક સંક્રમે કરીને સંક્રમાવતો વેદ્યમાન પ્રકૃતિરૂપપણે વેદતો થકો અયોગી અવસ્થાના દ્વિચરમ સમય સુધી પહોંચે છે.

દેવગતિ સાથે જ એકાંતે બંધ છે જેનો એવી ૧૦ પ્રકૃતિઓ દેવદ્વિક-વૈક્રિયચતુષ્ક અને આહારકચતુષ્કનો દ્વિચરમસમયે ક્ષય થાય છે. તથા અનુદયમાં રહેલી ૬૧ પ્રકૃતિઓનો પણ ક્ષય થાય છે. તે આ પ્રમાણે

૬૧ + ૨ = ૬૩પ્રકૃતિનો ક્ષય થાય તે આ પ્રમાણે

વેદનીય - ૧ શાતા અથવા અશાતાવેદનીય

ગોત્ર - ૧ નીચગોત્ર

નામ - ૬૧ પિંડપ્રકૃતિ-૪૫, પ્રત્યેક-૫, ત્રસ-૪, સ્થાવર-૭

પિંડપ્રકૃતિ-૪૫, ઔદારીક, તૈજસ, કાર્મણશરીર-ઔદારીકઅંગોપાંગ-ઔદારીક, તૈજસ, કાર્મણબંધન, ઔદારીક, તૈજસ, કાર્મણ સંઘાતન ૬ સંઘયણ ૬ સંસ્થાન, વર્ણાદિ - ૨૦ મનુષ્યાનુપૂર્વી, ૨ વિહાયોગતિ

પ્રત્યેક - ૫ પરાઘાત ઉચ્છવાસ અગુરૂલઘુ નિર્માણ-ઉપઘાત

ત્રસ - ૪ પ્રત્યેક સ્થિર શુભ સુસ્વર

સ્થાવર - ૭ અપર્યાપ્ત અસ્થિરષટ્ક

આ પ્રકૃતિઓ આયોગી કેવલી ગુણસ્થાનકના દ્વિચરમસમયે સત્તામાંથી ક્ષય થાય છે અયોગી કેવલી ગુણસ્થાનકના છેલ્લા સમયે ઉત્કૃષ્ટથી ૧૨ પ્રકૃતિઓનું વેદન હોય છે.

વેદનીય -૧ શાતા અથવા અશાતા

આયુષ્ય - ૧ મનુષ્ય આયુષ્ય

ગોત્ર - ૧ ઉચ્ચગોત્ર

નામ - ૯ પિંડપ્રકૃતિ-૨ — મનુષ્યગતિ પંચેન્દ્રિયજાતિ

પ્રત્યેક - ૧ જિનનામ

ત્રસ - ૬ ત્રસ - બાદર - પર્યાપ્ત- સુભગ- આદેય - યશ તથા જઘન્યથી સામાન્ય કેવલી જીવો જિનનામ કર્મ સિવાય ૧૧ પ્રકૃતિઓનું વંદન કરે છે. મતાંતરે મનુષ્યાનુપૂર્વી સહિત ઉત્કૃષ્ટથી ૧૩ પ્રકૃતિઓ સત્તામાં હોય અને જઘન્યથી ૧૨ પ્રકૃતિઓ સત્તામાં હોય છે.

મનુષ્યગતિની સાથે ઉદય છે જેનો એવી ભવવિપાકી-ક્ષેત્રવિપાકી તથા જીવવિપાકી પ્રકૃતિઓને ભવ્ય સિધ્ધિક જીવ અયોગી કેવલી ગુણસ્થાનકના છેલ્લા સમયે ક્ષય પામે છે ત્યાર બાદ સકલકર્મના ક્ષયથી એકાંતશુધ્ધ રાગદ્વેષથી રહિત હોવાથી સંપૂર્ણ સાંસારીક સુખના શિખરભૂત, સર્વોત્તમ રોગરહિત, તેના જેવું સુખ સંસારમાં કોઈ જગ્યાએ ન હોવાથી ઉપમારહિત-સ્વાભાવિક-પીડારહિત ત્રણરત્નના સારભૂત મોક્ષસુખને અનુભવે છે.

ઉપસંહાર

દુરહિગમ નિઉણ પરમત્થ
રુઇરબહુભંગ દિટ્ઠિવાયાઓ
અત્થા અણુસરિ અવ્વા
બંધોદય સંત કમ્માણં ॥૮૯॥
જો જત્થ અપડિપુન્નો,
અત્યો અપ્પાગમેણ બધ્ધોતિ
તં ખમિઉણ બહુસુઆ
પૂરેઉણં પરિકહંતુ ॥૯૦॥
ગાહગ્ગં સયરીએ
ચંદ મહત્તર મયાણુ સારીએ
ટીગાઈ નિઅમિઆણં
એગૂણા હોઈ નઉઈઓ ॥૯૧॥

ભાવાર્થ :- દુઃખે જાણીશકાય એવા સૂક્ષ્મબુધ્ધિએ ગમ્ય યથાસ્થિત અર્થવાળા આનંદકારી બહુભાંગા છે જેને વિષે એવા દ્રષ્ટિવાદ સુત્ર થકી બંધ-ઉદય અને સત્તાનાં વિશેષ અર્થો જાણવા.... ॥૮૯॥

અલ્પશ્રુત એવા મેં જયાં જે અપૂર્ણ અર્થ રચ્યો હોય તે ક્ષમા કરીને બહુ શ્રુતો તે - તે અર્થો મેળવીને સારી રીતે પ્રતિપાદન કરે ॥૯૦॥

ચંદ્ર મહત્તરાચાર્યને મતે સીતેર ગાથાઓ વડે કરીને આ ગ્રન્થ રચના

કરાયેલી છે. ટીકાકારે રચેલી નવી ગાથાઓ ઉમેરતાં ૮૯ ગાથાનો આ ગ્રન્થ થાય છે. ॥૯૧॥

સમાપ્ત

વિશેષાર્થ :- વિશેષ જાણવાની ઈચ્છાવાળા જીવને આચાર્ય ભગવંત કહી રહેલા છે કે દુઃખે કરીને જાણી શકાય તેવા ગંભીર અર્થવાળા સૂક્ષ્મ બુધ્ધીથી જાણી શકાય તેવા ઉત્કૃષ્ટ યથાસ્થિત અર્થ છે જેમાં. સૂક્ષ્મ-સૂક્ષ્મતર અર્થ જાણવામાં કુશળ પંડિતજનોને આલ્હાદકારી, ઘણાભાંગા છે એવું જે દ્રષ્ટિવાદ નામનું ૧૨મું અંગ તેમાંથી અત્રે જે અર્થ કહેલા ન હોય તે વિસ્તારથી દ્રષ્ટિવાદમાંથી જાણી લેવા ॥૮૯॥

અલ્પશાસ્ત્ર જાણ એવા મેં જે આ ગ્રન્થ રચ્યો છે. તેમાં મારા અપરિપૂર્ણ કહેવારૂપ અપરાધને ખમીને બહુશ્રુતોએ તે અર્થ પરિપૂર્ણ કરીને શિષ્ય-પ્રશિષ્ય શ્રાવકઆદિ ગણને વિષે કહેવો ॥૯૦॥

આ સપ્તતિકાગ્રન્થની ચંદ્રમહત્તરાચાર્યે ૭૦ જ ગાથાઓ રચેલી હતી તે માટે આ ગ્રન્થનું નામ સપ્તતિકા પડેલુ છે ટીકાકાર મહર્ષિએ આ ગ્રન્થ ભણવામાં કઠીન જાણીને ગ્રંથકર્તાની આજ્ઞા મુજબ જયાં જોઈએ ત્યાં ભાષ્યની ગાથાઓ ઉમેરીને ગ્રંથ સુલભ બનાવ્યો છે. માટે તેની ૮૯ ગાથા થાય છે. તથા ૨ પ્રક્ષેપ ગાથાઓ હોવાથી ૯૧ ગાથા થાય છે.

આ રીતે સપ્તતિકા નામક ષષ્ઠ કર્મગ્રન્થ સમાપ્ત



પૂજ્ય આચાર્યશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશનો

ક્રમ	પુસ્તક		રૂા. પૈસા
૧.	જીવવિચાર (બીજી આવૃત્તિ)	પ્રશ્નોત્તરી	૨૦-૦૦
૨.	દંડક ★	પ્રશ્નોત્તરી	૪-૦૦
૩.	નવતત્વ (બીજી આવૃત્તિ)	પ્રશ્નોત્તરી	૨૬-૦૦
૪.	કર્મગ્રંથ-૧ ★	પ્રશ્નોત્તરી	૬-૦૦
૫.	કર્મગ્રંથ-૨ ★	પ્રશ્નોત્તરી	૭-૦૦
૬.	કર્મગ્રંથ-૩ (બીજી આવૃત્તિ)	પ્રશ્નોત્તરી	૨૩-૦૦
૭.	કર્મગ્રંથ સત્તાપ્રકરણ ★	પ્રશ્નોત્તરી	૧૦-૦૦
૮.	ઉદય સ્વામિત્વ ★	પ્રશ્નોત્તરી	૧૫-૦૦
૯.	કર્મગ્રંથ-૪ ભાગ-૧ ★	પ્રશ્નોત્તરી	૧૫-૦૦
૧૦.	કર્મગ્રંથ-૪ ભાગ-૨	પ્રશ્નોત્તરી	૧૫-૦૦
૧૧.	કર્મગ્રંથ-૫ ભાગ-૧	પ્રશ્નોત્તરી	૧૫-૦૦
૧૨.	કર્મગ્રંથ-૫ ભાગ-૨	પ્રશ્નોત્તરી	૧૫-૦૦
૧૩.	લઘુ સંગ્રહણી ★	પ્રશ્નોત્તરી	૬-૦૦
૧૪.	જીવવિચાર-દંડક-લઘુ સંગ્રહણી(બીજી આવૃત્તિ)	પ્રશ્નોત્તરી	૪૦-૦૦
૧૫.	કર્મગ્રંથ-૫ ભાગ-૩	પ્રશ્નોત્તરી	૨૫-૦૦
૧૬.	કર્મગ્રંથ-૫ ભાગ-૪	પ્રશ્નોત્તરી	૧૮-૦૦
૧૭.	કર્મગ્રંથ-૧ તથા ૨	પ્રશ્નોત્તરી	૨૫-૦૦
૧૮.	કર્મગ્રંથ-૬ ભાગ-૧	પ્રશ્નોત્તરી	૨૧-૦૦
૧૯.	કર્મગ્રંથ-૬ ભાગ-૨	પ્રશ્નોત્તરી	૪૦-૦૦
૨૦.	કર્મગ્રંથ-૬ ભાગ-૩	પ્રશ્નોત્તરી	૩૧-૦૦
૨૧.	કર્મગ્રંથ-૬ ભાગ-૪	પ્રશ્નોત્તરી	૩૫-૦૦
૨૨.	કર્મગ્રંથ-૬ ભાગ-૫	પ્રશ્નોત્તરી	૩૮-૦૦

ક્રમ	પુસ્તક		રૂા. પૈસા
૨૩.	કર્મગ્રંથ-૬ - ભાગ-૬	પ્રશ્નોત્તરી	૩૫-૦૦
૨૪.	કર્મગ્રંથ-૬ ભાગ-૭+૮	પ્રશ્નોત્તરી	૨૪-૦૦
૧.	જીવવિચાર (બીજી આવૃત્તિ)	વિવેચન	૧૬-૦૦
૨.	નવતત્વ (બીજી આવૃત્તિ)	વિવેચન	૨૦-૦૦
૩.	કર્મગ્રંથ-૧	વિવેચન	૧૫-૦૦
૪.	ચૌદ ગુણસ્થાનક	વિવેચન	૧૬-૦૦
૫.	શ્રી જ્ઞાનાચાર		૧૬-૦૦
૬.	શ્રી જંબૂસ્વામી ચરિત્ર		૨૧-૦૦
૭.	દુર્ધ્યાન સ્વરૂપ દર્શન (બીજી આવૃત્તિ)		૨૬-૦૦
૮.	શ્રી જિનપૂજા		૪-૦૦
૯.	શ્રી શત્રુંજય માહાત્મ્ય-સર્ગ-૧		૭-૦૦
૧૦.	આંતરશત્રુઓ		૧૪-૦૦
૧૧.	ધર્મને ભજો આશાતના તજો		૭-૦૦
૧૨.	અનુભવવાણી સૂરિરામની ભાગ-૧		૩૮-૦૦
૧૩.	અનુભવવાણી સૂરિરામની ભાગ-૨		૩૮-૦૦
૧૪.	કલિકાળના કોહિનૂર (જૈનેતરની દૃષ્ટિએ)		૧૪-૦૦
૧૫.	કર્મગ્રંથ-૬ : વિવેચન - ભાગ-૧		૪૮-૦૦

❋❋❋

★ આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.



પદાર્થ દર્શન ટ્રસ્ટ
આશ્રમ રોડ, અમદાવાદ